# હસતાં હસતાં સુખિયાં થયાં

સંચયક: જયંતીભાઈ પટેલ

**Hastan Hastan Sukhiyan Thayan**

**Collection of Gujarati Jokes**

**By Jayantibhai Patel**

**(c) For this book, Jayantibhai Patel**

**First Edition August, 2014**

**Price $ 12.00**

**Printed in USA**

# નિવેદન

ગુજરાતી સાહિત્યમાં રમુજનો ફાલ તો ઘણો ઊતરે છે પણ આવા સંગ્રહ રૂપે બહુધા પ્રસિધ્ધ થતો નથી. વર્તમાનપત્રો કે સામયિકોમાં અવારનવાર પાંચ સાત ટુચકા કોઈ વિભાગમાં પ્રસિધ્ધ થાય છે ખરા. ક્યારેક કોઈ લેખને અંતે ખાલી રહેતી જગા પૂરવા પણ કેટલાક તંત્રીઃ સંપાદકો આ ટુચકાઓનો ઉપયોગ કરતા હોય છે.

સૌરાષ્ટ્રમાં આવી રમુજોના સમરંભો પણ યોજાતા હોય છે અને એની ઓડિયો એને વીડિયો પણ બનતી અને વેચાતી હોય છે.

આવા સંજોગોમાં આવા રમુજી ટુચકાઓનું એક પુસ્તક પ્રસિધ્ધ કર્યું હોય તો કેવું એવો મને વિચાર આવ્યો. આ પુસ્તક એ વિચારના પરિપાક રૂપે આપની સમક્ષ રજુ કરી રહ્યો છું. આપ સૌનો સારો પ્રતિભાવ મળશે તો આવું બીજું પુસ્તક પણ પ્રસિધ્ધ કરવાની મારી ઈચ્છા છે.

ઈંગ્લેન્ડ, અમેરિકા તથા ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાંના વાંચકો પણ આ પુસ્તકનો લાભ લઈ શકે એ આશયથી મારાં બીજાં પુસ્તકોની જેમ આને પણ અમેરિકાના ક્રિયેટ સ્પેસના માધ્યમથી પ્રસિધ્ધ કરી રહ્યો છું.

આ પુસ્તક મુસાફરીમાં કે કામમાં જ્યાં કંટાળો આવે ત્યારે બે ઘડી પાંચસાત પાનાં ફેરવીને મનને પ્રફુલ્લિત કરવામાં આપને મદદ કરશે એની મને ખાતરી છે.

મારે એ સ્વીકારવું જોઈએ કે આમાં મારું કહેવાય એવું બહું ઓછું છે. આ પુસ્તકમાં છે કાંઈ છે તે સાહિત્યને ખૂણે ખાંચરેથી એકઠું કરીને, ટાઈપ કરીને, વ્યવસ્થિત ગોઠવીને મેં આમાં રજૂ કર્યું છે.

આ રમુજી ટુચકાઓને વિષયવાર જુદા જુદા વિભાગો પાડીને મૂકવાની સલાહ એક મિત્રે આપેલી પણ એક જ વિષયની રમુજો સામટી વાંચતાં વાંચક કંટાળી જાય ને એને હસવાને બદલે ગુસ્સે થવાનું મન ન થાય એટલે મેં એ વિચારને પડતો મૂક્યો છે.

મને લાગે છે કે આવી વિભાગ પાડ્યા સિવાયની રમુજો વાંચકને પ્રફુલ્લિત અને હસતો રાખવામાં મદદરૂપ થશે.

આપનું કોઈ સૂચન હોય તો મને આ સરનામે જણાવશો. jd4books@gmail.com

હું છું આપનો

જયંતીભાઈ પટેલ

# હસતાં હસતાં સુખિયાં થયાં

જયંતીભાઈ પટેલ

'આ રૂમનું ભાડું કેટલું છે?'

'૧૦૦૦ રૂપિયા.'

'પણ હું તો કવિ છું, કાંઈક વાજબી....'

'તમારે છ મહિનાનું ભાડું એડવાન્સ આપવું પડશે...'

¤¤¤

પત્નીઃ 'કહું છું સાંભળો છો?'

પતિઃ 'હં.....'

પત્નીઃ 'અત્યારે માર્કેટમાં તેજી ઘણી છે. તમે પ્રોપર્ટીમાં ઈન્વેસ્ટ કરો.'

પતિઃ 'પહેલાં તું પ્રોપર-ટી (ચા) તો બનાવતાં શીખ, પછી મને પ્રોપર્ટીની શિખામણ આપજે.'

¤¤¤

શિક્ષકઃ 'આફ્રિકાના અનેક વિસ્તારોમાં નિશાળ જ નથી. તો કહો આપણે શાને માટે પૈસા બચાવવા જોઈએ?'

એક વિદ્યાર્થીઃ 'સાહેબ, આફ્રિકા જવા માટે.'

¤¤¤

છગનઃ 'દાક્તર જલ્દી આવો. મારો દીકરો રેઝર બ્લેડ ગળી ગયો છે.'

દાક્તરઃ 'હું તરત જ આવું છું પણ તમે એ અંગે કાંઈ કર્યું છે?'

છગનઃ 'હા મેં ઈલેક્ટ્રીક શેવરથી દાઢી કરી લીધી છે.'

¤¤¤

છગન (ડોક્ટર સાહેબને): 'મને છેલ્લા પંદર દિવસથી મારા પલંગ નીચે કોઈ હોય એવો ભાસ થાય છે. તેની દવા શું? અને ખર્ચ કેટલો થશે?'

ડૉક્ટર: 'દસ હજાર.'

થોડા દિવસો પછી છગન ડોક્ટર સાહેબને રસ્તામાં મળ્યો.

ડોક્ટર: 'છગનભાઈ, તમે તો પછી આવ્યા જ નહીં!'

છગન: 'સાહેબ 100 રૂ.માં પતી ગયું.'

ડૉક્ટર: 'કેવી રીતે?'

છગન: 'મિસ્ત્રીને બોલાવીને પલંગના ચારેય પાયા કપાવી નાખ્યા!'

¤¤¤

છોકરી: 'તું મને પ્રેમ કરે છે?'

છોકરો: 'હા, વહાલી.'

છોકરી: 'તું મારા માટે મરી શકે?'

છોકરો: 'ના, હું અમરપ્રેમી છું.'

¤¤¤

ચંદુ ઑફિસે જવા નીકળ્યો. એની મમ્મીએ કહ્યું: 'બેટા, ચા પીવી છે?'

'ના મમ્મી! ચા પીને ઑફિસે જવાનું મને ગમતું નથી.'

'કેમ, બેટા?'

'કારણ કે ચા પીધા પછી મને ઊંઘ નથી આવતી....'

¤¤¤

સોનુએ મોનુને પૂછયુંઃ ‘તું પરણી તો ગયો પણ ઘરવાળીનું નામ તો કહે.’

મોનુઃ ‘ગૂગલ.’

સોનુઃ ‘આવું નામ કાં?’

મોનુઃ ‘તમે એક સવાલ પૂછો તો દસ જવાબ આપે છે એટલે.’

¤¤¤

રામુ ઝાડ પર ઊંધો લટકતો હતો. શ્યામુએ આ જોયું. એટલે પૂછ્યું: ‘તું ઝાડ પર ઊંધો થઈને કેમ લટકી રહ્યો છે?’

શ્યામુઃ ‘માથાના દુઃખાવાની ગોળી ખાધી છે, તે ક્યાંક પેટમાં ન જતી રહે એટલે....’

¤¤¤

ખેતીવાડી કૉલેજનો ગ્રેજ્યુએટ થઈને તાજો જ પાછો ફરેલો કપિલ પાડોશના ખેડૂતને કહેઃ ‘તમારા લોકોની ખેતી કરવાની પદ્ધતિ હજુ સાવ જૂનીપુરાણી છે. મને ખાતરી છે કે પેલી જામફળીમાંથી દસેક કિલો જામફળ પણ તમે નહીં લેતા હો.’

‘વાત તો ખરી છે.’ ખેડૂત બોલ્યો, ‘એ સીતાફળી છે.’

¤¤¤

અબજોપતિ જય પોતાના શ્રીમંત મિત્ર વીરુને કહી રહ્યો હતો કે ‘હું સવારે મારી કારમાં બેસીને નીકળું તો સાંજ સુધીમાં મારી અડધી મિલકત પણ ન જોઈ શકું.’

વીરુઃ ‘એમાં કઈ મોટી વાત છે. મારી પાસે પણ એવી ખટારા કાર છે.’

¤¤¤

દાંતના ડૉકટરઃ ‘તમારો દાંત કાઢી નાખવો પડશે.’

દર્દી: ‘કેટલા પૈસા થશે?’

ડૉક્ટર: ‘પાંચ સો રૂપિયા.’

દર્દી: ‘આ પચાસ રૂપિયા લો. દાંતને ઢીલો કરી દો, પછી તો હું જાતે કાઢી લઈશ....’

¤¤¤

પત્ની: ‘આ શું લાવ્યા છો?’

પતિ : હું નાટકની ટિકિટો લાવ્યો છું.

પત્ની: ‘વાહ! હું હમણાં જ તૈયાર થવા માંડુ છું.’

પતિ: ‘હા, એ બરાબર, અત્યારથી તૈયાર થા તો તું તૈયાર થઈ રહીશ. કારણ કે ટિકિટો આવતીકાલની છે.’

¤¤¤

એક બહુ પૈસાદારની દીકરીને ગરીબ કુટુંબ વિશે નિબંધ લખવાનો હતો. એણે નિબંધ આ રીતે લખવા માંડ્યો: ‘એક ગરીબ કુટુંબ હતું. એમાં મા ગરીબ હતી, તેનાં બે બાળકો ગરીબ હતાં, એમનો રસોયો ગરીબ હતો ને એમનો માળી પણ ગરીબ હતો....’

¤¤¤

પતિ: ‘તું નકામી લમણાઝીંક કરે છે. આ કૂતરાંને તું ક્યારેય કશું શીખવી શકવાની નથી!’

પત્ની: ‘તમે વચ્ચે ન બોલો. એમાં ધીરજની જરૂર છે. તમારી સાથે મારે કેટલો સમય બગાડવો પડ્યો હતો?’

¤¤¤

ચમનાના થોબડા સામે જોતાં ફોટોગ્રાફરે પુછ્યું: ‘તારે નાનો ફોટો પડાવવાનો છે કે મોટો?’

‘નાનો ફોટો, પ્લીઝ.’

'તો તારા મોટા મોટા હોઠવાળું મોઢું બંધ રાખ.' ફોટોગ્રાફરે મો બગાડતાં જવાબ આપ્યો.

¤¤¤

દાક્તર: 'જોયું ને પળેજી પાળવાથી કેટલો ફાયદો થાય છે! હવેથી તમે દાદરો ચઢી ઊતરી શકશો.'

છગન: 'આભાર દાક્તર સાહેબ, પંદર દિવસથી દોરડું પકડીને બેબે માળ ચઢવા ઊતરવાનું ને બારીમાંથી અંદર પેસવા નીકળવાનું બહુ અઘરું પડતું હતું.'

¤¤¤

નટુ: 'કેમ આટલો બધો મૂંઝાયેલો દેખાય છે?

ગટુ: 'ઘેર તારી ભાભી સાથે ઝઘડો થઈ ગયો હતો. એણે અઠવાડિયા સુધી નહિ બોલવાની ધમકી આપી છે.'

નટુ: 'અરે એ તો આનંદની વાત છે! અઠવાડિયું જલસા કર!'

ગટુ: 'શેના જલસા! આજે અઠવાડિયાનો છેલ્લો દિવસ છે!'

¤¤¤

ચમનાએ ગેસ પાઈપ લાઈન કંપનીમાં ફોન કર્યો: 'હલો, જલ્દીથી આ સરનામે પહોંચો અમારી ગેસ પાઈપ લાઈન લીક થઈ છે.'

'તમે કાંઈ કર્યું છે ખરું?' ગેસ કંપનીવાળાએ, એણે સલામતીનાં કયાં પગલાં લીધાં એ માટે પૂછ્યું.

'અરે, હા મેં પાણીની ડોલ લીકેજ નીચે મૂકી દીધી છે.' ચમનાએ ઉતાવળે જવાબ આપ્યો.

¤¤¤

ગટ્ટુએ એના પિતાને કહ્યું: ‘મોટો થઈને હું ધ્રુવ પ્રદેશની સફરે જવા માગું છું. એને માટે મેં અત્યારથી જ તાલીમ લેવાનું નક્કી કર્યું છે.’

પિતા: ‘તું તાલીમ કેવી રીતે લેવા માગે છે?’

ગટ્ટુ: ‘તમે મને રોજ પાંચ રૂપિયા આપજો. હું એનાથી આઈસ્ક્રીમ ખાઈશ એટલે ત્યાંની ઠંડીની મને અસર જ ન થાય.’

¤¤¤

એક ગાંડાએ બીજાને કહ્યું: ‘હા, હા સૂર્ય જ છે ભાઈ.’

બીજો: ‘ના, ના ચંદ્ર છે ચંદ્ર.’

બન્ને વચ્ચે ખાસી ખેચતાણી ચાલી. અંતે એમણે હતી એટલી બુદ્ધિ વાપરીને ત્રીજા કોઈને પૂછ્યું: ‘અરે ભાઈસાબ, આ સૂર્ય છે કે ચંદ્ર?’

ત્રીજો: ‘મને ના પૂછશો. હું અહીં નવો નવો આવ્યો છું.’

¤¤¤

પેલી એક વાત તો જાણીતી જ છે કે દાક્તરના અક્ષરો તો કેમીસ્ટો જ ઉકેલી શકે. આવો જ અનુભવ અમારા દાક્તર મનસુખને થયેલો.

એમને એક સભામાં ભાષણ આપવાનું હતું. એમણે મહેનત કરીને એમના ભાષણના મુદ્દા એક કાપલી પર લખી રાખ્યા હતા. પણ જ્યારે એ ભાષણ આપવા ઊભા થયા ત્યારે જ કમબખ્તી ઊભી થઈ. એમનું લખેલું એમને જ ઉકલે નહીં.

છેવટે એમણે માઈક પરથી એનાઉન્સ કરવું પડ્યું: ‘સભામાં કોઈ કેમીસ્ટ છે?’

¤¤¤

મોન્ટુ: 'જો હું બસમાં ચઢું કે બસ મારી પર ચઢે, એમાં ફેર શું?'

પિન્ટુ: 'કોઈ ફેર નહીં. બંનેમાં ટિકિટ તો તારી જ કપાશે.'

¤¤¤

'ચીકી, તું ચોકલેટ કેમ ખાતી નથી?' મમ્મીએ પુછ્યું.

'મમ્મી, બુધિયાને આવવા દે.'

'કેમ?' મમ્મીએ નવાઈથી પુછ્યું.

'ચોકલેટનો સ્વાદ ત્યારે જ સારો લાગે છે જ્યારે બીજો કોઈ જોઈ રહ્યો હોય.' ચીકીએ હસતાં હસતાં જવાબ આપ્યો.

¤¤¤

દર્દી: 'આ જોખમી ઑપરેશનમાંથી હું બચી શકીશ ખરો?'

સર્જ્યન: 'તમે ચોક્કસ બચી જશો કારણ કે આવા ઑપરેશનમાં બચવાના ચાન્સ દસે એક હોય છે ને તમે મારા દસમા દર્દી છે.'

¤¤¤

એક દારૂડિયાને પોલીસે અટકાવ્યો: 'ક્યાં જાય છે?'

દારૂડિયો: 'દારૂના ગેરફાયદા વિશે લેકચર સાંભળવા.'

પોલીસ: 'અત્યારે રાત્રે?' ?

દારૂડિયો: 'હા. ઘરે જાઉં છું.'

¤¤¤

ટીના: 'અચાનક તું બહુ બચત કરવા માંડી છે ને કંઈ!'

મીના: 'હા, મારા પતિની છેલ્લી ઈચ્છા એ જ હતી. ડૂબતી વખતે તેઓ એમ જ કહેતા રહ્યા, બચાવો...બચાવો....'

¤¤¤

દરેક મા એવું ઈચ્છે છે કે પોતાને મળ્યો એના કરતાં વધારે સારો વર પોતાની દીકરીને મળે ને પુત્રને પોતાના જેવી સમજુ અને ઘરરખ્ખુ પત્ની મળે.

¤¤¤

લગ્નજીવનની સફળતાનું રહસ્ય માત્ર ત્રણ જ શબ્દોમાં રહેલું છે: ‘ઓકે, ખરીદી લે....’

¤¤¤

ટીચર: ‘જેના બન્ને હાથ ન હોય એને હિન્દી અને અંગ્રેજીમાં શું કહેવાય?’

ટીનુ: ‘હિન્દીમાં ‘ઠાકુર’ અને ઈંગ્લીશમાં ‘હેન્ડ ફ્રી!’

¤¤¤

બહેને ભાઈને પૂછ્યું: ‘મારી પાસે બધા રંગ છે આ ચિત્રમાં ભરવા માટે, બતાવ કયો રંગ આ ચિત્રમાં ભરું?’

ભાઈએ જવાબ આપ્યો: ‘પણ એક રંગ તો નથી.’

બહેન: ‘કયો રંગ?’

ભાઈ: ‘સુરંગ.’

¤¤¤

પત્ની: ‘તમારી સાથે જીવવા કરતાં તો મોત આવે તો સારું!’

પતિ: ‘મનેય એવું જ થાય છે કે આનાં કરતાં તો મરી જાઉં તો સારું.’

પત્ની: તો તો ભૈ સાબ મારે મરવુંય નથી.’

¤¤¤

મેં પાણી સાથે વોડકા લીધો ને ચડી ગઈ,

મેં પાણી સાથે વ્હીસ્કી લીધી ને પછી ચડી ગઈ,

વળી મેં પાણી સાથે રમ લીધો ને ચડી ગઈ, ચાલો હવે આજથી સોગંધ ખાઉં છું કદી પાણી નહિ લઉં.

¤¤¤

અમેરિકન, રશિયન અને ભારતીય એક એવા દેશમાં ગયા જ્યાં ડોલરનો વરસાદ પડતો હતો.

અમેરિકને એક સ્ટેડીયમ જેટલું વર્તુળ દોરીને કહ્યું કે આમાં પડે એટલા બધા મારા.

રશિયને મોટા ગામ જેટલું વર્તુળ દોરીને કહ્યું કે આમાં જેટલા પડે એટલા મારા.

ભારતીય શાંતિથી બેઠો હતો.

ધીમે રહીને તે ઊભો થયો. ખિસ્સામાંથી પેન કાઢીને જમીન પર એક ટપકું કર્યું અને બોલ્યો: 'આની બહાર જેટલા પડે એટલા બધા મારા!'

¤¤¤

પોતાના નવા શિષ્યને બોક્સિંગ અંગે બધી સમજણ પાડીને માસ્ટરે કહ્યું: 'તારો કોર્સ પૂરો થયો. બોલ તારે બીજું કંઈ જાણવું છે?' ?

શિષ્ય: 'સર, આ કોર્સ પત્રવ્યવહારથી શીખી શકાય?'

¤¤¤

'એકાઉન્ટન્ટ નવલકથા કેમ વાંચતા નથી.'

'કારણ કે એમાં પાન નંબર સિવાય ક્યાંય આંકડા હોતા નથી.'

¤¤¤

બૉસ: 'અમે એક એવા કર્મચારીની શોધમાં છીએ જે ખૂબ જવાબદાર હોય.'

ઉમેદવાર: 'તમારી શોધ પૂરી થઈ ગઈ સમજો. આ પહેલાં હું જે કંપનીમાં હતો ત્યાં કોઈ પણ ભૂલ થાય તેને માટે હું જ જવાબદાર રહેતો...'

¤¤¤

હાસ્ય-પ્રેમ ની ભષા છે.

હાસ્ય-હૃદય જીતવાની કળા છે.

હાસ્ય-તમારી પ્રતિભામાં વધારો કરે છે.

તો હવે આજથી બ્રશ કરવાનું ચાલુ કરી દો.

¤¤¤

ન્યાયાધીશ: 'ચોરી માટે તને ત્રણ વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.'

ચોર: 'માય લોર્ડ, ચોરી તો મારા ડાબા હાથે કરી છે તો આખા શરીરને સજા શા માટે?'

ન્યાયાધીશ: 'સારું, તો તારા ડાબા હાથને સજા થશે, જા. ચોર પોતાનો લાકડાનો ડાબો હાથ કાઢી આપ્યો અને ચાલતી પકડી.'

¤¤¤

એક સુંદર છોકરીએ કરિયાણાનો થોડોક સામાન પોતાની ગલીના એક છોકરા પાસે મંગાવ્યો...

છોકરો જ્યારે સામાન લેવા ગયો તો ૩૦ રૂપિયા ઓછા પડ્યા. એટલે એણે પોતાની પાસેથી તે ચૂકવી દીધા.

ઘેર પાછા ફરીને છોકરાએ એ છોકરીને કહ્યું: '૩૦ રૂપિયા ઓછા હતા, મેં આપી દીધા...'

છોકરીએ સાંભળીને બોલી: 'આઈ લવ યૂ.'

એ સાંભળીને છોકરો બોલ્યો: 'વાયડી થા મા...આ પ્રેમ-બ્રેમ પછી કરજે, પહેલાં 30 રૂપિયા લાવ.'

¤¤¤

એક કંપનીનો માલિક એના દોસ્તને: 'થાકી ગયા, યાર. કેટલાય સમયથી એકાઉન્ટન્ટને શોધીએ છીએ.'

દોસ્ત: 'પણ મને તો યાદ છે કે તમે કેટલાક સમય પહેલાં એક એકાઉન્ટન્ટને નોકરીમાં રાખ્યો હતો. તેનું શું થયું?'

'એની જ તો આ રામાયણ છે. અમે એને જ ચાર મહિનાથી શોધીએ છીએ.'

¤¤¤

ગટુ: 'અલ્યા ચિંટુ, તને ખબર છે, મમ્મી અને પત્ની વચ્ચે શો તફાવત?'

ચિંટુ: 'ના, શું તફાવત ?'

ગટુ: 'મમ્મી રડતા રડતા આ દુનિયામાં આપણને લાવે છે. જ્યારે પત્ની એ ખ્યાલ રાખે છે કે આપણું રડવાનું ક્યાંક બંધ ના થઈ જાય!'

¤¤¤

માલિક: 'આજે તેં રોટલી પર વધારે ઘી લગાવી દીધું છે.'

નોકર: 'ભૂલ થઈ ગઈ. કદાચ મેં તમને ભૂલમાં મારી રોટલી આપી દીધી છે.'

¤¤¤

બે બાળકો ડૉક્ટરના ક્લિનિકની બહાર બેઠા હતા.

એક બાળક રડતો હતો.

બીજો: ‘કેમ રડે છે?’

પહેલો: ‘આજે મારો બ્લડ ટેસ્ટ થવાનો છે મારી આંગળી કાપીને બ્લડ લેશે.’

બીજો પણ રડવા માંડ્યો: ‘અરે, તું કેમ રડવા માંડ્યો?’

‘તને ખબર છે આજે મારો યૂરીન ટેસ્ટ છે.’

¤¤¤

સંતા તેને સાસરે ગયો.

સાસુએ સાત દિવસ સુધી પાલકની ભાજી ખવડાવી.

સંતા આખરે કંટાળ્યો.

આઠમા દિવસે સાસુએ પૂછ્યું: ‘જમાઈ, આજે શું ખાશો?’

સંતા: ‘મને પાલકનું ખેતર દેખાડી દો, જાતે જઈને ચરી આવું છું.’

¤¤¤

‘તમે બેઉ અદાલતની બહાર જઈને સમાધાન કેમ નથી કરી લેતાં?’ છૂટાછેડાની અરજી કરનારાં એક દંપતીને ન્યાયમૂર્તિએ કહ્યું.

‘નામદાર, અમે એ જ કરી રહ્યાં હતાં, પણ ત્યાં જ પોલીસે અમને જાહેર શાંતિનો ભંગ કરવા માટે પકડ્યાં!’

¤¤¤

લગ્નો સ્વર્ગમાં ગોઠવાય છે એવું કહેવાય છે,

અને લગ્ન પછી નર્કનું નિર્માણ થાય છે.

¤¤¤

શિક્ષક: ‘દિલ્હીમાં કુતુબ મિનાર છે.’

મોન્ટુ કલાસમાં સૂઈ ગયો હતો. શિક્ષકે એને જગાડ્યો અને ગુસ્સામાં આવીને પૂછ્યું: 'મેં હમણાં શું કહ્યું?'

મોન્ટુ ઊંઘમાંથી ઊઠ્યો અને બોલ્યો: 'દિલ્હીમાં કુત્તા બિમાર છે.'

¤¤¤

છગનનું ઓપરેશન કરવા માટે ડોક્ટર જયારે બેહોશીનું ઈન્જેક્શન લગાવવા ગયા ત્યારે એકાએક છગન બોલ્યો: 'ડોક્ટર સાહેબ, એક મિનિટ જરા ઉભા રહો!'

ડોક્ટર ઊભા રહી ગયા. છગને પોકેટમાંથી તેનું પર્સ કાઢ્યું.

આ જોઈને ડોક્ટર સાહેબ બોલ્યા: 'અરે ભાઈ, ફીની ક્યાં ઉતાવળ છે? લઈ લઈશું એ તો...'

છગન: 'ફી ની તો મને પણ ઉતાવળ નથી, ડોક્ટર સાહેબ. હું તો મારા રૂપિયા ગણી રહ્યો છું!'

¤¤¤

ગટુ: 'મારી પત્નીની યાદશક્તિ ભયંકર ખરાબ છે.'

નટુ: 'કેમ? એમને કશું યાદ નથી રહેતું કે શું?'

ગટુ: 'ના યાર, એને બધું જ યાદ રહે છે.'

¤¤¤

એક આંકડાશાસ્ત્રીને એવી ટેવ કે જ્યાં રસ્તા ક્રોસ થતા હોય ત્યાં ઝડપથી કાર ચલાવીને રોડ ક્રોસ કરી લે.

એક દોસ્તે આનું કારણ પૂછ્યું તો કહે: 'આંકડાશાસ્ત્ર ચોખ્ખું કહે છે કે મોટાભાગના અકસ્માત આવાં ક્રોસિંગ પર જ થતા હોય છે.'

¤¤¤

એક મચ્છર છગનને દિવસે કરડ્યું.

છગને એને પૂછ્યું: 'તું તો રાત્રે કરડે છે ને? આજે દિવસે કેમ?'

મચ્છર: 'શું કરું? ઘરની પરિસ્થિતિ બહુ ખરાબ છે.... આજકાલ ઑવરટાઈમ કરવો પડે છે...!'

¤¤¤

શિક્ષકે ગોપીને કહ્યું: 'ચાલ, હું આજે તારુ જી.કે ટેસ્ટ કરું છું. બતાવ, આપણા પ્રધાનમંત્રી કોણ છે?

ગોપી: 'મને નથી ખબર, સાહેબ.'

શિક્ષક: 'હવે, એ તો ખબર હશે કે તારા પપ્પાની બાઈકને એક કિલોમીટર જતાં કેટલો સમય લાગે છે?'

ગોપી: 'મને નથી ખબર.'

શિક્ષક: 'સારુ, બતાવ તારી મરઘી કેટલા ઈંડાં આપે છે?'

ગોપી: 'સર, એ પણ નથી જાણતો.'

શિક્ષક: 'હું તને એક દિવસ આપુ છુ, કાલે હું તને ફરી પૂછીશ, ઘરેથી યાદ કરી લાવજે.'

સાંજે ગોપીએ ઘરે જઈને મમ્મીને પૂછ્યું: 'મમ્મી, આપણા પ્રધાનમંત્રી કોણ છે?'

મમ્મી: 'બેટા, મનમોહન સિંહ.'

ગોપીએ વાડામાં જઈને જોયું કે મરઘીએ કેટલા ઈંડા આપ્યાં છે? અને પછી પપ્પાને પૂછ્યું કે તમારી બાઈકને એક કિલોમીટર જતાં કેટલો સમય લાગે છે?

બીજા દિવસે શિક્ષકે કહ્યું: 'બતાવ ચાલ તે શું યાદ કર્યું?'

ગોપી તરત જ ઊભો થઈને બોલ્યો: 'મેડમ, પ્રધાનમંત્રી મનમોહનસિંહે 50 મિનિટમાં 20 ઈંડાં આપ્યાં.'

¤¤¤

પ્રેમ સિગાર જેવો છે.આગ સાથે શરૂ થાય,

ધુમાડા સાથે આગળ વધે

ને રાખ સાથે સમાપ્ત થાય.

કોઈ વાંધો નહિ હું તો ચેઈન સ્મોકર છું.

¤¤¤

એક છોકરીના લગ્ન એક વહેમી માણસ સાથે થઈ ગયાં!

એ આફિસ ગયો ત્યાંથી ફોન કર્યો પત્નીને: 'કયાં છે?'

પત્ની: 'ઘરે.'

પતિ: 'મિક્સર ચલાવી બતાવ.'

પત્નીએ મિક્સર ચાલુ કર્યું. અવાજ આવ્યો: ગરુરુરુ.

બીજા દિવસે પણ ફોન કર્યો: 'ક્યાં છે?'

પત્ની: 'ઘરે.'

પતિ: 'મિક્સર ચલાવી બતાવ.'

પત્નીએ મિક્સર ચાલુ કર્યું: ગરુરુરુરુ

એક દીવસે એ સીધો ઘરે જ પહોંચી ગયો ...

નોકરાણી ઘરમાં હતી.

પતિ: 'શેઠાણી કયાં છે?'

'એ તો તમે આફિસ ગયા ત્યારે જ મિક્સર લઈને નીકળી ગયાં.'

¤¤¤

એક જણે પોતાના મિત્ર પાસે કબૂલાત કરી: 'ધોબી પાસે કપડાં ધોવરાવીને, હૉટલનું ખાઈને અને કાણાંવાળાં મોજા પહેરીને હું કંટાળેલો, એટલે પછી પરણી ગયો.'

'માળું, એ તો અચરજ કહેવાય!' મિત્રે જવાબ વાળ્યો, 'કેમ કે એ જ કારણોસર મેં તો છૂટાછેડા લીધા!'

¤¤¤

બે સમાજકલ્યાણ અધિકારીઓ પસાર થતા હતા ત્યાં બાજુમાંથી અવાજ આવ્યો: 'કોઈ મને મદદ કરો. કોઈ બદમાસે મારો પગ ભાંગી નાખ્યો છે ને મને લૂટી લીધો છે.'

બેય જણા એની નજીક ગયા. એને જોયો ને પાછા પોતાને રસ્તે પડ્યા. રસ્તામાં એક જણ બીજાને કહે: 'જેણે આ કામ કર્યું હોય એ જો મળી જાય તો એને સુધારવાનું કામ કરવા જેવું પૂન્ય જગતમાં બીજું કાંઈ નથી.'

¤¤¤

યુવતી: 'કાલે મારો બર્થ-ડે છે.'

યુવક: 'એડવાન્સમાં હેપી બર્થ-ડે.'

યુવતી: 'શું ગિફ્ટ આપીશ?'

યુવક: 'શું જોઈએ?'

યુવતી: 'રિંગ.'

યુવક: 'રિંગ આપીશ, પણ ફોન નહીં ઉપાડતી. એમાં બેલેન્સ નથી.'

¤¤¤

ભાડૂત: 'બહાર ભારે વરસાદ પડે છે અને છતમાં કેટલીય જગ્યાએથી પાણી પડે છે, એ મેં તમને અનેક વાર કીધેલું છે; તો આમ ક્યાં સુધી ચાલશે?'

મકાનમાલિકઃ ‘મને કેમ ખબર પડે? હું કાંઈ હવામાનશાસ્ત્રી થોડો છું!’

¤¤¤

સંતાઃ ‘આ ડૉક્ટરો ઑપરેશન કરતાં પહેલાં દર્દીને બેહોશ કેમ કરી દે છે?’

બંતાઃ ‘જો દરેક વ્યક્તિ ઑપરેશન કરવાનું શીખી જાય તો પછી એમનો ધંધો કેવી રીતે ચાલે?’

¤¤¤

છોકરો ઈતિહાસની ચોપડી વાંચી રહ્યો હતો, એટલામાં તે મૂંઝવાયો એટલે તેનાં પપ્પાને તેણે પૂછ્યુંઃ ‘પપ્પા તમે ક્યારેય ઈજિપ્ત ગયા છો?’

પપ્પાઃ ‘ના, કેમ શું થયું?’

છોકરોઃ ‘તો પછી તમે આ મમ્મીને ક્યાંથી લાવ્યા?’

¤¤¤

નટખટ નીતાના પપ્પાએ કહ્યું : ‘મને સંગીત પ્રત્યે ખૂબ જ રસ છે. મારી નસેનસમાં સંગીત જ સંગીત છે!’

‘હા પપ્પા, તમે રાત્રે ઉંઘી જાઓ છો ત્યારે તમારી બધી જ નસોમાં રહેલું સંગીત નસકોરાં દ્વારા પ્રગટ થવા લાગે છે!’

¤¤¤

વરરાજા લગ્ન સમયે ઘોડા પર કેમ બેસતા હશે?

છેલ્લો ચાન્સ છે ભાગી છુટવાનો માટે.

¤¤¤

એક વખત ત્રણ છોકરા લેકને કિનારે ફરતા હતા ત્યાં તેમણે કોઈની ચીસો સાંભળીઃ ‘બચાવો, બચાવો.’

એમણે ત્યાં જઈને જોયું તો એક માણસ ડૂબતો હતો. તેમણે કૂદી પડીને એને બચાવી લીધો. પછી એમને ખબર પડી કે એ તો પ્રેસિડેન્ટ હતા. એમણે છોકરાઓને કહ્યું: 'તમે મારો જાન બચાવ્યો છે. કહો હું તમારે માટે શું કરું?'

એક છોકરો કહે: 'મારે બોટ જોઈએ છીએ.'

બીજો છોકરો કહે: 'મારે ટ્રક જોઈએ છીએ.'

ત્રીજો કહે: 'અમારા ત્રણેયની કબર પર મૂકવા માટેના અમારા નામના પથ્થર કોતરાવી આપો.'

એની આવી માગણીથી ગૂંચવાતાં પ્રેસિડેન્ટ કહે: 'આવી બેહુદી મગણી કેમ?'

તો પેલો કહે: 'અમે તમને ડૂબતા બચાવ્યા છે એમ જાણશે તો અમારો બાપ અમને જીવતા જ નહીં મૂકે.'

¤¤¤

યુવતી: 'જોજે તને તો નરકમાં પણ જગ્યા નહીં મળે.'

યુવક: 'ભલે ને! કોઈ ચિંતા નહીં. કારણ કે હું બધી જગ્યાએ તારી સાથે આવવા પણ નથી માગતો!'

¤¤¤

છગન ફેસબુક વાપરતો પણ જયારે જયારે 'લોલ (lol)' લખેલું જુએ ત્યારે વિચારે કે આ લોલ એટલે શું હશે?

બહુ વિચારીને એને લાગ્યું કે લોલ એટલે 'લોટ્સ ઓફ લવ' થતું હશે.

એકવાર એની ગર્લ ફ્રેન્ડને એણે આ રીતે મેસેજ કર્યો: 'પ્રિયે, મારા જીવનની એક માત્ર છોકરી તું જ છો... LOL'

¤¤¤

માલિક તેનાં નોકરને: 'અહીં બહુ બધા મચ્છરો ગણગણી રહ્યાં છે, તું બધાને મારીને પાડી દે.'

થોડીવાર પછી...

માલિક: ‘અરે રામુ, તને મેં મચ્છરોને મારી નાંખવાનું કહ્યું’તું, તેં હજુ સુધી એ કર્યું નથી?’

રામુ: ‘માલિક મચ્છરોને તો મેં મારી નાખ્યાં. આ તો એમની પત્નીઓ છે, જે વિધવા થયા પછી રોઈ રહી છે.’

¤¤¤

‘તું તો બહુ સરસ સ્વિમિંગ કરે છે.... ક્યાં શીખ્યો?’

‘પાણીમાં... બીજે ક્યાં?’

¤¤¤

એક નેતાજી એક વખત ગાંડાની હૉસ્પિટલની મુલાકાતે ગયા હતા. એમણે ત્યાંના દાક્તરને પૂછ્યું: ‘તમે કેવી રીતે જાણી શકો કે દર્દી સાજો થઈ ગયો છે?’

દાક્તર: ‘અમે એના હાથમાં એક કપ અને એક ચમચી આપીએ છીએ અને એને પાણીથી ભરેલું ટબ ખાલી કરવાનું કહીએ છીએ.’

નેતાજી: ‘પછી એ ચમચીને બદલે કપથી ટબ ખાલી કરવા માંડતો હશે.’

દાક્તર: ‘ના, એ ટબનો વાલ્વ ખોલી નાખે છે.’

નેતા: ‘ટબ ખાલી કરવા માટેનો પણ વાલ્વ હોય છે?’

¤¤¤

સંતા-(બંતાને): ‘તને જ્યારે ઠંડી લાગે છે ત્યારે તું શું કરે છે?’

બંતા: ‘હું હિટરની પાસે બેસી જઉં છું.’

સંતા: ‘તો પણ તારી ઠંડી ન ભાગે તો?’

બંતા: ‘પછી હું હિટર ચાલુ કરી દઉં છું.’

¤¤¤

પપ્પા: ‘સંજુ, જરા તારો મોબાઈલ આપ તો…’

સંજુ: ‘એક મિનિટ પપ્પા, સ્વિચ ઓન કરીને આપું છું.’

એમ કહીને સંજુએ ધડાધડ આઈટમ ગર્લ્સના ફોટા ઉડાવી દીધા, બધી છોકરીઓના મેસેજ અને નંબર ડિલીટ કરી નાખ્યા. આવેલા કોલ ડિલીટ કરી નાખ્યા અને મેમરી કાર્ડ સુદ્ધાં ફોર્મેટ કરી નાખ્યું.

‘હા, પપ્પા, હવે લ્યો…’

પપ્પાઃ ‘થેંક્યુ…. કંઈ નહીં…. આ તો મારી ઘડિયાળ બંધ પડી ગઈ છે એટલે માત્ર ટાઈમ જોવો હતો.’

¤¤¤

મરઘીએ બાજ સાથે લગ્ન કર્યાં

મરઘો ગુસ્સે થઈ બોલ્યોઃ ‘અમે મરી ગયા’તા?’

મરઘીએ કહ્યુંઃ ‘હું તો તારી સાથે જ લગ્ન કરવા માગતી હતી, પણ મારાં મમ્મી-પપ્પાની ઈચ્છા હતી કે છોકરો એરફોર્સમાં હોય.’

¤¤¤

પતિએ પરણ્યાની પહેલી રાતે પત્ની પાસે એક વચન લીધેલું કે ઘરમાં એક ડ્રોવર એવું હોવું જોઈએ કે પત્ની ક્યારેય એ ખોલે નહીં.

પત્નીએ એને એવું વચન આપેલું અને ત્રીસ વરસ સુધી નિભાવેલું પણ ખરું. પણ એક દિવસ પતિથી એ ડ્રોવર ખુલ્લું રહી ગયેલું ને પત્નીની નજર એમાં પડી તો એમાં ગોલ્ફના ત્રણ બોલ અને હજાર ડોલરની નોટો હતી. પત્નીથી ન રહેવાયું એટલે છેવટે એણે પતિને આ અંગે પૂછ્યું.

પતિ કહે: ‘મેં નક્કી કર્યું છે કે હું તને જેટલી વખત બેવફા થાઉં એટલી વખત મારે એ ડ્રોવરમાં એક ગોલ્ફનો બોલ મૂકવો.’

પત્નીને થયું, ત્રીસ વરસમાં ત્રણ વખત એ તો સામાન્ય કહેવાય. એણે પૂછ્યું: ‘અને એમાં આ હજાર ડોલર છે એનું શું?’

‘એ તો એમ કે જ્યારે એમાં ડઝન બોલ ભેગા થાય ત્યારે ડઝનના દસ રૂપિયા પ્રમાણે વેચીને જે પૈસા આવે તે હું તેમાં મૂકતો રહેલો તેના છે.’

¤¤¤

એક રેસ્ટોરન્ટમાં ગ્રાહકે વેઈટરને પૂછ્યું: ‘એક કૉફી કેટલાની છે?’

‘પચાસ રૂપિયાની.....’

‘આટલી બધી મોંઘી! સામેની દુકાનમાં તો પચાસ પૈસાની છે....’

વેઈટર: ‘એ તો ફોટોકૉપીની દુકાન છે.... જરા બોર્ડ તો બરાબર વાંચો!’

¤¤¤

ડૉક્ટરે દર્દીની સંપૂર્ણ તપાસ કર્યા પછી કહ્યું: ‘આ કોઈ જૂની બીમારી છે જેણે તમારી શારીરિક અને માનસિક શાંતિ છીનવી લીધી છે.’

‘ભગવાનને ખાતર ધીરે બોલો. આ બિમારી બહાર બેઠી છે.’ દર્દીએ ગભરાતાં કહ્યું.

¤¤¤

સંસ્કૃતના ટીચરે પૂછ્યું: ‘તમસો મા જ્યોર્તિગમય.... આનો અર્થ શું થાય?’

સ્ટુડન્ટે ફટ દઈને કીધુંઃ ‘તમે સુવો, મા! હું જ્યોતિને ઘરે જઈને આવું છું.’

¤¤¤

સરઃ ‘ચંદ્રગુપ્ત મૌર્ય કોણ હતા?’

વિદ્યાર્થીઃ ‘સર, ગણપતિ બાપ્પા મૌર્યા ના ભાઈ હશે!’

¤¤¤

મગનઃ ‘મમતાભરી, બુધ્ધિશાળી, રૂપાળી ને વહેલભરી એ બધાં વિશેષણોથી પર એવી તું છો.’

મસ્તાનીઃ ‘એક તું જ મને આવું વહાલભર્યું કહે છે એટલે જ તું મને બહું ગમે છે.’

¤¤¤

કલાસમાં અંગ્રેજીના શિક્ષક બાળકો પાસે ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરાવી રહ્યા હતા.

શિક્ષકે ચિંટુને કહ્યુંઃ ‘હું તને મારી નાખીશ’નો અંગ્રેજીમાં અનુવાદ કર.’

ચિંટુઃ ‘અંગ્રેજી ગયું તેલ લેવા, એકવાર મને હાથ તો અડાડી જુઓ!’

¤¤¤

છગનઃ ‘હું જન્મ્યો મુંબઈમાં પણ ભણ્યો અમદાવાદમાં.’

મગનઃ ‘તો તો તારે નિશાળે આવવા-જવામાં કેટલી બધી વાર લાગતી હશે નહીં?’

¤¤¤

એક ભાઈની પત્ની ખોવાઈ ગઈ. અખબારમાં ખોવયાની જાહેરાત વિચિત્ર રીતે છપાવી.

'મારી પત્ની પાંચ દિવસથી ગુમ થયેલ છે. જો કોઈ વ્યક્તિ તેની ભાળ મેળવવાની કોશિશ કરશે કે ભાળ મેળવી આપશે તે પોતાના જાનથી હાથ ધોઈ બેસશે.'

¤¤¤

રાતના ત્રણ વગ્યે મોટેલના ડેસ્ક ક્લાર્ક પર ફોન આવ્યો: 'બાર કેટલા વાગ્યે ખુલશે?'

ડેસ્ક ક્લાર્ક: 'બપોરના બાર વાગ્યે.'

એકાદ કલાક પછી ફરીથી એવો જ ફોન આવ્યો ને ડેસ્ક ક્લાર્કે એવો જ જવાબ આપ્યો. આવું બેત્રણ વાર બન્યું એટલે ક્લાર્ક ગુસ્સે થઈને બોલ્યો: 'જો તમારાથી રાહ ન જોવાતી હોય તો હું રૂમ સર્વીસને મોકલું. તમારે જે જોઈએ તે એની પાસે મંગાવી લેજો.'

'મારે કશું મંગાવવું નથી. મારે તો બારમાંથી બહાર નીકળવું છે.' પોલાએ કહ્યું.

¤¤¤

સેમસંગે પહેલાં 'એસ-ટુ' મોડલ બહાર પાડ્યું, પછી 'એસ-થ્રી' અને હવે 'એસ-ફોર'.

લાલુયાદવ કહે છે: 'અગર હમ રેલવે મંત્રી હોતા તો સેમસંગ પે કોપીરાઈટ કા કેસ કર દેતા! હમરે સારે સ્લીપર કોચ કા નામ ચૂરાતે હૈ.....'

¤¤¤

સંતા: 'મત આપવા માટે સરકારે ૧૮ વર્ષની ઉમર નક્કી કરી છે. પણ લગ્ન કરવા માટે ૨૧ વર્ષની ઉંમર કેમ નક્કી કરી છે?'

બંતા: 'જો ભાઈ, સરકારને ખબર છે કે દેશ સંભાળવો સહેલો છે પણ પત્ની સંભાળવી બહુ અઘરી છે.'

¤¤¤

એક કંજૂસ મરણપથારીએ બૂમો પાડવા લાગ્યો: 'મારાં પુત્ર, પુત્રી ક્યાં છે?'

દીકરો અને દીકરી બોલ્યાં: 'અમે અહીંયા જ છીએ, પપ્પા!'

'તમારી મમ્મી ક્યાં છે?'

એની પત્ની બોલી: 'હું પણ અહીં તમારી પાસે જ છું.'

'નાનો ભાઈ અને ભાભી ક્યાં છે?'

તેઓ બોલ્યાં: 'અમે અહીં તમારી બાજુમાં જ બેઠાં છીએ.'

કંજૂસ બોલ્યો: 'ડફોળો! તમે બધાં અહીં બેઠાં છો તો અંદરના રૂમમાં પંખો કેમ ચાલુ છે?'

¤¤¤

તખુભા નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા ગયા.

'મે આઈ કમ ઈન?'

ઑફિસર: 'વેઈટ પ્લીઝ...'

તખુભા: '76 કિલો 500 ગ્રામ. શું સાહેબ, જોખી જોખીને નોકરી દેવા બેઠા છો?'

¤¤¤

મગન સવારમાં ઊઠ્યા ત્યારે એનું માથું ભારે લાગતું હતું. મો ધોઈને એ નીચે ઊતર્યો ત્યારે એની પત્ની કેતકીએ કૉફીનો મગ ધરતાં એને કહ્યું: તમારે પીવામાં કાળજી રાખવી જોઈએ. કાલે રાતે બૉર્ડની મિટિંગમાં તમે બધા મેમ્બરોની હાજરીમાં તમારા બૉસનું અપમાન કરી નાખ્યું.'

મગન: 'હા સાલું એ ખરાબ થઈ ગયું, પણ તું તો સાથે હતી ને. તે તારે સંભાળી લેવું હતું ને!'

'તે મેં સંભાળી લીધું ત્યારે તો તમારી નોકરી સલામત રહી ને! બધા વેરાયા પછી હું બૉસને બાજુના રૂમમાં લઈ ગઈ ને એમને કલાક મહેનત કરીને જેમતેમ શાંત પાડ્યા ત્યારે એ તમને નોકરીમાં ચાલુ રાખવામાં માન્યા. પછી તો એમણે એમની ગાડીમાં આપણને ઘેર મૂકી જવાની વ્યવસ્થા પણ કરી આપી.'

¤¤¤

રીના: 'હું એક એવા ખુશ મિજાજ વ્યક્તિ સાથે લગ્ન કરવા માગું છું કે જે સારું ગાતો હોય, સારો નૃત્યકાર હોય, મને રોજ નવી નવી જગ્યાઓ દેખાડે, દર અઠવાડીયે ફિલ્મ બતાવે, દુનિયાભરની વાતો કરે, હું બોલવાનું કહું તો જ બોલે અને હું ચૂપ રહેવાનું કહું તો તે ચૂપ થઈ જાય.'

રીટા: 'મારા માનવા મૂજબ તને પતિ નહી પણ ટીવીની જરૂર છે.'

¤¤¤

સંતા એક પ્રવચન સાંભળીને ઘરે આવ્યો કે તરત તેની પત્નીને તેડી લીધી.

પ્રિતો: 'કેમ, આજે ગુરુજીએ રોમાન્સ પર પ્રવચન આપ્યું છે?'

સંતા: 'ના, ગુરજીએ કહ્યું છે પોતાનું દુ:ખ પોતે ઉપાડો...'

¤¤¤

મગન: 'આજે આપણે સિલ્વર કોઈન બારમાં જઈએ. ત્યાં જેટલું પીવું હોય એટલું પીવાનું મફતમાં મળે છે.'

ભગો: 'એવું તે કંઈ હોતું હશે! તું ત્યાં કદી ગયો છે ખરો?'

મગન: 'હં તો હજ઼ સ઼ધી ત્યાં ગયો નથી પણ મારી બૈરી ત્યાં કાયમ જાય છે ને ગળા સુધી મફતમાં ઢીંચીને આવે છે.'

¤¤¤

છગન: 'આજે તો અમિતાભ બચ્ચના ઘરે ફોન લાગી ગયો.'

મગન: 'હોય કાંઈ તમેય શું ફેંકાફેંક કરો છો!'

છગન: 'ના, ના ઐશ્વર્યાએ જ કહ્યું: તમારો ફોન પ્રતિક્ષામાં છે, કૃપા કરી ચાલુ રાખો!'

¤¤¤

બંતાએ હજામતની દુકાન ખોલી અને સંતા દાઢી કરાવવા આવ્યો.

બંતા: 'મુછ રાખવી છે?'

સંતા: 'હા રાખવી છે.'

બંતા: (મુછ કાપીને) 'લે, ક્યાં રાખવી છે?'

¤¤¤

ડૉક્ટર: 'બ઼ટાસિંગ, આપ કા ઔર આપ કી બીબી કા બ્લડ ગ્રૂપ એક હી હૈ.'

બ઼ટાસિંગ: 'હોના હી ચાહિયે, બીસ સાલ સે મેરા ખૂન જો પી રહી હૈ.

¤¤¤

છગન: 'મેં તમારી દુકાનના જાણીતા ડિટરજન્ટથી મારું શર્ટ ધોયુંને ચડી ગયું.'

દુકાનદારઃ 'એમાં આટલી ચિંતા શું કામ કરો છો? તો હવે તમે પણ તેનાથી જ નાહી લો ને!'

¤¤¤

એક ડોક્ટરના ક્લિનિક બહાર બહુ ભીડ હતી.

એક ભાઈ આગળ જતા હતા પણ લોકો તેને પકડી પાછળ ધકેલી દેતા.

આમ લગભગ પાંચેકવાર બન્યું. આથી ગુસ્સામાં તે ભાઈ બોલ્યાઃ 'આજે આખો દિવસ બધા લાઈનમાં જ ઊભા રહેજો આજે મારું ક્લિનિક જ નહીં ખોલું.'

¤¤¤

સાન્ટાસિંગ ચાલતો જઈ રહ્યો હતો ત્યાં એક કાર બાજુમાં આવીને ઊભી રહી ગઈ અને કારમાંથી બંટાસિંગે પૂછ્યુંઃ 'સાંટા, તારે લિફ્ટ જોઈએ છીએ?'

સાન્ટાસિંગઃ 'ના રે, મારે લિફ્ટની શી જરૂર છે. તને તો ખબર જ છે કે હું ગ્રાઉન્ડ ફ્લોર પર રહું છું.

¤¤¤

એક વ્યક્તિનો પગ લીલો થઈ ગયો, ડોક્ટર કહેઃ 'ઝેર ચડ્યું છે, કાપવો પડશે..'

કાપી નાખ્યો!

થોડા દિવસ પછી બીજો પણ લીલો.

તેને પણ કાપ્યો.

તે વ્યક્તિ લાકડાના પગ પર આવી ગઈ!

થોડા દિવસ પછી લાકડાના પગ પણ લીલા!

ડોક્ટર કહેઃ 'હવે ખબર પડી! તમારી લૂંગીનો રંગ જાય છે! ખોટી મહેનત કરાવી ને!'

¤¤¤

સંતાસિંહ ખતરનાક વાઘણ ખરીદી લાવ્યો. લોકોએ તેને આ પ્રકારની ખરીદી વિશે પુછ્યું.

સંતા કહે: 'મારી પત્ની બે મહિના પહેલાં મરી ગઈ. તેના જવાથી મને ઘરમાં બહુ સુનું સુનું લાગતું હતું.'

¤¤¤

જોની સાહેબનો કાર એક્સીડંટ થયો.

તેમનું માથું ડેશ બોર્ડ સાથે અથડાઈ ગયું અને તે બેહોશ થઈ ગયા.

હોશ આવતાં તેણે પૂછ્યું: 'હું ક્યાં છું?'

'રૂમ નંબર બાવીસમાં.'

'હૉસ્પિટલના કે જેલના?'

¤¤¤

બટ્ટાસિંગ પોતાની નવી જ મારૂતિ લઈને જલંધર ગયા હતા તે છેક ચાર દિવસે પાછા આવ્યા.

સાન્ટાસિંગ: 'અરે યાર, ઈતને દિન ક્યું લગા દીએ?'

બટ્ટાસિંગ: 'યે મારૂતિવાલે ભી કમાલ હૈ. આગે જાને કે લીયે ચાર ચાર ગેયર લગાયે હૈ મગર પીછે જાને કે લીયે એક હી ગેયર લગાયા હૈ.'

¤¤¤

ગ્રાહક: 'મારે એક પલંગ ખરીદવો છે, પરંતુ તે મજબૂત હોય તે જરૂરી છે, તેનો ઉપયોગ મારો દીકરો અને વહૂ કરવાનાં છે.'

દુકાનદારઃ 'અરે સાહેબ, હું એવો મજબૂત પલંગ બનાવીશ કે તમારો દીકરો તો શું પણ આખા ઘરનાં બધાં વહુ સાથે સૂશે તો પણ નહીં તૂટે!'

¤¤¤

સંતાના તાજેતરમાં લગ્ન થયાં હતાં તો પણ તે મોડે સુધી ઑફિસમાં રોકાતો. આથી તેના અધિકારીએ તેના મોડે સુધી રોકાવાના કારણ વિશે પૂછ્યું.

સંતાઃ 'મારી પત્ની પણ નોકરી કરે છે. અમારા બંને વચ્ચે એવું નક્કી થયું છે કે જે ઘરે વહેલું પહોંચે તે રાતનું જમવાનું બનાવે.'

¤¤¤

બુટાસિંગઃ 'કાલે હું બેટિંગમાં આઠસો રૂપિયા હારી ગયો. બન્યું એવું કે ઈન્ડિયાની જીતશે એમ માનીને મેં એના પર પાંચસો રૂપિયા લગાડેલા.'

કરતારસિંગઃ 'પણ તું તો કહે છે કે તેં પાંચસો રૂપિયા જ લગાવેલા, પછી આઠસો કેમના હારી ગયો?'

બુટાસિંગઃ 'રાતે હાઈલાઈટ પર પણ મેં ઈન્ડિયા પર ત્રણસો લગાડેલા ને!'

¤¤¤

માનવી લગ્ન શા માટે કરે છે?

માનવી લગ્ન એટલે કરે છે કે મૃત્યુ બાદ જો સ્વર્ગમાં જાય તો આનંદનો અનુભવ કરે ને જો નર્કમાં જાય તો ત્યાં તેને ઘર જેવું વાતાવરણ મળે.

¤¤¤

એક દર્દી નર્સનેઃ 'પાણી આપો.'

નર્સઃ 'તરસ લાગી છે?'

દર્દી: 'નહીં ગળું ચેક કરવું છે લીક તો નથી થઈ ગયું ને!'

¤¤¤

બૂટાસંગને હજુ એ નથી સમજાતું કે એની બહેનને બે ભાઈ હોય તો પોતાને એક જ બનેવી કેવી રીતે હોઈ શકે?

¤¤¤

વેઈટર (ગ્રાહકને): 'તમે સમોસા અને પકોડાં મંગાવ્યાં અને અંદરથી જ ખાધાં, ને બહારનું ખાવાનું તો એમ જ રહેવા દીધું. એમ કેમ કર્યું?'

ગ્રાહક: 'મને ડોક્ટરે મને બહારનું ખાવાનું ખાવાની મનાઈ કરી છે.'

¤¤¤

સંતા બંતા અને તેનો મિત્ર મોટરસાઈકલ પર ત્રિપલ સવારીમાં જતા હતા તે જોઈ પોલીસે રોક્યા. 'તમને ખબર નથી ત્રિપલ સવારી નો દંડ ભરવો પડે છે?'

'અમને ખબર છે અમે જતા નથી અમારો આ મિત્ર જાય છે. અમે તો એને મૂકવા જઈ રહ્યા છીએ.'

¤¤¤

એક ભિખારીને એક દિવસ ભિખમાં એક પૈસો ન મળ્યો. તેને ભગવાનને અરજ કરી: 'હે ભગવાન, આજે મને એક રૂપિયો મળી જાય તો તેમાંથી આઠ આના તારા.'

આગળ જતાં રસ્તામાંથી આઠ આના મળ્યા ભિખારી તરત બોલ્યો: 'હે ભગવાન ખરા છો તમે! આઠ આના પહેલેથી જ કાપી લીધા!'

¤¤¤

બૂટાસિંગ (ટીવીના દુકાનદારને): ‘તમારી પાસે કલર ટીવી છે?’

‘હા, તમારે કેવું જોઈએ છે?’

બુટાસિંગ: ‘મારે ગ્રીન ટીવી જોઈએ છીએ. કેટલી કિંમત થશે?’

¤¤¤

એક સુંદર યુવતી બસ સ્ટેન્ડ પર ઊભી હતી. તેને જોઈને એક નવયુવાન બોલ્યો: ‘ચાંદ તો રાત્રે નીકળે છે, આજે દિવસે કેમ નીકળ્યો?’

યુવતી બહુ હાજરજવાબી હતી. તે બોલી: ‘અરે, ઘુવડ તો રાત્રે બોલે છે, આજે દિવસે કેમ બોલ્યું?’

¤¤¤

બોયફ્રેન્ડ: ‘મારી ગર્લફ્રેન્ડે મને કિસ કરી અને મારા હોઠ બળી ગયા.’

અન્ય દોસ્ત: ‘એવું તો કેવી રીતે બને?’

બોયફ્રેન્ડ: ‘એ એટલા માટે બને કે તે સમયે મારી ફ્રેન્ડ બિન્ગો રેડ ચિલી ચિપ્સ ખાઈને આવી હતી.’

¤¤¤

એક બિહરી બસમાં ચઢ્યો ને જોયું તો એમાં બધા સરદારજીઓ જ હતા. બધા વારા ફરતી જોક્સ કહેતા હતા.

એમાં આ બિહારીનો વારો આવ્યો. એને જે જોક્સ આવડતા હતા એ બધા સરદારજીના જ હતા. એણે વિચાર્યું કે સરદારજીને બદલે બિહારીને મૂકીને જ કોઈ જોક કહેવી વધારે સલામત હતી એટલે એણે જોક કહેવી શરૂ કરી.

હજુ તો એણે પહેલું વક્ય પૂરુંય નહોતું કર્યું ત્યાં પાછળથી અવાજ આવ્યો: ‘બિહારીની જોક્સ શા માટે? અમે સરદારજી શું મરી પરવાર્યા છીએ!’

¤¤¤

એક વાર એક ડાક્ટરે એક શરાબીને સમજાવીને કહ્યું. ‘આ દારૂની લત સારી નથી. એ માણસને ધીમે-ધીમે મૃત્યુ તરફ લઈ જાય છે.’

શરાબી: ‘મને પણ કોઈ જલ્દી નથી મરવાની.’

¤¤¤

સંતા: ‘યાર સંતા, તું વિદેશી ચેનલ જ કેમ જોવાનું પસંદ કરે છે?’

બંતા: ‘અરે યાર, તું જાણતો નથી કે તેમાં દરેક સમયે ફ્રેશ માલ જોવા મળે છે.’

¤¤¤

એક સરદારજી પ્લેનમાં આરામથી બેઠા હતા ત્યાં એરહોસ્ટેસે આવીને પૂછ્યું: ‘આર યૂ રીલેક્સિંગ!’

પેલો કહે: ‘નો આઈ એમ સંતાસિંગ.’

¤¤¤

મુંડેનો ખરેખર અકસ્માત થયો? કે પછી એમની હત્યા કરવામાં આવી?

એક્સપર્ટોમાં જુદા જુદા મત છે. પણ એક મત કોમન છે... "મુંડે મુંડે મતિર્ભિન્નાઃ"

¤¤¤

**બદાયૂંની ઘટના**. કહે છે કે બદાયું જિલ્લામાં કસાર ગામે બે મહિલાઓ કુદરતી હાજતે જવા નીકળેલી ત્યારે પોલીસો દ્વારા એમનો બળાત્કાર અને પછી હત્યા થઈ ગઈ.

એ પછી એક એનજીઓ એ ગામમાં ઘેર ઘેર શૌચાલયો બનાવવાની છે.

'મોદીજી, આપ કા સપના! બલાત્કારીયોં કી વજહ સે સાકાર હોગા,... વહાં 'દેવાલય' સે જ્યાદા 'શૌચાલય' હોગા!

એનજીઓની નવી પહેલ પછી યુપી સરકાર નવી યોજના લાવવાની છે.

'ક્યા આપ કો શૌચાલય બનવાને હૈ? તો ક્રિપયા પુલિસ સે બલાત્કાર કરવાયેં...'

¤¤¤

ગુજરાત ટુરિઝમનું સ્લોગન છેઃ ખુશ્બુ ગુજરાત કી... કેરળ ટુરિઝમનું સ્લોગન છેઃ ગૉડઝ ઓન કન્ટ્રી... ઉત્તર પ્રદેશનું નવું સ્લોગન શું હશે?

-દેવાલય સે જ્યાદા શૌચાલય, યે હૈ યુપી પુલિસ કા વાદા!

¤¤¤

એક ખાસ મેસેજ પર્યાવરણ પ્રેમીયોં કો...

'સિર્ફ પેડ લગાના જરૂરી નહીં હૈ. આપ અપના મુંહ બંધ રખકર ભી 'પ્રદૂષણ' કમ કર સકતે હૈ. ધન્યવાદ."

¤¤¤

ગાલિબઃ 'હમેં તો અપનોં ને લુટા, ગૈંરો મેં કહાં દમ થા... હમારી કશ્તી વહાં ડૂબી, જહાં પાની કમ થા...

પત્નીઃ 'તુમ તો થે હી ગધે, અકલ મેં કહાં દમ થા.... વહાં કશ્તી લે કે ક્યું ગયે? જહાં પાની હી કમ થા!'

¤¤¤

ડોસાઃ (સુરેશ દલાલની કવિતા બોલે છે) 'દરિયામાં હોય એને મોતી કહેવાય. જાનમ, આંખોમાં હોય એને શું?'

ડોશીઃ (તબેથો પછાડીને): ‘ડોહા, એને મોતિયો કહેવાય!’

¤¤¤

એક કન્ડક્ટરનાં લગ્ન થઈ રહ્યાં હતાં,

ફેરા માટે તેની પત્નીને જ્યારે તેની પાસે લાવીને બેસાડવામાં આવી ત્યારે કન્ડક્ટકર: ‘થોડી પાસે આવીને બેસ, નહીં તો એક વધારે સવારી આવીને વચમાં બેસી જશે.’

¤¤¤

એક પાઠ એક ભૂલમાંથી શીખવા જેવો છે.

એવી ભૂલ જે કેજરીવાલે કરી અને મોદીએ ન કરી.. કે જ્યાં સુધી 'નવી નોકરી' ના મળે ત્યાં સુધી 'જુની નોકરી' છોડવી નહિ!

¤¤¤

કવિઃ ‘સૂતેલી હોય તો સપનું મોકલ, જાગતી હોય તો તારી યાદ મોકલ, હસતી હોય તો ખુશી મોકલ, રડતી હોય તો આંસુ મોકલ....’

પ્રેમિકાઃ ‘વાસણ ધોઉં છું, એંઠવાડ મોકલું?’

¤¤¤

એક ટાલિયા સજ્જને ટી શર્ટ પર સરસ સ્લોગન લખાવ્યું: 'ભગવાને થોડાં માંથા પરફેક્ટ બનાવ્યાં. બાકીનાં બધામાં પોતાની ભૂલો છૂપાવવા વાળ ઉગાડી દીધા.'

¤¤¤

નેતા અલગ અલગ ટાઈપ કે હોતે હૈં

(૧) 'જમીન' સે જુડે હુએ (જૈસે ગોપીનાથ મુંડે)

(૨) 'જામીન' સે જુડે હુએ (જૈસે કેજરીવાલ)

¤¤¤

મલ્લિકા શૂટિંગ માટે રેલ્વે સ્ટેશને જઈ રહી હતી.

ભિખારી: ‘બહેન, એક રૂપિયો આપો ને.’

મલ્લિકાએ તેને રૂ. 1000 આપી દીધા.

સિક્યુરિટી: ‘તમે તેને રૂ. 1000 કેમ આપો છો?’

મલ્લિકા: ‘આજે પહેલીવખત કોઈએ મને બહેન કહ્યું છે.’

¤¤¤

સાન્ટાસિંગ હૉસ્પિટલમાં બ્ટાસિંગની ખબર જોવા ગયા. બ્ટાસિંગના મોમાં પાઈપ જોડેલી હતી એટલે એનાથી બોલી શકાય તેમ ન હતું. એણે ઝડપથી એક કાગળ પર કાંઈક લખીને સાન્ટાના હાથમાં કાગળ પકડાવી દીધો.

સાન્ટાએ એ કાગળને ખિસ્સામાં મૂકી દેતાં પૂછ્યું: ‘એ બધી વાત પછી પણ પહેલાં એ કહે કે હવે તને કેમ છે?’

જવાબની રાહ જોતાં સાન્ટા તાકી રહ્યો હતો ત્યાં જ બ્ટાસિંગ મરણ પામ્યો. સાન્ટાને થયું કે એણે પેલા કાગળમાં પોતાની અંતીમ ઈચ્છા જણાવી હશે એટલે એણે ખિસ્સામાંથી પેલો કાગળ કાઢીને વાંચ્યો તો એમાં લખ્યું હતું: ‘ગધેડા, મારી ઑક્સીજનની પાઈપ પરથી પગ હઠાવી લે.’

¤¤¤

કારગિલ યુદ્ધમાં લડાઈ લડનારો એક જવાન પોતાના ગામડાની સ્કૂલમાં ગયો. સ્કૂલના પ્રિન્સીપાલ સન્તાએ છોકરાઓ આગળ એની ઓળખાણ આપતાં કહ્યું: ‘ઈન સે મિલિયે, યે હૈ કારગિલ યુદ્ધ કે શહીદ!’

¤¤¤

કરણ: ‘આ શાકભાજીના ભાવ અચાનક કેમ વધી ગયા?’

આલિયા: ‘સિંપલ છે, કપિલ શર્માએ ખાવાનું બનાવવાનો એપિસોડ કર્યો હતો ને!’

¤¤¤

કુણાલ: ‘મમ્મી, શું બધી વાર્તાઓ: એક રાજા હતો..થી શરૂ થાય છે?’

મમ્મી એ કહ્યું: ‘નહીં બેટા, એ તો બહુ જૂની વાત છે. હવે તો વાર્તાઓ જે રાતે તારા પપ્પા સંભળાવે છે. 'આજે ઑફિસમાં જરૂરી કામ હતું, એટલે રાત સુધી રોકાવું પડ્યું....' થી શરૂ થાય છે.’

¤¤¤

બૂટાસિંગની પત્નીને પેટપીડા ઊપડી હતી ને કોઈ પણ મિનિટે ડીલિવરી થાય એમ લાગતું હતું. રઘવાયા થઈને બૂટાસિંગે હૉસ્પિટલમાં ફોન કર્યો: ‘તાત્કાલિક એમ્બ્યુલન્સ મોકલો. મારી બૈરીને પેટપીડા ઊપડી છે.’

ડૉક્ટર: ‘શું આ એનું પહેલું બાળક છે?’

બૂટાસિંગ: ‘અરે મૂરખા, હું બાળક નહીં પણ એનો પતિ બોલું છું.’

¤¤¤

પત્ની: ‘તને તો કહેતા હતા કે લગ્ન પછી હું તને ડબલ પ્રેમ કરીશ! તો હવે કેમ નથી કરતા?’

પતિ: ‘મને થોડી ખબર હતી કે લગ્ન તારી જોડે જ થશે!’

¤¤¤

ફિલ્મ નિર્માતાએ એક ફિલ્મ બનાવી. તેનું નામ રાખ્યું: 'અલીબાબા અને વીસ ચોર'

ઉદઘાટનના સમયે કોઈકે નિર્માતાને પૂછ્યું: 'ભાઈ, અમે તો એમ સાંભળ્યું છે કે અલીબાબા અને ચાલીસ ચોર હોય, પણ આ તમે અલીબાબા અને વીસ ચોર એવું નામ કેમ રાખ્યું?'

'શું કરીએ ભાઈ?' નિર્માતાએ ચોખવટ કરી: 'બધી મંદીની અસર છે!'

¤¤¤

બૂટાસિંગે એક હોટેલમાં રૂમ લીધી હતી. ડાયનિંગ હૉલમાં જમવા ગયા ત્યારે જમ્યા પછી હાથ ધોવા ગયા ત્યારે વૉશબેઝીન સાફ કરવા માંડ્યા. આ જોઈને હોટેલનો મેનેજર દોડી આવ્યો: 'અરે, સરદારજી યે આપ ક્યા કર રહે હે? આપ તો હમારે ગેસ્ટ હે.'

બૂટાસિંગ: 'આપને યે બૉર્ડ જો લગાયા હે: વૉશ બેઝીન. સો મૈં બેઝીન કો વૉશ કર રહા હું.'

¤¤¤

અપ્પુ (નાના ભાઈને): 'પપ્પુ, હું ગીત ગાઉ ત્યારે તું બહાર કેમ ઊભો રહી જાય છે?'

પપ્પુ: 'આજુબાજુમાં રહેતા લોકોને એમ તો ન થાય ને કે આવું બેસૂરું હું ગાઉ છું!'

¤¤¤

ટીચર (બંટીને): 'બંટી તુ ક્લાસમાં કેમ ઊંઘે છે?'

બંટી: 'મેડમ, તમારો અવાજ ખૂબ સરસ છે. હું તેને સાંભળીને સૂઈ જઉં છું.'

ટીચર: 'તો અન્ય લોકોને ઊંઘ કેમ નથી આવતી?'

બંટી: 'કારણ કે તેઓ તમને સાંભળતા જ નથી.'

¤¤¤

સાન્ટાસિંગ કારની બેટરી બદલાવવા ગયા. મિકેનિક કહે: 'એક્સાઈડ કી ડાલ દું?'

સાન્ટાસિંગ: 'નહીં ભાઈ, દોનો સાઈડ કી ડાલ દે, વરના ફીર બીગડ જાયંગી.'

¤¤¤

પત્રકાર (અખિલેશને): 'તમે તો રાજ્યમાં 24 કલાક વીજળી આપવાનો વાયદો કર્યો હતો ને? શું થયું તમારા આ વાયદાનું?'

અખિલેશ: 'મેં તો મારો વાયદો નિભાવ્યો છે, આજે અમે આખા દેશમાં એક અઠવાડિયામાં 24 કલાક વીજળી આપીએ જ છીએ.'

¤¤¤

ગુજરાતી પ્રોફેસરની સાઈકલમાંથી કોઈ હવા કાઢી ગયું.

પ્રોફેસરે કલાસમાં આવીને ગુસ્સો કંઈક આ રીતે વ્યક્ત કર્યો: 'મારી દ્વિચત્રિકાના અગ્રચક્રને વાયુ મુક્ત કરવાનું દુષ્કૃત્ય કોના હસ્તે કરાયું છે?'

¤¤¤

એક વખત એક ભાઈએ બંગલાનો બેલ વગાડ્યો,

નોકરે દરવાજો ખોલ્યો અને પૂછ્યું કોનું કામ છે?

આગંતુક: 'માલિકનું કામ છે. તેઓ છે? તેમનું બિલ બાકી હતું.'

નોકર: 'સાહેબ. તો બહાર ગામ ગયેલા છે.'

આગંતુક: ‘મારે તો તેમને બિલ ચૂકવવાનું હતું.’

નોકર: ‘આજે સવારે તેઓ પાછા પણ આવી ગયા છે.’

¤¤¤

શરાબી: ‘સોચ રહા હું શરાબ છોડ દૂં.’

દૂસરા શરાબી: ‘તો છોડ દે ના!’

શરાબી: ‘મગર કિસ કે પાસ છોડું? મેરે સારે દોસ્ત પિયક્કડ હૈ!’

¤¤¤

સરદારજી લાયબ્રેરીમાં જઈ ટેબલ પર વજનદાર ચોપડી પછાડતાં: ‘કેવી વહિયાત ચોપડી છે આ! હું આખી બે વખત વાંચી ગયો. એમાં એટલાં બધાં નામ છે કે યાદ પણ ન રહે. એમાં વાર્તા જેવું કશું નથી.’

લાયબ્રેરિયન: ‘હું પંદર વરસથી અહીં કામ કરૂં છું પણ તમે પહેલા જ એવા માણસ છો કે જે ટેલિફોન ડિરેક્ટરી વાંચવા માટે લઈ ગયા હોય.’

¤¤¤

જૂના પુરાણા કિલ્લાને જોઈ રહેલા એક ટુરિસ્ટે ગાઈડને પૂછ્યું: ‘આ કિલ્લામાં ભૂત રહે છે એ વાત સાચી?’

ગાઈડ કહે: ‘અરે સાહેબ, હું તો આટલા વરસોથી આ જ કિલ્લામાં દિવસ-રાત ડ્યૂટી ફરું છું. મેં તો કોઈ દહાડો કોઈ ભૂતબૂત નથી જોયું.’

ટુરીસ્ટ: ‘અચ્છા, તમે આ કિલ્લામાં કેટલા વરસથી રહો છો?’

ગાઈડ: ‘300 વરસથી!’

¤¤¤

એક અમેરિકન સ્ત્રી ઈંડિયાની સફરે નીકળી હતી. એક વખત સુંદર સરોવર જોઈ એને નહાવાની ઈચ્છા થઈ. એની પાસે સ્વીમિંગ કૉસ્ચ્યૂમ ન હતું. એણે આજુબાજુમાં નજર કરી તો કોઈ ન હતું એટલે એણે બધાં કપડાં કાઢી નાંખ્યાં. એ પાણીમાં કૂદવાની તૈયારીમાં જ હતી ત્યાં કોણ જાણે ક્યાંકથી એક ચોકીદાર ફૂટી નીકળ્યો. એણે કહ્યું: ‘સોરી, મેમ સાહેબ, પણ અહીં નહાવાની મનાઈ છે.’

‘મનાઈ હતી તો પછી મેં કપડાં કાઢી નાખ્યાં ત્યારે કેમ કાંઈ ન બોલ્યો?’

‘અહીં કપડાં કાઢી નાખવાની મનાઈ નથી.’

¤¤¤

ટીચર: ‘તું એક વર્ષથી આંકડા શીખે છે છતાં તને હજી સુધી છ સુધીના અંક આવડ્યા છે. આગળ જઈને તું શું કરીશ?’

વિદ્યાર્થી: ‘ક્રિકેટ અમ્પાયર બનીશ.’

¤¤¤

એક કેદી (બીજા કેદીને): ‘તને મળવા કેમ કોઈ નથી આવતું? શું તારે કોઈ સગાં નથી?’

બીજો કેદી: ‘છે ને! સગાં તો ઘણાં છે! પરંતુ બધાં જેલમાં છે!’

¤¤¤

ભગવાન (નર્કમાં જોઈને): ‘અહીં તો બધા જલસા કરે છે! એમને ત્રાસ કેમ નથી થતો?’

યમરાજ: ‘ભગવાન, એ બધા હોસ્ટેલવાળા છે. મારા બેટા ગમે ત્યાં સેટ થઈ જાય છે!’

¤¤¤

બુટાસિંગે ઈંડિયન એરલાઈન્સની ઑફિસમાં ફોન કર્યો: ‘અમૃતસરથી મુંબઈ જતાં ફ્લાઈટને કેટલો સમય લાગે છે?’

ફોન ઑપરેટર: ‘વન મિનિટ પ્લીઝ...’

‘થેન્ક યૂ.’ કહીને બુટાસિંગે ફોન મૂકી દીધો.

¤¤¤

સેક્રેટરી (બોસને): ‘સર, તમે ઓફિસમાં તો એકદમ વાઘ જેવા થઈને ફરો છો. શું તમે ઘરમાં પણ આવા જ વાઘ જેવા થઈને રહો છો?’

બોસ: ‘હાં, હું ઘરમાં પણ વાઘ જેવો જ રહું છુ. ઘરમાં ફરક એટલો છે કે ત્યાં માં દુર્ગાજી વાઘ પર સવાર હોય છે.’

¤¤¤

સન્તા એક હોસ્પિટલમાં જઈને ડૉક્ટરને કહેવા લાગ્યો: ‘ડૉકટર, આ પ્લાસ્ટીકની ડોલમાં કાણું પડ્યું છે. જરા સાંધી આપો ને?’

ડૉકટર બગડ્યા: ‘કંઈ ભાન-બાન છે કે નહિ? તને ખબર છે હું કોણ છું?’

સન્તા: ‘કેમ બહાર બોર્ડ તો માર્યું છે: પ્લાસ્ટીક સર્જન!’

¤¤¤

‘તમે દિવસમાં કેટલી વાર દાઢી કરો છો?’

‘પચીસ -ત્રીસ વાર થતી હશે.’

‘તમે ગાંડા છો કે શું?’

‘ના. હું વાળંદ છું.’

¤¤¤

‘સરદારજી, તમારી તરફ કોઈ પીન ફેંકે તો તમે શું કરો?’

'હું એ માણસથી દૂર ભાગી જાઉં. કદાચ એના મેમાં ગ્રેનાઈડ રહી ગયો હોય તો...!'

¤¤¤

ભિખારી: 'માજી, ખાવા માટે રોટલી આપો ને.'

માજી: 'હમણાં તૈયાર નથી. પછી આવજે.'

ભિખારી: 'ઠીક છે, થઈ જાય એટલે મને મોબાઈલ પર મિસકોલ મારજો.'

માજી: 'અરે મિસ કોલ શું કામ? રોટલી બની જાય એટલે ફેસબુક પર અપલોડ કરી દઈશ!'

¤¤¤

કડકાસિંહ એમનો મોબાઈલ લઈને રિચાર્જ કરાવવા ગયા. દુકાનદારે પૂછ્યું: 'કેટલાનું કરાવવાનું છે?'

કડકાસિંહ કહે: 'દસનું કરી દે.'

દુકાનદાર: 'એમાં 7 રૂપિયાનો ટોકટાઈમ મળશે.'

કડકાસિંહ: 'વાંધો નંઈ 3 રૂપિયાની ખારીસીંગ દઈ દે જે!'

¤¤¤

આલિયા: 'ભાઈ, દસ રૂપિયાવાળી મેગી આપો ને.

દુકાનદાર: 'આ લો.'

આલિયા: 'કેટલા રૂપિયા થયા?'

¤¤¤

બાબા રામદેવ કહે છે કે સારી હેલ્થ માટે સાસ પર કંટ્રોલ કરો. હવે આ બ્રહ્મચારી બાબાને કોણ સમજાવે કે લોકો પત્ની પર કંટ્રોલ કરી શકતા નથી તો સાસ પર તો કેવી રીતે કરી શકે?

¤¤¤

સરદારજીઓ અઢારના ટોળામાં જ ફિલ્મ જોવા કેમ ગયા?

કારણ કે અઢારથી નીચેનાને માટે ફિલ્મ જોવાની મનાઈ હતી.

¤¤¤

અમેરિકન: 'અમારા દેશમાં બે જાતના રોડ હોય છે: 'નેશનલ' અને 'ઈન્ટરનેશનલ'

બન્તાસિંહ: 'અમારા દેશમાં પણ બે જાતના રોડ હોય છે: 'અન્ડર કન્સ્ટ્રકશન' અને 'ટેક ડાયવરઝન!'

¤¤¤

પતિ-પત્નીમાં ઝઘડો થયો. પત્નીએ પતિની બરોબર ધૂલાઈ કરી નાંખી.

બીજે દિવસે સવારે પતિએ પત્નીને એક વાટકો ભરીને દૂધ આપ્યું. પત્ની છણકો કરીને બોલી: 'કેમ, મસ્કા મારો છો?'

પતિએ કહ્યું: 'ના, આજે નાગપંચમી છે ને!'

¤¤¤

બે નવા નવા પરણેલા સરદારજીઓ વાતો કરતા હતા.

એક કહે: ' મેં ખરી યુક્તિ કરી હું એકલો જ હનીમૂન પર ગયો ને અડધો ખર્ચો બચાવી લીધો.'

બીજો કહે: 'મેં તો પૂરો ખર્ચો બચાવી લીધો. હું ઘેર રહ્યો ને મારી બૈરીને મારા એક દોસ્ત સાથે હનીમૂન પર મોકલી દીધી. બધો ખર્ચો મારો દોસ્ત ભોગવવાનો છે.'

¤¤¤

ચેટિંગમાં વાતો કરી રહેલાં છોકરા-છોકરીની નોંધનીય વાતો.

છોકરોઃ ‘હાય, તારું નામ શું છે?’

છોકરીઃ ‘પ્રકૃતિ.’

છોકરોઃ ‘મને તારી પાસેથી કંઈક જોઈએ છે.’

છોકરીઃ ‘શું?’

છોકરોઃ ‘પ્રકૃતિનો સ્પર્શ.’

¤¤¤

કવિઃ ‘દોસ્ત, એવી ચા પીવડાવ કે રોમે રોમે દીવા થઈ જાય!’

ચાવાળોઃ ‘સાહેબ, ચામાં દૂધ નાખું કે તેલ?’

¤¤¤

એક છોકરો પોતાની ગર્લફ્રેન્ડની સાથે ફરવા ગયો.

અચાનક રસ્તામાં ખૂબ વરસાદ વરસ્યો.

વિચારો, શું થયું હશે...

પલળવાના કારણે છોકરીનો બધો મેકઅપ ઉતરી ગયો.

છોકરો ડરીને ભાગી ગયો.

¤¤¤

સન્તાસિંહ અડધી રાતે સાઈકલ લઈને કબ્રસ્તાનમાં ઘૂસી ગયો. આંખો મીંચી ને એકદમ ઝડપથી સાઈકલ ચલાવીને બહાર નીકળી ગયો. પરસેવો લૂછતાં બહાર ઊભેલા માણસને તેણે પૂછ્યુંઃ ‘ઓયે! યે કૌન સા રોડ થા જિસમે ઈતને સારે બમ્પ થે?’

¤¤¤

લગ્નનો ખર્ચ =૫ લાખ.

લવ-મેરેજનો ખર્ચ, ૧૦૦ રૂપિયા સ્ટેમ્પ પેપર,

૧૦૦ રૂપિયા નોટરીના, ૧૦૦ રૂપિયા વરમાળાના,

૧૦૦ રૂપિયા રીક્ષાના, ૨૦૦ રૂપિયા સાક્ષીઓના અને ૨૦૦ રૂપિયા એકસ્ટ્રા. ટોટલ ખર્ચો = ૮૦૦ રૂપિયા!

જાગો ગ્રાહક જાગો. લવર કે સાથ ભાગો!

¤¤¤

એક સરદારજીએ રેલ નીચે ઝંપલાવીને આપઘાત કરવાનું નક્કી કર્યું. સાથે એક થેલામાં ચીકન અને વ્હીસ્કીની બોટલ લીધાં.

રસ્તામાં એક દોસ્ત મળ્યો. એણે પૂછ્યું: ‘સાંન્ટા, કઈ તરફ ઊપડ્યો?’

સાંન્ટા કહે: ‘દોસ્ત જિંદગીથી તંગ આવી ગયો છું. રેલ્વે ટ્રેક પર આપઘાત કરવા જઈ રહ્યો છું.’

‘તો આ થેલામાં શું ભર્યું છે?’

‘તને તો ખબર જ છે કે ટ્રેન કાયમ મોડી પડતી હોય છે. થેલામાં ચીકન અને વ્હીસ્કી લીધાં છે. ટ્રેન મોડી પડે તો ભૂખે તો ન મરી જાઉં ને!’

¤¤¤

યુવાન: ‘કેટલાં વર્ષ થયાં તને?’

યુવતી: ‘વીસ વર્ષ.’

યુવાન: ‘અરે પાંચ વર્ષ પહેલાં પણ તેં વીસ જ કહ્યાં હતાં!’

યુવતી: ‘પહેલેથી જ હું વચનની પાક્કી છું. વારે વારે જુદું નથી બોલતી’’

¤¤¤

નટુ: 'તને એક જોરથી થપ્પડ મારીશ ને તો તું સીધો દિલ્હી જઈને પડીશ.'

ગટુ: 'ઠીક છે. પણ જરા ધીરેથી મારજે. મારે જયપુરમાં થોડુંક કામ છે.'

¤¤¤

શિક્ષક: 'જ્યારે હું તારી ઉંમરનો હતો ત્યારે ગણિતમાં મારા 100માંથી 100 માર્ક આવતા હતા.'

વિદ્યાર્થી: 'એ તો તમને કોઈ સારા સાહેબ ભણાવતા હશે ને એટલે!'

¤¤¤

મમ્મી: 'બેટા, જરા માર્કેટમાંથી કપૂર તો લઈ આવ?'

બાળક: 'મમ્મી, એ તો બતાવ કે કયો કપૂર લાવું? શક્તિ કપૂર, અનિલ કપૂર કે શાહિદ કપૂર?'

¤¤¤

કૉલેજના પ્રોફેસર છગને બી.કોમમાં એકાઉન્ટનો પીરિયડ લેતાં પૂછ્યું: 'એક સવાલ છે. તમારી પાસે બાર સફરજન છે અને માણસ પંદર છે તો તમે સફરજન સરખા ભાગે દરેકને કઈ રીતે વહેંચી શકશો?'

'સીધી અને સહેલી વાત છે.' લલ્લુએ જવાબ આપ્યો.

'તો, જવાબ આપ....'

'સાહેબ, બારે સફરજનનો જ્યુસ કાઢીને.' લલ્લુએ કહ્યું.

¤¤¤

કપ્તાન (એક દુશ્મન જહાજને આવતાં જોઈને): 'જાવ, મારું લાલ શર્ટ લાવો.'

સેઈલર: ‘કેમ લાલ શર્ટ?’

કપ્તાન: ‘લડાઈમાં મને લોહી નીકળે અને કોઈ જુએ તે મને પસંદ નથી.’

(થોડા દિવસ પછી)

કપ્તાન (એક સાથે પાંચ દુશ્મન જહાજને આવતાં જોઈને): ‘મારું પીળું પેન્ટ લઈ આવો.’

¤¤¤

સંતા 1લી એપ્રિલે બસમાં ચઢ્યો.

કન્ડકટરે ટિકિટ માગી. સંતાએ 10 રૂપિયા આપી ટિકિટ લીધી અને બોલ્યો: ‘એપ્રિલ ફૂલ. મારી પાસે બસનો પાસ છે.’

¤¤¤

આળસુના સરદાર છગન, મગન અને ચમન ચા પીતાં પીતાં ગપાટા મારી રહ્યા હતા. ‘મને સૂતા પછી ઊંઘ આવતાં ત્રણ કલાક થાય છે.’

છગને કહ્યું: ‘ત્યારે મારે જુદું છે. મને ઊંઘ તો પથારીમાં સૂતાં ભેગી આવી જાય છે પણ સવારે ઉઠતા ત્રણ કલાક લાગે છે. તારું શું છે, ચમન?’

ચમન બોલ્યો: ‘મને તમારા જેવું નથી પણ પથારી પાથરતાં મારે ત્રણ કલાક થાય છે.’

¤¤¤

એક સરકારી ઑફિસમાં ડિટેક્ટીવની પોસ્ટ ભરવાની હતી. સિલેક્શન કમિટી બધાને એક જ સવાલ પૂછતી હતી: ‘ગાંધીજીની હત્યા કોણે કરી?’

છેવટે બૂટાસિંગનો વારો આવ્યો. એ કહે: ‘સાહેબ, મને એક દિવસનો સમય આપો હું તપાસ કરીને ચોક્કસ બાતમી મેળવી લીવીશ.’

કમિટીના અધ્યક્ષને રમૂજ કરવાનો વિચાર આવ્યો. એમણે કહ્યું: 'ભલે તમને એક દિવસને સમય આપીએ છીએ પણ કાલે એની ચોક્કસ બાતમી મળી જવી જોઈએ.'

હરખાતા બુટાસિંગ ઘેર આવ્યા. એમની બૈરી કહે: 'કેમ આટલા ખુશ છો? નોકરી મળી ગઈ કે શું?'

હટાસિંગ કહે: નોકરી મળી ગઈ ને મને પહેલે દિવસે જ એક હત્યાનો ભેદ ઉકેલવાનું કામ સોંપવામાં આવ્યું છે.'

¤¤¤

વાંદાને જોઈને પતિએ હાથમાં ઝાડુ લીધું. વાંદાને મારી નાખવા જતો હતો ત્યાં વાંદો બોલ્યો: 'મારી નાખ મને મારી નાખ... કાયર, તને મારી ઈર્ષા આવે છે કારણ કે તારા કરતાં તારી પત્ની મારાથી વધુ ડરે છે.'

¤¤¤

સન્તાની પત્નીએ સન્તાને કીધેલું કે રવિવારે પિક્ચર જોવા જવું છે. ટિકીટો લેતો આવજે.

સન્તા રઝળી રખડીને થાકીને પોટલા જેવો થઈને ઘરે પાછો આવ્યો.

પત્ની: 'ક્યા હુઆ, ટિકીટ લાએ?'

સન્તા: 'કૈસે લાતા, સબ થિયેટર મેં 'હોલીડે' હૈ!'

¤¤¤

સંતા: 'ગઈકાલે તું રસ્તા પર કેમ પડ્યો હતો?'

બંતા: 'કારણ કે હું આખી બોટલ પી ગયો હતો અને તે પીવી જરૂરી પણ હતી.'

સંતા: 'તેમાં જરૂરી શું હતું?'

બંતા: 'બોટલનું ઢાંકણું ખોવાઈ ગયું હતું.'

¤¤¤

બે સરદારજીઓ પાંચ દિવસની ફિશિંગ ટ્રીપ પર ઊપડ્યા. જતા પહેલાં એમણે પાંચસો રૂપિયાનાં તો ફિશિંગનાં સાધનો જ ખરીદ્યાં.

પછી એમણે નદીની નજીકમાંની એક હોટેલમાં રૂમ બૂક કરાવી. પછી ઊપડ્યા ફિશિંગ કરવા. ચાર દિવસ પછી માંડ એક માછલી પકડાઈ.

પાછા જતાં એક કહેઃ 'આ માછલી આપણને પંદરસો રૂપિયામાં પડી.'

તો બીજો કહેઃ 'સારું થયું કે આપણે વધારે માછલીઓ ન પકડી નહીં તો આપણો મહિનાનો પગાર એમાં જ જતો રહેત.'

¤¤¤

ગીફ્ટ આર્ટિકલની દુકાનના માલિક છગને એક દિવસ દુકાનમાંથી બહાર નીકળતા મગનને પૂછ્યુંઃ 'સાહેબ, મારે તમને એક વાત પૂછવી છે.'

'હા, બોલો ને..! શું વાત છે?'

'મારું કહેવું એમ છે કે...' છગને કહ્યું: 'આપ અમારી દુકાને દરરોજ આવો છો, અંદર આંટો મારો છો, બધું જુઓ છો પણ આપ કશું ખરીદતા નથી. તો મને થાય છે કે આપ કેમ કંઈ લેતા નથી?'

'અચ્છા!' મગન બોલ્યોઃ 'તમે આગ્રહ કરો છો તો લ્યો આ સો રૂપિયાની નોટ.... એમ કરો, એની પચાસની બે નોટ આપો...'

¤¤¤

પપ્પાઃ 'કાલે તમારી પરીક્ષા છે અને તું આજે મસ્તી કરી રહ્યો છે?'

ચિન્ટુ: 'ના પપ્પા, હું મસ્તી નથી કરતો. પરીક્ષામાં પાસ થવા પર તમે મને સાઈકલ અપાવવાનું પ્રોમિસ કર્યું હતું ને? હું તો તમારા પૈસા બચાવી રહ્યો છું.'

¤¤¤

એક વ્યક્તિ ડૉકટર પાસે ગઈ અને કહ્યું: 'હવે મારાથી પહેલાં જેટલું કામ નથી થતું.'

ડૉકટરે બધા ટેસ્ટ કર્યા અને કહ્યું: 'રોગ તો કંઈ નથી, તમે આળસુ થઈ ગયા છો.'

દર્દી: 'આ વસ્તુને તમે ડૉકટરી ભાષામાં કહો જેથી હું મારી પત્નીને સમજાવી શકું.'

¤¤¤

એક મોસ્ટ વૉન્ટેડના જુદા જુદા પોઝમાં દસ ફોટા કઢાવીને મુંબઈની બધી પોલીસ ચૉકીઓ પર તપાસના હુકમ સાથે મોકલી આપવામાં આવી.

બે જ દિવસમાં તો માહિમની પોલીસ ચોકી પરથી જવાબ આવી ગયો: 'આપના હુકમના જવાબમાં જણાવવાનું કે આઠ જણાને કસ્ટડીમાં લઈ લીધા છે ને બે જણ પર નજર રાખવામાં આવી રહી છે. સાંજ પહેલાં એમને પણ કસ્ટડીને હવાલે કરી દેવામાં આવશે.'

¤¤¤

જજ: 'છગન, તારા ઉપર આરોપ છે કે તું લગ્નના પંદર દિવસ પછી પત્નીને છોડીને અચાનક ભાગી ગયેલો. બોલ, તારે એના બચાવમાં શું કહેવું છે?'

છગન: 'સાહેબ, બચાવ કરવા જેટલો હું શક્તિશાળી હોત તો ઘર છોડીને ભાગી શું લેવાને જાત?'

¤¤¤

છાપરામાંથી પાણી ટપકતું હતું તે બંધ કરવા માટે છગને કડિયાને બોલાવ્યો.

કડિયાએ પૂછ્યું: ‘છાપરું ટપકે છે એની ખબર ક્યારે પડી?’

છગન: ‘કાલે રાત્રે મને સૂપ પૂરો કરતાં બે કલાક લાગ્યા ત્યારે.’

¤¤¤

પપ્પુના ઘરમાં ચોર ચોરી કરવા આવ્યા. બધા ઊંઘતા હતા, પણ આઠ વર્ષનો પપ્પુ ચોરને જોઈને ઊઠી ગયો.

ચોર ભાગવા માંડ્યા.

પપ્પુએ બૂમ મારી: ‘મારું દફતર ચોરી જા, નહીં ચોરી જાય તો હું બૂમો પાડીને તને પકડાવી દઈશ.’

¤¤¤

ભાવનગરની પોલીસે દારૂની એક ભઠ્ઠી પર રેઈડ પાડી હતી ને વિદેશી દારૂની દસ બૉટલો કબજે કરી હતી. એમણે મુખ્ય ચોકીએ ફોન કર્યો: ‘સાહેબ ઈંગ્લીશ શરાબની દસ બૉટલો પકડાઈ છે.’

‘અલ્યા, કાગળિયાં કરતા પહેલાં ખાતરી કરી લેજો કે એ બૉટલોમાં શરાબ જ છે. પછી એવું ન બને કે બૉટલોમાં ફક્ત પાણી જ ભરેલું હોય!’

‘સાહેબ, અમે બધાએ ચાખીને ખાતરી કરી જ લીધી છે ને બે બૉટલો તમારે ખાતરી કરવા અલગ રાખી મૂકી છે.’

¤¤¤

શેઠ: ‘જો આ દુકાનમાં કામ કરવું હોય તો એક વાત હંમેશાં યાદ રાખજે કે ગ્રાહક કદી ખોટો હોતો નથી. ચાલ, હવે

બોલ જોઈએ, હમણાં પેલા ભાઈ આવ્યા હતા એ શું કહેતા હતા?'

નોકર: 'એ કહેતા હતા કે આ દુકાનનો માલિક ગાંડો છે!'

¤¤¤

ચંદુ (છોકરીને છેડતા): 'લિપસ્ટીક મસ્ત છે.'

મીના: 'થેન્કસ.'

ચંદુ: 'ડ્રેસ મસ્ત છે.'

મીના: 'થેન્કસ, ડિઅર.'

ચંદુ: 'હેર મસ્ત છે.'

મીના: 'થેન્ક્સ બ્રધર.'

ચંદુ: 'તો પણ તું સારી તો નથી જ લાગતી.'

¤¤¤

પત્ની: ' 'નારી' નો અર્થ શું છે?'

પતિ: ' 'નારી'નો અર્થ છે શક્તિ.'

પત્ની: 'તો પછી 'પુરુષ'નો અર્થ શું છે?'

પતિ: 'સહનશક્તિ.'

¤¤¤

એક ભાઈની ડેલી પાસે એક ભિખારી બેસીને જમતો હતો.

એ ભાઈએ ભિખારીને કહ્યું: 'આ શું કરે છે?'

'ખાઉં છું.'

'રોટલી કોરી કેમ ખાય છે? લાવ, ઘી લગાડી દઉં?'

‘ના. કાલે પણ તું શાક ગરમ કરવા લઈ ગયો હતો. એ હજુ સુધી નથી લાવ્યો.’

¤¤¤

શું તમે જાણો છો કે લગ્ન વખતે છોકરીઓને ઘૂંઘટમાં કેમ રાખવામાં આવે છે?

તેનું મોઢું એટલા માટે ઢાંકી રાખવામાં આવે છે કે, તેને જોઈને કોઈ એમ ન બોલી જાય કે ઓય, આ તો મારાવાળી જ છે.

¤¤¤

એક વખત ડી. એસ.પી. સાહેબ એક ગામડાની મુલાકાતે ગયા હતા. એક અભણ ખેડૂત એમની વાત સમજી શકતો જ નહોતો એ જોઈ એમનો ગુસ્સો માઝા મૂકી ગયોઃ ‘સાલા બ્લડી ફૂલ.’ એ બરાડી ઊઠ્યા.

પેલો માણસ ગભરાઈને એમના પગ પાસે બેસી જતાં કહેઃ ‘સાહેબ, ફૂલ તો તમે. અમે તો તમારાં ડાળખાં-પાંદડાં.’

¤¤¤

છગનઃ ‘તને ખબર છે?’

મગનઃ ‘શું?’

છગનઃ ‘પતિ કુટુંબનું માથું છે પણ પત્ની એની ડોક છે.’

મગનઃ ‘હા ભઈ! એ તો જ્યાં ડોક ફરે ત્યાં માથું જાય!’

¤¤¤

સંતા બેંક લોન પર કાર લેતાંઃ ‘લોનના હપ્તા ના ભર્યા હોય તો, કારવાળા કાર પાછી લઈ જાય છે.’

બંતાઃ ‘પહેલાં કહ્યું હોત તો લગ્ન પણ લોન લઈને કરત.

¤¤¤

છોકરીવાળા: 'અમારે એવો છોકરો જોઈએ છે જે પાન, સિગારેટ, દારૂ કંઈ જ ન લેતો હોય, ફકત બાફેલું અને ઉકાળેલું ખાતો હોય અને દિવસ-રાત ભગવાનનું ભજન કરતો હોય.'

પંડિત: 'એવો છોકરો તો તમને હોસ્પિટલના આઈ.સી.યુ. સિવાય બીજે ક્યાંય નહિ મળે!...'

¤¤¤

નટુ: 'તારા પિતાજી દરજી છે તોય તારું શર્ટ ફાટેલું છે? ખરેખર, આ તો બહુ શરમજનક વાત છે.'

ગટુ: 'મારી વાત છોડ. તારી વાત કર. શરમજનક વાત તો એ છે કે તારા પિતાજી દાંતના ડૉક્ટર છે તોય તારો નાનો ભાઈ વગર દાંતે જન્મ્યો!'

¤¤¤

એક છોકરો નિશાળમાં અંગેજીનાં પિરીયડમાં કાયમ ઈલેકટ્રીસીટી ને ઈલેક્ટ્રીકીટી બોલે...

સાહેબ ખિજાણા: 'તું ઈલેક્ટ્રીસીટી બોલ ઓ કે? પેલો છોકરો વળી વળી ને ઈલેક્ટ્રીકીટી બોલે.

સાહેબ: 'કાલે તારા પપ્પા ને બોલાવી લાવજે.'

પપ્પા આવ્યા, સાહેબે કમ્પ્લેઈન કરી: 'તમારો છોકરો ઈલેક્ટ્રીસીટી ને બદલે ઈલેક્ટ્રીકીટી બોલે છે.'

પપ્પા: 'નાનું છોકરૂં છે, એની બિચારાની હજી "કેપેકીટી" કેટલી?' સાહેબને બાપા તુંડમિજાજી લાગ્યા છોકરાને કીધું, અલ્યા તારા ઘરમાં બીજુ કોઈ વડીલ છે?

છોકરો: 'હા છે, દાદા.'

સાહેબ: 'કાલે એમને બોલાઈ લાવજે.'

ત્રીજા દિવસે દાદા આવ્યા. સાહેબે કમ્પ્લેઈન કરી તમારો પૌત્ર ઈલેક્ટ્રીસીટીને બદલે ઈલેક્ટ્રીકીટી બોલે છે.

દાદા: ‘હમજ્યા હવે આવી નાની નાની વાતુંની કાંઈ "પબ્લીકીટી" નો કરવાની હોય.

સાહેબ મનમાં: ‘મેઈન પ્રોડ્ક્ટમાં સાલુ લોચો છે આ તો!’

¤¤¤

એક માણસને ચોરીની બાઈક પર વિદેશી શરાબની પંદર બૉટલ લઈ જતાં પોલીસે પકડ્યો: ‘ચાલ પોલીસ ચૉકીએ.’ એમણે દાટી મારી.

પેલો માણસ કહે: ‘જમાદાર સાહેબ, આ બૉટલોય મારી નથી કે આ બાઈક પણ મારૂં નથી. મને ચૉકીએ લઈ જવાને બદલે આપણે અહીં જ તોડ મૂકીએ. મને શરાબ લઈ જવા દો અને બાઈક તમે લઈ જાવ.’

જમાદાર: ‘એમ નહીં. શરાબ તો પૂરાવો છે એટલે શરાબ હું લઈ જઈશ ને બાઈક તું લઈ જા. હવેથી ચોરીની બાઈક પર શરાબની હેરાફેરી ના કરતો.’

¤¤¤

એક કવિએ પોતાની કવિતા વાંચવાની શરૂ કરી.

‘વરસાદને આવવા દો!’

અચાનક બધા શ્રોતાઓ ઊભા થઈને ચાલવા લાગ્યા. કવિએ નવાઈ પામીને પૂછ્યું: ‘અરે બધા આમ ક્યાં જાઓ છો?’

‘છત્રી લેવા!’ જતાં જતાં એક શ્રોતાએ કહ્યું.

¤¤¤

રાતના બાર વાગે રસ્તે જઈ રહેલા એક માણસને પોલીસે પકડીને કહ્યું: ‘ચાલ પોલીસ સ્ટેશન.’

માણસઃ 'પણ મેં શું કર્યું છે?'

પોલીસઃ 'કશું નહિ. પણ મને એકલા જતાં બીક લાગે છે.'

¤¤¤

હથિયારો લઈને જતું એક પાકિસ્તાની મિલિટરી પ્લેન હવામાં હતું ને એમાં પેટ્રોલ ખલાસ થઈ ગયું ને ઊંધે માથે નીચે પડવા માંડ્યું. પાયલટે સોલ્જરોને કહ્યુંઃ પ્લેનમાંથી વજન બહાર ફેંકી દો.'

સોલ્જરોએ બધી રીવૉલ્વરો બહાર ફેંકી દીધી તોય પ્લેન સીધું ન થયું. પાયલટે ફરીથી વજન ઓછું કરવા કહ્યું ને સોલ્જરોએ બધી રાયફલો બહાર ફેંકી દીધી. તોય પ્લેન સીધું ન થયું.

છેવટે જ્યારે બધી મીસઈલો બહાર ફંકી દીધી ત્યારે પ્લેન માંડ સીધું થયું જેમતેમ કરીને નીચે ઊતર્યું.

બધા જીપમાં બેસીને હેડ ક્વાર્ટર જવા નીકળ્યા ત્યાં ત્રણ ગભરાયેલા છોકરાઓ સામે મળ્યા. એક કહેઃ 'મારા ખભા પર રીવૉલ્વર પડી.'

બીજો કહેઃ 'મારા પગ પર રાયફલ રડી.'

તો ત્રીજો કહેઃ 'મારે તો ખરું થયું. મેં છીંક ખાધીને આખું મકાન ઊડી ગયું.'

¤¤¤

વિકીપીડીયાઃ 'મારી પાસે બધું જ જ્ઞાન છે.'

ગુગલઃ 'મારી પાસે બધી માહિતી છે.'

ફેસબુકઃ 'હું બધાને ઓળખું છું.'

ઈન્ટરનેટઃ 'એક મિનિટ, મારા વિના તમે બધા નકામા છો.'

ત્યાં તો દૂરથી ઈલેક્ટ્રીસિટી કંપની બોલી: ‘આવાઝ નીચે.’

¤¤¤

પહેલા વર્ષે: ‘સાંભળો ખાવાનું ખાઈ લો. ક્યારનું તમે કશું ખાધું નથી’

બીજા વર્ષે: ‘જી ખાવાનું તૈયાર છે.’

ત્રીજી વર્ષે: ‘ખાવાનું તૈયાર છે જ્યારે ખાવું હોય કહી દેજો.’

ચોથા વર્ષે: ‘ખાવાનું રાંધીને રાખ્યું છે હું બજાર જાઉં છું ..પોતે ખાઈ લેજો.’

પાંચમા વર્ષે: ‘હં કહં છું આજે મારાથી ખાવાનું નહી બનશે હોટલથી લઈ આવો.’

છઠ્ઠા વર્ષે: ‘જ્યારે જુઓ ત્યારે ખાઉ ખાઉ કરો છો. હમણાં સવારે તો ખાધું હતું!’

¤¤¤

મગન: ‘બોલ છગન, તને બે મિનિટ માટે વડાપ્રધાન બનાવે તો શું કરે?’

છગન: ‘મેગી બનાવું. બીજું તો શું કરું બે મિનિટમાં?’

મગન: ‘ધારો કે પાંચ વર્ષ માટે બનાવે તો શું ધાડ મારે?’

છગન: ‘ના રે બાપ, હું ના બનું પાંચ વર્ષ માટે.’

મગન: ‘કેમ?’

છગન: ‘અરે, એટલી બધી મેગી ખાય કોણ?’

¤¤¤

લીલી લાલુને ત્યાં બકરી લઈને આવી.

લાલુ કહે: 'એ ભેંસ કો મેરે ઘર મેં ક્યું લાઈ?'

લીલી: 'અરે બુધ્ધુ, યે ભેંસ નહીં બકરી હૈ.'

લાલુ: 'હમ તુજે નહીં યે બકરી કો પૂછતા હું.'

¤¤¤

મહેશ: 'નરેશ, તને ખબર છે, હું મારા વાળ હંમેશા બીયરથી જ ધોઉં છું.'

નરેશ: 'તેનાથી શું થાય?'

મહેશ: 'તેનાથી મારા માથાની જૂ અને લીખો હંમેશા નશામાં રહે છે.'

¤¤¤

ચિન્ટુ નિશાળે જઈ રહ્યો હતો. રસ્તામાં એક પુલ આવતો હતો. પુલ પરથી ચિન્ટુએ જોયું કે એની સ્કૂલના પ્રિન્સિપાલ નદીમાં ડૂબી રહ્યા હતા.

ચિન્ટુ ઝડપથી દોડીને પુલ પાર કરીને, બજારના ચોકમાંથી નીકળી, શોર્ટ-કટની ગલીમાં ઘૂસીને, ત્રણ મકાનનાં છાપરાં કૂદીને, ભાગતી ટ્રકમાં કૂદકો મારીને, આગળ એક બાઈકવાળાની સીટ પાછળ બેસીને, પછી દોસ્તની સાઈકલ ઝૂટવીને ધમધમાટ કરતાં સાઈકલ ભગાવીને ફાયરબ્રિગેડના સ્ટેશન પાસે આવેલી સ્કૂલમાં દાખલ થઈને બૂમ પાડવા લાગ્યો: 'એ બધા સાંભળો, કાલે રજા છે!'

¤¤¤

એક વાર એક પોપટ એક કારથી અથડાઈને પડી ગયો.

કારવાળાએ એને સારવાર કરી પાંજરામાં રાખી દીધો.

બીજા દિવસે પોપટને ભાન આવ્યું

'તો, આઈલા જેલ! શું કારવાળો મરી ગયો કે શું?

¤¤¤

રમણ: 'તું મંદિરમાં રોજ શું કામ જાય છે?'

ચમન: 'કારણ કે મંદિર જ એક એવી જગ્યા છે જ્યાં મને જ્યાં પૂજા, આરાધના, ભાવના, શ્રધ્ધા, આરતી, અર્ચના, જ્યોતિ અને શાંતિ મળે છે.'

¤¤¤

શિક્ષક: 'કોઈ એવું વાક્ય બનાવો જેમાં ઉર્દૂ, હિંદી, પંજાબી, અંગ્રેજી બધું આવે.'

ટપુ: 'ઈશ્ક દી ગલી વીચ નો એન્ટ્રી...'

¤¤¤

ગ્રાહક: 'તમે તો કહેતા હતા કે જલેબી તાજી છે. મેં ખાધી તો એ તો મને વાસી લાગી.'

દુકાનદાર: 'સાહેબ, મેં તો જલેબી તાજી જ બનાવી હતી, ગ્રાહકો ચાર ચાર દિવસ પછી આવે તો અમારો શું વાંક?'

¤¤¤

એક માણસે પોતાના ખંડમાં ચારે તરફ પ્રાર્થનાઓ ચોંટાડી હતી. એ જોઈ એના મિત્રએ પૂછ્યું: 'તું દરરોજ આટલી બધી પ્રાર્થનાઓ કરે છે?'

'ના, ના. ભગવાનને પ્રાર્થના કરું છું કે આ બધી ચોપડીઓ વાંચી લે. મને વાંચવાનો બહુ કંટાળો આવે છે.'

¤¤¤

સાસુ (દેશમાં): એક એવી સ્ત્રી કે જે વહુને હેરાન કરવાની છાપ ધરાવતી હોય.

સાસુ (પરદેશમાં): એક એવી સ્ત્રી કે જેને નારાજ કરવાનો વહુ વિચાર પણ ન કરી શકે. ભલા, વગર પગારે

આવી કાળજીવાળી બેબીસીટર કમ રસોયણ ક્યાં મળવાની હતી!

દીકરો (દેશમાં): જ્યારે તમે બહાર જતા દો કે બહારથી આવતા હો ત્યારે વગર કહ્યે તમારી બેગ ઊંચકી લે અને પડ્યો બોલ ઉપાડે.

દીકરો (વિદેશમાં): જ્યારે એને લોન કાપવાનું કામ સોંપો ત્યારે જ એને યાદ આવે કે એનું હોમવર્ક કરવાનું બાકી છે. તમે એને કાંઈક કહો તો એ ફક્ત સાંભળવાનો દેખાવ કરે કારણ કે એના મનમાં એક વાતની ખાતરી હોય છે કે એનાં પૉકેટ મની, ટ્યુશન ફી અને ગેસનાં બીલ તમે જ ભરવાના છો.

દીકરી (દેશમાં): જ્યારે એનાં લગ્ન થાય ત્યારે આંખમાં આંસુ લાવી દે છે.

દીકરી(પરદેશમાં): એક એવી ઢીંગલી કે જે એનાં લગ્ન પહેલાં ઘણાં અગાઉથી તમારી આંખમાં આંસુ લાવી દે છે.

ગ્રીનકાર્ડ હોલ્ડર(દેશમાં): ઈંગ્લીશમાં જ વાત કરે, રૂપાળી છોકરીઓનાં માબાપ એની પાછળ આંટા મારતાં હોય ને અમેરિકામાં એની પાસે બી. એમ. ડબલ્યુ. ગાડી છે એમ કહેતો ફરતો હોય.

ગ્રીનકાર્ડ હોલ્ડર (પરદેશમાં): પૂરાં બે વાક્યોય ઈંગ્લીશમાં સરખાં બોલી શકતો ન હોય, કાયમ જેકેટ પહેરી રાખતો હોય અને સપનાં જોતો હોય કે એની પાસેય જૂની તો જૂની પણ એક બી. એમ. ડબલ્યુ. કાર હોય.

¤¤¤

એક કોલેજિયન: ‘હું નારિયેળના ઝાડ ઉપર ચઢી જાઉં તો એન્જિનિયરીંગ કૉલેજની છોકરીઓને જોઈ શકીશ.’

બીજો કોલેજિયન: ‘હા, પણ ઉપર જઈને હાથ છોડી દઈશ તો મેડિકલ કૉલેજની છોકરીઓને પણ જોઈ શકીશ!’

¤¤¤

સતીશ: 'કાલે દસ જણાએ ભેગા મળીને મને એકલાને માર્યો.'

મનીષ: 'પછી તેં શું કર્યું?'

સતીશ: 'મેં કહ્યું એક એક કરીને આવો.'

મનીષ: 'પછી?'

સતીશ: 'પછી શું બધાએ એક એક કરીને ફરી મને માર્યો.'

¤¤¤

એક વખત એક કંપનીના બૉસ પરદેશની એક મહિનાની ટ્રીપ મારીને આવ્યા પછી પોતાના પરદેશના રમૂજી અનુભવો સ્ટાફને સંભળાવતા હતા. આખો સ્ટાફ એ સાંભળીને પેટ પકડીને હસી રહ્યો હતો સિવાય કે મિસ મહેતા.

છેવટે બૉસે એને પૂછ્યું: 'મિસ મહેતા, તમને રમૂજમાં સમજણ પડે છે કે પછી તારામાં રમૂજવૃત્તિનો જ અભાવ છે?'

'મારે બધાની જેમ ખોટે ખોટું હસવાની જરૂર નથી. આવતે મહિને હું આ ઑફિસમાંથી છૂટી થવાની છું.'

¤¤¤

સાયન્સના પ્રોફેસર: 'ઓક્સીજન કી ખોજ 1773 મેં હુઈ થી.'

સન્તા: 'થેન્ક ગોડ. મૈં ઉસ સે પહેલે પૈદા હોતા તો મર જાતા!'

¤¤¤

ખૂબ આળસુ માણસ વાળંદની દુકાને જઈને ડોક નીચી કરીને ખુરશીમાં બેસી ગયો.

વાળંદ: 'દાઢી બનાવવાની છે કે વાળ કપાવવાના છે?'

આળસુ માણસ: 'દાઢી બનાવવાની છે.'

વાળંદ: 'જરા ડોક ઊંચી કરો ને.'

આળસુ માણસ: 'ડોક ઊંચી કરવી પડશે? એ કરતાં તો વાળ જ કાપી નાંખ ને.'

¤¤¤

સંપટે એની ઑફિસમાંથી ઘેર ફોન કર્યો: 'એક મોટો સોદો પતે એમ છે. મારે આજે તેમની સાથે ફિશિંગ ટ્રીપ પર જવું પડશે. તું એમ કરજે ને મારી જરૂરી કપડાંની અને ફિશિંગની બેગ તૈયાર રાખજે. હું એક કલાકમાં આવું છું. ને હા મારો નાઈટ ડ્રેસ મૂકવાનું ભૂલતી નહીં.

કલાકેક પછી ઘેર આવી એ બેય બેગો લઈને નીકળી ગયો.

ચારેક દિવસ પછી એ ઘેર આવ્યો ત્યારે એની પત્નીએ સામાન્ય જ પૂછ્યું: 'કેવી રહી તમારી ફિશિંગ ટ્રીપ?'

'અરે, વંડરફૂલ, પણ તું મારો નાઈટડ્રેસ પેક કરવાનું ભૂલી ગઈ હતી. મારે આટલા દિવસ એના વગર જ ચલાવી લેવું પડ્યું.'

'બને જ નહીં. મેં એ કાળજીથી પેક કરીને તમારી ફિશિંગ બેગમાં ઉપર જ તો મૂક્યો હતો.'

¤¤¤

કોમેન્ટ્રેટર: 'તેંડુલકર ઓન સ્ટ્રાઈક. દેખતે હૈ અબ ક્યા હોતા હૈ.'

છગનબાપુ: 'ટીવી બંધ કર અલ્યા. આજથી મેચ જોવાનું જ બંધ. સચિન સ્ટ્રાઈક પર ગયો. આટલું કમાય છે તોય પાછો સ્ટ્રાઈક પર?'

¤¤¤

સંતાની રોટલી પરથી ઉંદર દોડી ગયો.

સંતા: ‘હવે હું આ રોટલી નહીં ખાઉં.’

બંતા: ‘અરે ખાઈ લે યાર, ઉંદરે વળી ક્યાં ચંપલ પહેર્યા હતાં!’

¤¤¤

તમે જાણો છો ગ્લોબલાઈઝેશનની ઊંચાઈ કેટલી છે?

પ્રિન્સેસ ડાયેનાના મોત જેટલી. જાણો કેવી રીતે!

એક અંગ્રેજ પ્રિન્સેસ એના ઈજીપ્શિયન દેસ્ત સાથે ફ્રેન્ચ ટનલમાં, ડચ એન્જીનવાળી જર્મન કાર જેને સ્કોટીશ વ્હીસ્કી પીધેલો એક બેલ્જીયન ડ્રાયવર ચલાવતો હતો તેમાં જઈ રહી હતી.

આ વિગતો તમને એક ઈંડિયન, બીલ ગેટ્સે કદાચ જાપાન પાસેથી ચોરી લીધેલી ટેક્નૉલૉજી પર આપે છે. અને તમે કદાચ આઈ. બી. એમ.ના કૉમ્પ્યુટર કે જે તાઈવાનમાં બન્યું હશે અને એને કોઈ બાંગ્લાદેશી કામદારે સિંગાપોરમાં એસેમ્બલ કર્યું હશે અને કોઈ પાકિસ્તાની ડ્રાઈવરે ટ્રાન્સપોર્ટમાંથી ચોરી લીધું હશે ને જે તમને કોઈ ચાઈનીઝે પધરાવ્યું હશે તેના પર વાંચી રહ્યા હશો.

આનું નામ છે ગ્લોબલાઈઝેશન.

¤¤¤

ભારતે મંગળ ગ્રહ પર મોકલેલું અવકાશયાન એટલું ધીમું ધીમું જાય છે કે જ્યારે તે મંગળ ગ્રહ પર ઉતરશે ત્યાં સુધીમાં...... દિપક ચોરસીયા કેમેરામેન મુકેશ સાથે એનું કવરેજ કરવા અગાઉથી પહોંચી ગયા હશે!

¤¤¤

પતિ: 'મેં તને જોયા વગર જ લગ્ન કર્યાં ને?'

પત્ની: 'મારી હિંમતને દાદ આપો. મેં તો તમને જોયેલા હતા ને તોય લગ્ન માટે હા પાડી!'

¤¤¤

ન્યાયાધીશ (ચોરને): 'તને ગુનામાંથી મુક્ત કરવામાં આવે છે.'

ચોર: 'કેમ?'

ન્યાયાધીશ: 'તારા વકીલે સાબિત કર્યું છે કે તેં ચોરી નથી કરી.'

ચોર: 'તો તો પકડાયેલું સોનુ, ઝવેરાત અને ઘડિયાળ બધું જ મને પાછું મળશે ને...'

¤¤¤

લીનાએ ડીનર ટેબલ તૈયાર કરવામાં એની મમ્મીને મદદ કરી.

બધા જમવા બેઠા ત્યાં લીનાની મમ્મીને એક ભૂલ જણાઈ. એણે લીનાને કહ્યું: 'બેટા, તું રવિકાકાની ડીશની બાજુમાં ફોર્ક અને નાઈફ મૂકવાનું ભૂલી ગઈ છે તે લઈ આવીશ?'

'એમને એની જરૂર નથી એટલે નથી મૂક્યાં. પપ્પા કહેતા હતા કે રવિકાકા ઘોડાની જેમ ખાય છે.

¤¤¤

સંતાએ જિંદગીનું સૌથી સ્માર્ટ પગલું ભર્યું. એણે એના તમામ પાસવર્ડ આવા બનાવી દીધા: Incorrect. એટલે જ્યારે પણ એ ભૂલી જાય કે તરત જ કોમ્પ્યુટર એને યાદ કરાવે: 'Your password is Incorrect.'

¤¤¤

પ્રશ્ન: ‘આળસ શું છે?’

જવાબ: ‘થાકી જવાની ક્ષણો આવે એ પહેલાં જ આરામ કરી લેવાની કળા! કારણ કે પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર!’

¤¤¤

મકાનમાલિક: ‘હું તમને ત્રણ દિવસનો સમય આપું છું. જો ત્રણ દિવસમાં ભાડું ન આપ્યું તો મકાન ખાલી કરવું પડશે.’

ભાડૂઆત: ‘અચ્છા. તો પછી હું ક્રિસમસ, હોળી અને દિવાળીને એ ત્રણ દિવસ તરીકે પસંદ કરું છું.’

¤¤¤

મિકેનિકલ એન્જીનિયર અને સિવિલ એન્જીનિયર વચ્ચે શો તફાવત છે?

મિકેનિકલ એન્જીનિયર શસ્ત્રો બનાવે છે ને સિવિલ એન્જીનિયર એને વાપરવા માટેનાં ટાર્ગેટ બનાવે છે.

¤¤¤

શિક્ષક: ‘મનુ, એક એવા પ્રાણીનું નામ આપ કે જે પાણી અને જમીન બંને પર રહી શકતું હોય.’

મનુ: ‘સાહેબ, દેડકો.’

શિક્ષક: ‘શાબાશ , બીજા પ્રાણીનું નામ આપ.’

મનુ: ‘સાહેબ, બીજો દેડકો.’

¤¤¤

સંતા: ‘અરે ડોક્ટર સાહેબ, મારા ઉપરનો દાંત દુખતો હતો, તમે તો નીચેનો દાંત કાઢી નાખ્યો! આ શું કર્યું?’

ડૉક્ટર ગરબડદાસ: ‘હા, પણ વાત એમ છે કે સડો નીચેના દાંતમાં જ હતો. એ જંતુઓને ઊંચે પહોંચાતું નહોતું

એટલે નીચેના દાંત પર ઊભા રહીને ઉપરનો દાંત ખાતા હતા, એટલે મેં નીચેનો દાંત જ કાઢી નાખ્યો!'

¤¤¤

એક અવકાશયાત્રીને એક વખત એક પત્રકારે પૂછ્યું: 'તમે જ્યારે અવકાશમાં હો છો ત્યારે તમને કેવું લાગે છે?'

'તમને કેવું લાગે જ્યારે તમે એવી જગ્યાએ ફસાઈ ગયા હો અને તમારા બચવાનો એકમાત્ર આધાર એવા 20,000 પૂર્જાઓ પર હોય કે જે સૌથી ઓછા ભાવ ભરનારે સપ્લાય કરેલા હોય!'

¤¤¤

પત્ની: 'તમને શરમ નથી આવતી હું એક કલાકથી બોલી રહી છું અને તમે દર મિનીટે બગાસાં ખાઓ છો?'

પતિ: 'હું બગાસાં નથી ખાતો. હું કંઈક કહેવાનો પ્રયત્ન કરું છું.'

¤¤¤

બપોરના સમયે એક ભિખારી બાજુમાં પાટિયું રાખીને સૂઈ ગયો. પાટિયા પર લખ્યું હતું: 'સિક્કા નાખીને ઊંઘમાં ખલેલ કરવી નહીં, નોટ જ મૂકજો!'

¤¤¤

છગન: 'તમારો કૂતરો તો સિંહ જેવો લાગે છે.'

ભૂરો: 'અલ્યા એ સિંહ જ છે. પણ પ્યાર ફ્યારના ચક્કરમાં પડ્યો, ત્યારથી કૂતરા જેવો દેખાવવા લાગ્યો.'

¤¤¤

એક સૈનિકને એની વિવાહિતા છોકરી તરફથી એની સગાઈ તોડી નાખ્યાનો પત્ર મળ્યો. એમાં એણે જણાવ્યું હતું:

‘તારી પાસે મારો જે ફોટો છે એ વળતી ટપાલે પાછો મોકલી આપજે.’

આ સૈનિકે પોતાના દોસ્તો પાસેથી માગીને દસ-પંદર છોકરીઓના ફોટા પેલીને મોકલી આપ્યા અને સાથે લખ્યું: ‘આમાં તારો ફોટો કયો છે એ મને યાદ નથી. આમાંથી તારો ફોટો રાખીને બાકીના મને વળતી ટપાલે પાછા મોકલી આપજે,’

¤¤¤

બે મિત્રો પરીક્ષામાં નપાસ થઈને વાત કરી રહ્યા હતા.

એક મિત્ર: ‘કંટાળી ગયા યાર, ચાલ આત્મહત્યા કરી લઈએ.’

બીજો મિત્ર: ‘ચસકી ગયું છે? આ બધું બાલમંદિરથી ફરી ભણવું પડશે, રહેવા દે!’

¤¤¤

કાળુભાએ કસ્ટમર કેરમાં ફોન કરીને પૂછ્યું: ‘મારી ભેંસ મારું સીમકાર્ડ ગળી ગઈ છે.’

કસ્ટમરકેરનો માણસ: ‘તો એમાં હું શું કરી શકું?’

કાળુભા: ‘ના, એટલે મારે તો ફક્ત એટલું પૂછવું છે કે તમે કોઈ રોમિંગ ચાર્જ તો નથી લગાડતા ને?’

¤¤¤

એક આયરીશ રોજ બારમાં એક સામટાં ત્રણ મગ મંગાવતો. એ જોઈને એક દિવસ બારમાં કામ કરતી એક છોકરીએ એને આમ કરવાનું કારણ પૂછ્યું તો એ કહે: અમે ત્રણ ભાઈઓએ નક્કી કર્યું હતું કે કાયમ સાથે જ પીશું. હવે એ બેય તો પરદેશ ચાલ્યા ગયા છે એટલે હું આમ ત્રણ મગ સામટા મંગાવું છું ને એકમાંથી મારો ઘૂંટડો ભરું છું પછી મારા નાના ભાઈના વતીનો ને ત્રીજામાંથી મારા મોટાભાઈના વતીનો.’

પણ એક વરસ પછી એક સાંજે એણે બે જ મગનો ઑર્ડર કર્યો એટલે પેલી છોકરીને કશંક અમંગળ બન્યાની શંકા આવી. તેણે પેલાને કહ્યુંઃ ‘તમારા ત્રણ ભાઈઓની જોડી ખંડિત થઈ એ બદલ દિલગિર છું.’

‘એવું કશું નથી, ડીયર, આજથી મેં પીવાનું બંધ કર્યું છે એટલે બે જ મગ મંગાવ્યા છે.’

¤¤¤

એક વ્યક્તિને કાનમાં ચળ આવી એટલે એણે કાનમાં સ્કૂટરની ચાવી ફેરવવાનું શરૂ કર્યું. થોડો સમય વીત્યા પછી એક વ્યક્તિએ કહ્યું: 'ભાઈસાબ! જો સ્ટાર્ટ ન થતું હોય તો ધક્કો મારી દઉં?’

¤¤¤

ભિખારીઃ ‘બેન થોડું ખાવાનું આલો બા.’

ગૃહિણીઃ ‘હજી જમવાનું થયું નથી.’

ભિખારીઃ ‘કંઈ વાંધો નહીં બેન, મારો મોબાઈલ લખી લો. ખાવાનું થઈ જાય એટલે એક મિસકોલ મારજો.’

¤¤¤

ઉનાળામાં બાજરી ને શિયાળામાં કપાસ,

વાહ

ઉનાળામાં બાજરી ને શિયાળામાં કપાસ,

ટીનૂડી તારી યાદમાં હું, સાતે સાતમાં નપાસ.

¤¤¤

એક માણસ તરવાનું શીખ્યો નહોતો છતાં પાણીમાં કૂદી પડ્યો. ડૂબતાં ડૂબતાં એના હાથમાં એક માછલી આવી ગઈ. એણે માછલીને કિનારા ઉપર ફેંકીને કહ્યું: ‘કંઈ નહિ તો તારો જીવ તો બચાવી લઉં!’

¤¤¤

મેન્ટલ હોસ્પિટલના ડૉક્ટરે એની પત્નીને કહ્યું: 'આ પાગલોની સાથે રહીને હું અડધો પાગલ થઈ ગયો હોઉં એવું લાગે છે.'

પત્ની: 'ક્યારેક તો કોઈ કામ પૂરું કરો.'

¤¤¤

ભિખારી: 'પહેલાં તમે દસ રૂપિયા આપતા હતા. પછી પાંચ કર્યા અને હવે ફક્ત એક જ રૂપિયો આપો છો. આવું કેમ?'

શેઠ: 'પહેલાં હું કુંવારો હતો. પછી લગ્ન કર્યાં ને હવે છોકરાં પણ છે. એટલે શું કરું, દોસ્ત?'

ભિખારી: 'હમ્મ, એટલે તમે મારા પૈસાથી જ ઘર ચલાવો છો, એમ ને?'

¤¤¤

મા (તોતડા છોકરાને): 'આજે છોકરી જોવા જવાનું છે, તું ત્યાં કંઈ બોલતો નહીં.'

દીકરો: 'થીત છે.'

જ્યારે છોકરીવાળાને ત્યાં છોકરી ચા લઈને આવી ત્યારે ચા પીતાં છોકરો બોલ્યો: 'ધલમ છે ધલમ છે.'

છોકરી તરત બોલી: 'ઓએ, ફૂત માલ, ફૂત માલ.'

¤¤¤

એક કિલ્લો બનાવવા માટે હજારો કારીગરો જોઈએ. એક રાષ્ટ્રની રક્ષા કરવા માટે લાખો સૈનિકો જોઈએ. પણ આખા ઘરને ઘર બનાવવા માટે એક સ્ત્રી જ બસ છે. આવો આજે આપણે એનો આભાર માનીએ: થેન્ક યુ કામવાળી!

¤¤¤

છોકરો: 'વ્હાલી, તારા માટે મારા હૃદયનાં દ્વાર ખુલ્લાં છે.'

છોકરી: 'સેન્ડલ કાઢું કે!'

છોકરો: 'કંઈ જરૂર નથી. આ કંઈ મંદિર થોડું છે!'

¤¤¤

બે ગપ્પીદાસો વાતો કરી રહ્યા હતા.

એકે કહ્યું: 'જ્યારે હું બર્મામાં હતો ત્યારે ત્યાં એક વાઘ ધસી આવ્યો. એ વખતે શું કરવું તેની મને કાંઈ ગમ પડતી નહોતી એટલે મેં તો પાણીની છાલક તેની આંખો અને મોં ઉપર મારી અને એ યુક્તિ આખર કામ કરી ગઈ. વાઘ તુરત જ ત્યાંથી ભાગી ગયો'

આ સાંભળી બીજો ગપ્પીદાસ બોલી ઊઠયો: 'હા. તદ્દન સાચી વાત છે. હું એ વખતે ત્યાંથી જ પસાર થઈ રહ્યો હતો. જ્યારે એ વાઘ મારી તદ્દન નજીકથી પસાર થયો ત્યારે તેની મૂછોને મેં હાથ ફેરવ્યો ત્યારે ભીની હતી.'

¤¤¤

રાત્રે બે વાગ્યાની ટ્રેનમાંથી ઊતરીને ગણપતલાલે ઘરે જવા રીક્ષા કરી. આગળ જમણી બાજુ વળવાનું હતું એટલે ગણપતલાલે રીક્ષાવાળાને ટપલી મારી. રીક્ષાવાળાએ બેલેન્સ ગુમાવ્યું અને રીક્ષા ફૂટપાથ પર ચડીને, ખોખાં ગબડાવી, કચરાના ઢગલાં પર ચઢીને, હવામાં ઉછળી સીધી થાંભલા સાથે ભટકાઈ! પણ સારું થયું કે બંને જણાં બચી ગયા.

કપડાં ખંખેરતા રીક્ષાવાળાએ કહ્યું: 'કાકા, કોઈ દિવસ આવું નહીં કરવાનું. હું તો જબરજસ્ત ડરી ગયો!'

ગણપતલાલ કહે: 'પણ મેં તો ખાલી તારા ખભે ટપલી જ મારી હતી.'

રીક્ષાવાળો: 'હા, પણ આ પહેલાં હું મડદાં લઈ જતી વાન ચલાવવાનું કામ કરતો હતો ને!'

¤¤¤

ભિખારી: 'ભાઈ, એક રૂપિયો આપોને, ત્રણ દિવસથી ભૂખ્યો છું.'

કારચાલક: 'એક રૂપિયાનું શું કરીશ એ જણાવ.'

ભિખારી: 'વજન ચેક કરીશ કે કેટલું ઘટી ગયું છે.'

¤¤¤

એક મંદિરની બહાર બેઠેલો એક ભિખારી બૂમો મારતો હતો: 'બહેન, પાઈ પૈસો આપો. આ અપંગની મદદ કરો.'

એક ભાઈને દયા આવી, તેમણે પર્સ ખોલ્યુ પણ છુટ્ટા પૈસા ન મળ્યા, તેથી બોલ્યો: 'ભાઈ આજે છુટ્ટા નથી કાલે આપીશ.'

ભિખારી: 'આ ઉધારીમાં જ મને હજારોનું નુકશાન થઈ ગયુ છે.'

¤¤¤

પતિ-પત્નીમાં લડાઈ થઈ રહી હતી.

પતિ: 'રોજ રોજના ઝઘડાથી તો સારું છે કે આત્મહત્યા કરી લેવાય.'

પતિ બજારથી ઝેર લઈને આવ્યો, ખાધું પરતું મર્યો નહીં.

પત્ની: 'હજાર વખત કીધું કે કંપનીની ચીજ લાવો, સમજતા જ નથી. હવે જુઓ રૂપિયા પણ ગયા અને કામ પણ ન થયું.'

¤¤¤

એક દિવસ એક ભિખારીએ ગેંડાલાલ સામે બે વાડકા મૂકી દીધા. ગેંડાલાલે વાડકામાં સિક્કો નાખતાં ભિખારીને પૂછ્યું: 'બીજો વાડકો શું કામ મૂક્યો છે?'

'આ મારી કંપનીની બીજી બ્રાન્ચ છે!' ભિખારીએ ખુલાસો કર્યો.

¤¤¤

નર્સરીના ક્લાસમાં એક નાના છોકરાએ પૂછ્યું: ‘ભગવાન ક્યાં છે?’

બાળક, હાથ ઉપર કરીને: ‘મને ખબર છે.’

ટીચર: ‘હાં બતાવ.’

બાળક: ‘અમારા બાથરૂમમાં.’

ટીચર: ‘તને કેવી રીતે ખબર પડી?’

બાળક: ‘રોજ સવારે મારી મમ્મી બાથરૂમનો દરવાજો ખખડાવીને કહે છે, હે ભગવાન. તમે હજી સુધી અંદર જ છો!’

¤¤¤

સંતા: ‘અરે બંતા, કોઈ આવ્યા છે, તે સ્વિમિંગ પુલ માટે ફાળો ઉઘરાવી રહ્યા છે.’

બંતા: ‘એમને એક ગ્લાસ ભરીને પાણી આપ.’

¤¤¤

રોજ ઝડપથી સ્ટેશને આવતા મહેશભાઈ નવ ને પચીસની ફાસ્ટ ઘણી વખત ચૂકી જતા. એક દિવસ તેઓ સમયથી પહેલાં આવ્યા. ગાડી આવી તેમ છતાં તેઓ તેમાં ન ચઢ્યા.’

બીજો મુસાફર: ‘તમારે જ્યાં જવું છે ત્યાં આ ગાડી ઊભી નથી રહેતી કે શું? તમે કેમ ન ચઢ્યા?’

મહેશ: ‘રોજ ગાડી મને દગો દે છે, આજે મેં ગાડીને દગો દીધો.’

¤¤¤

સુરતીલાલો પંડિતને: ‘મને સંસ્કૃત શીખવો.’

પંડિત: ‘એ દેવોની ભાષા છે.’

સુરતી: ‘એટલે જ તો શીખવી પડે ને? મરીને સ્વર્ગમાં ગયો તો?’

પંડિત: ‘ને નરકમાં ગયો તો?’

સુરતી: ‘તો કાંઈ વાંધો ની મળે? હુરટી ટો મને પાક્કી આવડતી જ છે ને!’

¤¤¤

ભિખારી: ‘મણીબેન, કંઈક ખાવાનું આપો. બાજુવાળાં મંછાબેને પણ આપ્યું છે.’

મણીબેન: ‘એમ, તેણે શું આપ્યું?’

ભિખારી: ‘રોટલી, શાક, ભાત વગેરે.’

મણીબેન: (ઘરમાં અંદર જઈ, બહાર આવી) ‘તો તો લે આ પડીકી. મંછાબેને આપ્યું છે તો જરૂર એ પચાવવા આ પડીકીમાંના ચુર્ણની તને જરૂર પડશે!’

¤¤¤

‘મેં એક છોકરીની મદદ કરી તો તેણે મને થેન્ક્યૂ કીધું. મેં કીધું: ‘થેન્ક્યૂ નહીં, મારો ફોન નંબર લે અને ત્રણ છોકરીઓને આપજે. એ ત્રણેયને કહેજે અન્ય ત્રણને આપે.’

¤¤¤

મીની અને ટિંકુ રજા હોવાથી ઘરે રમત રમતા હતા, તેમાં મીની જોર-જોરથી બૂમો પાડી રહી હતી.

મમ્મી: 'મીની, આટલી જોરથી બૂમો કેમ પાડી રહી છો? જો ટિંકુ કેટલો શાંત છે!'

મીની: એ તો અમે રમત રમીએ છીએ; તેમાં હું મમ્મી બની છું, અને ટિંકુ ડેડી બન્યો છે.

¤¤¤

બે મિત્રો પોતાની ગર્લફ્રેન્ડ વિશે વાતો કરી રહ્યા હતા.

અનિલ: 'કાલે મેં નીતાના હાથની માંગણી કરી જ લીધી.'

દિપલ: 'એ તો ખૂબ સારું કહેવાય, તેણે શો જવાબ આપ્યો?'

અનિલ: 'શું સારું કહેવાય? તેણે હાથ તો આપ્યો પણ હાથમાં નહીં. ગાલ પર.'

¤¤¤

શેઠ કારીગર શંભુના કામથી ખુશ થતાં બોલ્યા: 'લે શંભુ આ પગાર ઉપરાંત સો રૂપિયા વધારે. પત્નીને લઈ આજે સાંજના ફિલ્મ જોવા જજે.'

સાંજના શંભુ પાછો આવ્યો.

શેઠ: 'એલા શંભુ, પાછો કેમ આવ્યો?'

શંભુ: 'ફિલ્મ જોવા જવી છે એટલે તમારી પત્નીને લેવા આવ્યો છું.'

¤¤¤

એક વખત એક કંજૂસ છોકરાને એક કંજૂસ છોકરી સાથે પ્રેમ થઈ જાય છે.

છોકરી: 'જયારે મારા પપ્પા ઘરે નહીં હોય ત્યારે હું ગલીમાં એક સિક્કો નાંખીશ અવાજ સાંભળીને તું તરત જ અંદર આવી જજે.

છોકરો એક કલાક બાદ આવ્યો.

છોકરી: 'આટલી વાર ક્યાં કરી?'

છોકરો: 'હું તો સિક્કો શોધતો હતો.'

છોકરી: 'એ તો દોરા સાથે બાંધીને નાંખ્યો હતો. તે પાછો ખેંચી લીધો.'

¤¤¤

બારમા ધોરણમાં નાપાસ થયેલા નૈનેશે એના પપ્પાને કહ્યું, 'ખરાબ અક્ષરો નડ્યા, નહિતર હું પાસ થઈ જાત.'

'પણ તારા અક્ષર તો ખૂબ જ સારા છે ને!' પપ્પાએ કહ્યું.

'તમે ગોઠવેલો જે માણસ મને કાપલીઓ દેવા આવતો હતો એના અક્ષર બહુ ખરાબ હતા.'

¤¤¤

બાપુએ પુત્રને કહ્યું: 'તું કેમ ગભરાય છે? ડાક્ટરે તને ખતરાથી બહાર હોવાનું જણાવ્યું છે.'

પુત્ર: 'પણ બાપુ જે ખટારાથી હું ટકરાયો હતો, તેની પર લખ્યું હતું ફીર મીલેંગે.'

¤¤¤

રમેશ કીડા, મકોડા તેમજ પશુપંખીની દુકાને ગયો.

રમેશ: 'તમે માંકડ ત્થા ઉંદરડા રાખો છો?'

દુકાનદાર: 'હા, કેટલા આપું?'

રમેશ: 'સો માંકડ અને પચાસ ઉંદરડા.'

દુકાનદાર: 'સો માંકડ! પચાસ ઉંદરડા! આટલા બધાનું શું કરવું છે?'

રમેશ: 'ઘર ખાલી કરવાનું છે, અને મકાન માલિકને

જેવું હતું તેવું જ પાછું દેવાનું છે.'

¤¤¤

પુરુષ: 'સારું પરફ્યુમ છે? કઈ કંપનીનું છે? હું મારી પત્નીને ગિફ્ટ કરવા ઈચ્છું છું.'

મહિલા સેલ્સવુમન: 'રહેવા દો, ના આપતા. નહિ તો કોઈ ચાલુ માણસને પણ તેની સાથે વાત કરવાનો મોકો મળી જશે.'

¤¤¤

ગામડીયાલાલ: 'ડોક્ટર, મને વહેમ રહ્યા કરે છે કે કોઈ મારો પીછો કરી રહ્યું છે. મને એવી દવા આપો કે મારો આ વહેમ દૂર થાય.'

ડોક્ટર: ના એ વહેમ નથી. તમારું પહેલાંનું બિલ બાકી છે એટલે મારો કમ્પાઉંડર તમારો પીછો કરી રહ્યો છે!'

¤¤¤

એક પતિ-પત્ની તલાક પછી છોકરાં કોણ રાખે એવી વાત પર ચર્ચા કરતાં હતાં.

પત્ની: 'મેં એને જન્મ આપ્યો છે એ મારો છે, સાહેબ.'

પતિ: 'જજ સાહેબ તમે આટ્લું કહો કે હું વેંડિંગ મશીનમાં રૂપિયા નાખું અને પેપ્સી આવે તો એ મને મળે કે મશીનને કહો. છે કોઈ જવાબ?'

¤¤¤

મોદીએ નીતિશકુમારને ફોન કર્યો: 'તમને કેટલી સીટ મળી?'

નીતિશ: '2 સીટ'

મોદી: 'મને પણ 2 સીટ મળી. એક વડોદરા અને બીજી વારાણસીથી. હવે તમે શું કરશો?'

નીતિશ: 'હું સીએમ પદથી રાજીનામું આપીશ.'

મોદી: 'હું પણ.'

નીતિશ: 'ફોન મૂક.'

¤¤¤

પત્ની: 'જુઓ, દીકરી હવે મોટી પરણવા જેવડી થઈ છે. હવે કોઈ ઠેકાણું ગોતીયે!'

પતિ: 'ઠેકાણાં તો ઘણાં જોયાં, પણ યોગ્ય મુરતિયો હજુ નથી મળ્યો. જે મળે છે તે ગધેડા જેવા બુધ્ધુ હોય છે.'

પત્ની: 'મારા બાપુજી જો એમ જ વિચાર્યે રાખતા હોત તો હું કુંવારી જ રહી ગઈ હોત.'

¤¤¤

માયાએ દુકાન પર બોર્ડ હતું તેમાં વાંચ્યુ...

બનારસી સાડી ૧૦ રૂ.

નાયલોન સાડી ૮ રૂ.

કોટન સાડી ૫ રૂ.

માયાએ ખૂબ ખુશ થઈને પતિ પાસે આવીને કહ્યું: 'મને ૫૦ રૂપિયા આપો. હું દસ સાડી ખરીદવા માગું છું.'

પતિચ 'ધ્યાનથી વાંચ આ સાડીની નહીં, ઈસ્ત્રીની દુકાન છે.'

¤¤¤

પિતા: 'દીકરા, તું ફેલ હોય કે પાસ તને મોટર સાઈકલ જરૂર અપાવીશ.'

દીકરો: 'સાચે!'

બાપુ: 'હા પાસ થાય તો પલ્સર કાલેજ જવા માટે અને ફેલ થાય તો રાજદૂત દૂધ વેચવા માટે.'

¤¤¤

અમથાલાલ કશુંક સાંધી રહ્યા હતા.

મોતીબેન (પાડોશી): ‘અરેરે અમથાલાલ! આ તમે શું કરી રહ્યા છો? તમે તો પરણેલા હોવા છતાં આ ફાટેલું ખમિસ સાંધી રહ્યા છો?’

અમથાલાલ: ‘તમે આંધળા છો કે શું? આ ખમીસ નથી પણ મારી વાઈફનું બ્લાઉઝ છે.’

¤¤¤

રામુ: ‘કંપનીની બોટલોનાં એક હજાર ઢાંકણાં ભેગાં કરવા બદલ કંપનીએ મને ઈનામ આપ્યું.’

મહેશ: ‘શું ઈનામ મળ્યું?’

રામુ: ‘હજાર ઢાંકણાં રાખવા માટે કંપનીએ મને એક બોક્સ આપ્યું.’

¤¤¤

ડોક્ટર, ‘તમારી કિડની ફેઈલ થઈ ગઈ છે.’

મોન્ટુ, ‘શું મજાક કરો છો? મારી કિડની તો ક્યારેય સ્કૂલે ગઈ જ નથી.’

¤¤¤

સંતા અંડરવિયર ખરીદવા ગયો. એક પસંદ આવી પૂછ્યું: ‘કેટલાની છે?’

દુકાનવાળો: ‘500 રૂ.ની.’

સંતા: ‘એ ભાઈ ડેલી વિયર આપો પાર્ટી વિયર નથી જોઈતી.’

¤¤¤

રમેશ તથા રમા પ્રેમીઓ હતાં.

રમા રમેશનાં વખાણ કરતાં: 'પપ્પા, તમે રમેશને જોશો કે તરત જ તે તમને એ મારા માટે ખુબ જ પસંદ આવી જશે.'

પપ્પા: 'એમ! તેની પાસે પૈસા કેટલા છે?'

રમા: 'કમાલ છે! રમેશ પણ ઘડી ઘડી આવો જ સવાલ પૂછે છે. તે પૂછે છે કે તારા પપ્પા પાસે કેટલા પૈસા છે?'

¤¤¤

પીંકી: 'મમ્મી....મમ્મી, મને લખતાં આવડી ગયું.'

મમ્મી: 'શાબશ બેટા! વાંચતો જોઉં શું લખ્યું છે?'

પીંકી: 'એ તો મને વાંચતા આવડી જાય ત્યારે કહીશ.'

¤¤¤

સંતા (બંતાને): 'જો છોકરી મેકઅપ કરીને, સજીધજીને, નવાં કપડાં પહેરીને લગ્ન કે પાર્ટીના કોઈ ફંકશનમાં જાય પછી શું થાય?'

બંતા: 'શું થાય?'

સંતા: 'બીજા દિવસે ફેસબુક પર તેનો પ્રોફાઈલ ફોટો બદલાશે કે પછી રિલેશનશીપ સ્ટેટસ.'

¤¤¤

રામુને ચોરીના આરોપ સર કોર્ટમાં જવું પડ્યું.

જજ: 'રામુ, તું કહે છે કે તેં એક જ સાડી ચોરી છે; તો પછી તેં દુકાનમાં પાંચ વાર કેમ ચોરી કરી હતી?'

રામુ: 'સાહેબ, શું કરું. મારી પત્નિને કલર, ડીઝાઈન વગેરે તેના બ્લાઉઝ જોડે મેચ કરવાં હતાં.'

¤¤¤

સન્તા: 'યાર બન્તા, યે શાદી કે જોડે કૌન બનાતા હૈ?'

બન્તા: 'ઓયે, વો તો આસમાન સે ભગવાન બના કે ભેજતે હૈં.'

સન્તા: 'તબ તો બડી ગલતી હો ગઈ.'

બન્તા: 'ક્યા હુઆ?'

સન્તા: 'મૈં તો ટેલર કો નાપ ઔર કપડા દે આયા!'

¤¤¤

પતિ: 'ડાર્લીંગ, હું મરી જાઉ તો તું શું કરે?'

પત્નિ: 'ડાર્લીંગ, હું મરી જાઉં અને તમે જે કરો તે હું કરૂં.'

પતિ: '(ગુસ્સે થતાં) મને ખબર જ હતી કે મારા ઉપર ગયા પછી તું બીજાં લગ્ન કરશે.'

¤¤¤

તન્નુ: 'મમી મમી, પપ્પા ક્યાં?'

મમી: 'એ તો સ્વીમીંગ કરવા ગયા છે.'

તન્નુ: 'તો હું પણ જાઉં?'

મમી: 'ના. એમાં તો પડી જવાય તો બેટી, ડુબી પણ જવાય.'

તન્નુ: 'તો પપ્પા કેમ ગયા છે?'

મમી: 'બેટી, તારા પપ્પાનો તો વિમો છે!'

¤¤¤

બન્તા પ્રાણીસંગ્રહાલયમાં નોકરીએ લાગ્યો.

એક દિવસ પિંજરાની સફાઈ કરતાં એણે વાઘનું પિંજરૂં ખુલ્લું રહેવા દીધું. સાહેબે એને બોલાવીને ખખડાવ્યો, 'તુમને શેર કા પિંજરા ખુલા ક્યું છોડ દિયા?'

બન્તા: 'ક્યા સા'બ, ઈતનેં ખતરનાક જાનવર કી ચોરી કૌન કરેગા?'

¤¤¤

એક સરદાર મેરેજ કરીને આવ્યા બાદ કલાકો સુધી પોતાના મેરેજ સર્ટિફિકેટને જોતા રહ્યા.

પત્ની: 'તમે ક્યારના આમાં શું જોયા કરો છો?'

સરદાર: 'હું એ જોતો હતો કે આમાં એક્સપાયરી ડેટ કયાં લખેલી છે!'.

¤¤¤

શિક્ષક: 'રામુ, તું ગઈ કાલે કેમ મોડો પડ્યો હતો?'

રામુ: 'સર, વરસાદ પડતો હતો એટલે.'

શિક્ષક: 'તો આજે કેમ મોડો પડ્યો?'

રામુ: 'સર, વરસાદ પડવાની વાટ જોતો હતો.'

¤¤¤

સ્પોર્ટસની એક દુકાને,

ઘરાક: 'ભાઈ, તમે 'હેલ્મેટ્સ' રાખો છો?'

દુકાનદાર: 'હા ભાઈ ઘણી જાતની છે. કઈ જોઈએ છે? મોટર સાઈકલની, સાઈકલની, કોઈ સ્પોર્ટસ કે પછી...'

ઘરાક: 'બૈરીના વેલણથી બચવાની.'

¤¤¤

ટીચર: 'લાકડી પાણીમાં કેમ ડૂબતી નથી?'

કપિલ: 'સર, એને તરતા આવડતું હશે.'

¤¤¤

એકવખત એક શરાબી જઈ રહ્યો હતો. અચાનક એ કીચડમાં પડી ગયો.

જ્યારે તે પડ્યો ત્યારે અચાનક વીજળી ચમકી.

શરાબી બોલ્યો: ‘અરે ભગવાન, એક તો કિચડમાં પાડી દીધો અને પછી ફોટો પણ પાડી લીધો? પણ બાપલા કાલે ફેસબુક પર ના મૂકતા.’

¤¤¤

એક ટકલો હજામ પાસે ગયો એને પૂછ્યું: ‘વાળ કાપવાના કેટલા લેશો?’

હજામ: ‘20 રૂપિયા.’

‘બધા પાસેથી 10 લો છો મારી પાસેથી 20 કેમ?

હજામ: ‘10 કાપવાના અને 10 વાળ શોધવાના.’

¤¤¤

અમદાવાદી લગ્નની કંકોતરીમાં નીચે RSVP લખ્યું હોય તો એનો શું મતલબ સમજવો?

‘રોકડા સાથે વહેલા પધારજો!’

¤¤¤

રત્ના: ‘તું રોજ મારે ત્યાં જ ભીખ માગવા કેમ આવે છે?’

ભીખારી: ‘મારા ડોક્ટરે કહ્યું છે માટે.’

રત્ના: ‘તારા ડોક્ટરે શું કહ્યું છે?’

ભીખારી: ‘તું હમણાં ફીક્કી મસાલા વગરની રસોઈ લેજે.’

¤¤¤

એક રિક્ષા પાછળ લખ્યું હતું: ‘સાવન કા ઈન્તેજાર....’

અચાનક પાછળથી એક ટ્રક આવીને રિક્ષાને હવામાં ઉછાળી મૂકી. એ ટ્રક પાછળ લખ્યું હતું: 'આયા સાવન ઝૂમ કે!'

¤¤¤

સરદાર દુઃખી હતા.

મિત્રઃ 'કેમ આજે દુઃખી છો સરદાર?'

સરદારઃ 'એક સંબંધીને પ્લાસ્ટિક સર્જરી કરાવવા રૂ. બે લાખ આપેલા. હવે એ એટલો બધો બદલાઈ ગયો છે કે હું તેને ઓળખી શકતો નથી તો રૂપિયા કેવી રીતે પાછા લાવું?'

¤¤¤

પતિઃ 'તું ગઈ કાલે પિયર હતી, ત્યારે રાતના ચોરો ઘસી આવ્યા હતા. અરે, મને ખુબ માર મારી અધમુઓ કરી નાખેલો!'

પત્નિઃ 'તો તમારે જોરથી રાડો પાડવી હતી ને. આસપાસના કોઈ મદદ કરવા દોડી આવત.'

પતિઃ 'હું કાંઈ ડરપોક છું કે રાડો પાડું?'

¤¤¤

આજે જુલાઈ માસની શરૂઆત થઈ ગઈ અને છતાંય હજુ વરસાદનાં કોઈ એંધાણ દેખાતાં નથી.

આ વરસાદ ન આવવાનું કારણ જાણો છો તમે?

માતા-પિતાનો પોતાનાં સંતાનોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનો અભરખો જ આ વરસાદ ન આવવા માટે જવાબદાર છે.

તમને થશે કે વરસાદ ન આવવાને અને અંગ્રેજી માધ્યમને વળી શું લેવા દેવા?

તો આ રહ્યો એ અંગેનો આધારભૂત જવાબ.

અંગ્રેજીમાં ભણતા વિદ્યાર્થીઓને

શીખવવામાં આવે છે કે

રેઈન રેઈન ગો અવે, લીટલ જહોની વોન્ટસ ટુ પ્લે.

કમ અગેઈન અનઅધર ડે અને અમે ગુજરાતી માધ્યમમાં ભણનારા તો એવું શીખતા કે ......

આવ રે વરસાદ

ઢેબરીયો વરસાદ

ઉની ઉની રોટલીને કારેલાનું શાક

હવે તમે જ કહો કે આ અંગ્રેજી માધ્યમમાં ભણતા છોકરાઓ વરસાદને જતો રહેવાનું કહે તો એ બિચારો હવે ક્યાંથી આવે?

¤¤¤

સન્તા ઈંગ્લિશના પેપરમાં ફેલ થયો. એના બધા માર્ક ભાષાંતરમાં કપાઈ ગયા. વાંચો એના નમૂના.

(1) મૈં એક આમ આદમી હું.

અનુવાદ: આઈ એમ વન મેંગો પરસન.

(2) મુઝે ઈંગ્લિશ આતી હૈ.

અનુવાદ: ઈંગ્લિશ કમ્સ ટુ મિ.

(3) મેરા ગાંવ હરિપુર હજારા હૈ

અનુવાદ: માય વિલેજ ઈઝ ગ્રીનપુર થાઉઝન્ડા.

(4) સડક પે ગોલિયાં ચલ રહી થી.

અનુવાદ: ટૅબ્લેટ્સ વેર વૉકિંગ ઑન ધ રોડ.

¤¤¤

એક વખત સરદારજી પરીક્ષા આપવા ગયા.

સાથે પ્લમ્બરને લઈ ગયા.

કોઈએ પૂછ્યું: 'આ પ્લમ્બરને કેમ લાવ્યા છો?'

સરદારજી કહે: 'મને ખબર મળી છે કે પેપર લીક થઈ ગયું છે.'

¤¤¤

એક રાજ્યનાં નવા બનેલા સ્વાસ્થ્ય પ્રધાને પોતાનાં સચિવને પૂછ્યું: 'રાજ્યમાં અંધ લોકોની કુલ સંખ્યા કેટલી છે?'

સચિવ: 'સાહેબ, આખું રાજ્ય આંધળુ છે.'

મંત્રી: 'એટલે....?'

સચિવ: 'એટલે જ તો તમે ચુંટણીમાં જીતી ગયા!'

¤¤¤

મીના: 'ડોક્ટર, હાલમાં મારા પતિ ઊંઘમાં બહુ જ બોલે છે. મારે તેના માટે દવા જોઈએ છે.'

ડોક્ટર: 'ભલે! લો આ ગોળીઓ. તેમનું ઊંઘમાં બોલવાનું એકદમ બંધ થઈ જશે.'

મીના: 'ના. એવી ગોળીઓ નહીં, પરંતુ એ સ્પષ્ટ બોલે એવી ગોળીઓ આપો!'

¤¤¤

પત્નિ: 'હું ક્યારની જોઈ રહી છું. એ મચ્છર તમને ક્યારનો હેરાન કરી રહ્યો છે. તમે એને મારી કેમ નથી નાખતા?'

પતિ: 'કેમ કે અત્યારે એની રગોમાં મારું લોહી દોડે છે.'

¤¤¤

એક ભાઈ સાઈકલ પર પોતાના નાના છોકરાને બેસાડીને જઈ રહ્યા હતા.

છોકરો સતત જોર જોરથી રોઈ રહ્યો હતો.

રાહદારી: 'તમારો છોકરો રોવે છે અને તમે સતત સાઈકલ ચલાવી રહ્યા છો?'

સાઈકલ ચાલક: 'એ તો સાઈકલમાં ઘંટડી નથી એટલે તેને રોવડાવ્યો છે.'

¤¤¤

એક કોમ્પ્યુટર એન્જિનીયરે તેનાં મિત્રને કહ્યું: 'કાલે હું ભૂલથી એક કવિ સમ્મેલનમાં પહોંચી ગયો.'

મિત્ર: 'શું સાંભળ્યું ત્યાં....'

એન્જિનીયર: 'યાર એ કવિએ કહ્યું કે હું તમને વાયરસ VIRUS પર એક કવિતા સંભળાવું છું...'

મિત્ર: 'કેવી લાગી કવિતા?'

એન્જિનીયર: 'અરે પૂછીશ નહીં...આખી કવિતામાં એ બસ મારા મારી, જોશ અને બહાદૂરીની વાતો જ કરતો રહ્યો. એક લાઈનમાં પણ વાયરસ વિશે ના આવ્યું.'

મિત્ર: 'અબે ગાંડા, તો એ વાયરસ પર નહીં. વીર રસ પર કવિતા સંભળાવતો હશે!'

¤¤¤

પતિ: 'હું તારી આ રોજ રોજની ફરમાઈશોથી ત્રાસી ગયો છું. હવે હું આત્મહત્યા કરવા જઈ રહ્યો છું.'

પત્ની: 'એમ? તો એક સારામાંની સફેદ સાડી તો અપાવતા જાવ!'

¤¤¤

શિક્ષક: 'અલ્યા રામુ, હું તારા ઘર પાસેથી ગઈ કાલે પસાર થયો હતો. બારી પર મારી નજર ગઈ હતી. તું વાંચતો હતો. શાબાશ. એવી જ રીતે અભ્યાસ કરતો રહેજે.

રામુઃ 'એ તો હું તમને આવતા જોઈ ગયો હતો એટલે.'

¤¤¤

મનોવૈજ્ઞાનિકઃ 'તમે બધી ચિંતાઓ ભૂલી જાઓ, અથવા ચિંતાઓને ભૂલી જવા પ્રયત્ન કરો. ખબર છે, આપણી ઘણી ખરી બિમારીઓનું કારણ જ ચિંતાઓ હોય છે. ચિંતા કરવાથી જ ઘણા હેરાન થાય છે.

દાખલા તરીકે પરમ દિવસે જ મારી પાસે એક વ્યક્તિ આવી, તેને બીલ ચુકવવાની વ્યાધી હતી, પરંતુ મેં એને વ્યાધિ કરવાનું મુકાવ્યું અને આજે તે સ્વસ્થ છે!'

દર્દીઃ 'એ જ તો મારી ચિંતાનું કારણ છે. તે મારા પૈસા હવે ચુકવવાની ના પાડે છે!'

¤¤¤

એક કંપનીમાં સીઈઓએ સેક્સી સેક્રેટરી હાયર કરી, પણ 10 દિવસમાં જ સીઈઓએ ઓફિસના બિલ્ડિંગ પરથી કૂદીને આત્મહત્યા કરી.

પોલીસઃ 'આત્મહત્યા વખતે એમની ઓફિસમાં કોણ હતું?'

સેક્રેટરીઃ 'હું હતી. એ એક સારા વ્યક્તિ હતા. એક દિવસ તેમણે મને 20 હજાર રૂપિયાનો ઓવર કોટ અપાવ્યો હતો. પછી એમણે મને 2 લાખ રૂપિયાનો ડાયમન્ડ નેકલેસ અને એક લાખ રૂપિયાની ગોલ્ડ રિંગ અપાવી.

'આજે બોસે મને એમની સાથે એક રાત વિતાવવા કહ્યું હતું તો મેં એમને એક રાતના ફક્ત 1000 રૂપિયા જ કહ્યા હતા. મને એ જ સમજાતું નથી કે એમણે આત્મહત્યા કેમ કરી?'

¤¤¤

એક સ્ત્રી વીમા એજન્ટ પાસે ગઈ અને કહ્યું: 'મારા પતિ મરણ પામ્યા છે. એમના વીમાનાં નાણાં આપો.'

વીમા એજન્ટઃ ‘પણ વીમો નહીં મળે. એમણે તો આગનો વીમો ઉતરાવ્યો હતો.’

સ્ત્રીઃ ‘પણ મારા પતિનો અગ્નિસંસ્કાર જ થયો છે.’

¤¤¤

પોલિસઃ ‘તમે અડધી રાતે આંટા મરો છો! કૈંક તો કારણ હશે ને?

દારૂડિયોઃ ‘કારણ જ શોધું છું. કારણ હોત તો સીધો ઘરે જ ના જાત અને બૈરી ને ના કહી દેત?’

¤¤¤

ગંગુ અને મંગુ બન્ને દોસ્તો. બન્ને પાંચ પાંચ વર્ષના.

મંગુઃ ‘ગંગુ, મારી મમ્મી આ રસ્તો પસાર કરતાં બહુ જ ગભરાય છે.’

ગંગુઃ ‘તને કેવી રીતે ખબર પડી?’

મંગુઃ ‘તે દરરોજ રસ્તો પસાર કરતાં મારી આંગળી પકડી લે છે.’

¤¤¤

ઉંદરને બિલાડી લાગી ગોરી

બંને મળ્યા ચોરી ચોરી,

ઉંદર બોલ્યોઃ ‘આઓ ગોરી, બાંધે પ્રેમની ડોરી.’

બિલાડી ઉંદરને મારી ખાઈ ગઈ અને બોલી,

બિલાડીઃ ‘આઈ હેટ લવ સ્ટોરી!

¤¤¤

પતિ પત્ની વચ્ચે ઝગડો થતાં, પત્ની: ‘તમે ‘1000 watts’ ની લાઈટ લઈને ગોતવા નીકળશો તો પણ તમને મારા જેવી પત્ની નહીં મળે, ધ્યાન રાખજો.’

પતિ: ‘પણ હું તારા જેવી પત્નીને ગોતવા નીકળીશ તો ને! તને કોણે કહ્યું કે મને તારા જેવી પત્ની જોઈએ છીએ?’

¤¤¤

દિવાળીનાં તહેવારમાં જનહિતમાં જારી ચેતવણી:

કિંગફિશરની ખાલી બોટલોમાં જો તમે રોકેટ ફોડવાનું વિચારતા હોવ તો માંડી વાળજો. કેમ કે રોકેટ હવામાં ઉડવાની શક્યતાઓ નહિંવત છે!

¤¤¤

પત્ની: ‘તમે જોતા હતા. ચોરે એક પછી એક બધાં ઘરેણાં કઢાવ્યાં અને થેલો ભરી લઈ ગયો, છતાં તમે જોતા જ રહ્યા?’

પતિ: ‘તે હું શું કરું? એનો ભાઈ-બીજો ચોર, મારી સામે બંદૂક તાકીને જ આખો વખત ઊભો હતો!’

પત્ની: ‘તો એમાં શું થયું. તમારો તો વિમો હતો, ઘરેણાંનો ક્યાં વિમો હતો?’

¤¤¤

સન્તા-બન્તા અને બીજા એના જેવા હજારો બન્દા જ્યાં રહેતા હતા એ ગામમાં એક જેલ હતી. જેલરે એ જેલની દીવાલ ડબલ ઊંચી કરાવી દીધી. આ જોઈને બહારગામથી આવેલા એક સાહેબે જેલરને પૂછ્યું: ‘આ દીવાલ કેમ ઊંચી કરાવી? શું કેદીઓ ભાગી જાય છે?’

‘ના! જમવાના ટાઈમે ગામવાળા અંદર ઘૂસી આવે છે!’

¤¤¤

કર્મચારી: ‘માફ કરજો, મેડમ. ખન્ના સાહેબ તેમની પત્ની સાથે હોટેલમાં ગયા છે.’

મિસિસ ખન્ના: ‘તો એ આવે એટલે કહેજો કે તેમની સ્ટેનોગ્રાફરનો ફોન હતો.’

¤¤¤

શિક્ષક: ‘બોલ મનુ, આપણા સમાજમાં વરરાજા હમેંશાં ઘોડા પર આવે છે. ગધેડા પર કેમ નથી આવતા?’

મનુ: ‘કારણ કે સર, એ જો ગધેડા પર આવે તો કન્યા બે ગધેડા એક સાથે જોઈને ગભરાઈ જાય.’

¤¤¤

સંતા: ‘યાર, તું અરીસાની સામે બેસીને કેમ વાંચે છે?’

બંતા: ‘એનાં ત્રણ કારણ છે.

1 સાથે રિવીઝન પણ થઈ જાય છે,

2 પોતાની ઉપર નજર પણ રહે છે, અને

3 વાંચવા માટે કંપની પણ મળી રહે છે.’

¤¤¤

દયારામ: ‘ધનીરામ, હવે તો તમે ખુબ જ પૈસાદાર થયા. તમારી ગઈ કાલની પાર્ટી પણ ખુબ જ મોટી લાગી. કેટલા, હજારેક મિત્રો હતા?’

ધનીરામ: ‘લગભગ પંદરસો.’

દયારામ: ‘ઓહ, એમાં પહેલાંના એટલે તમારી ગરીબ અવસ્થા ટાણેના કેટલા હતા?’

ધનીરામ: ‘ત્યારે મારે મિત્રો જ ક્યાં હતા?’

¤¤¤

બંટા સિંહે સાયકલની દુકાન કરી અને પેહેલો જ ઘરાક કરસન કડકો.

'મારે એક સાયકલ લેવી છે,પણ સરળ હપ્તેથી લેવા માંગુ છે.' કરસન બોલ્યો.

વાંધો નહીં. બંટા સિંહે કહ્યું: ‘પહેલાં તમારે સો રૂપિયા જમા કરાવવા પડશે. કહો પહેલાં હેંડલ લઈ જવું છે કે પેંડલ?’

¤¤¤

ભંગાર ભેગું કરવાવાળો ગલીએ ગલીએ બૂમો પડતો હતો.

‘ભંગાર, ભંગાર. કોઈને ભંગાર કાઢવું હોય તો અમે લઈ જઈશુ. ભંગાર, ભંગાર!’

ત્યાં ઊભેલાં એક બાઈ બોલ્યાં: 'તમારા ભાઈ હમણાં દુકાને ગયા છે. સાંજના આવજો.'

¤¤¤

ભારતભરના તમામ નેતાઓ એક જ જગાએ મળ્યા, આ નેતાઓમાં જિલ્લા કક્ષાથી માંડીને રાષ્ટ્રીય કક્ષાના તમામ ખુરાંટ રાજકારણી હતા. હવે લાગ જોઈને આંતકવાદીઓ આ સ્થળ પર જઈ તમામ રાજકારણીઓને બંદી બનાવી અજ્ઞાત સ્થળે લઈ ગયા અને માંગણીનું એક મોટું લીસ્ટ સતાવાળાને પકડાવી દીધું.

આખા દેશમાં સનસનાટી. બધાના જીવ અધર.

આખરે ખુંખાર આંતકવાદી એ ન્યુઝ ચેનલને કહ્યું: ‘જો અમારી માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો...!’

‘તો શું?’ બધાના હોઠ પર એક જ સવાલ હતો.

ત્યાં તો પેલો ખુંખાર આંતકવાદી બોલ્યોઃ ‘તો અમે વારાફરતી, એક પછી એક નેતાને છોડી મૂકીશું!’

¤¤¤

પઠાણ: ‘પેલો જે ટેબલ પર બેઠો છે ને એ મારો સૌથી મોટો દુશ્મન છે.’

મિત્ર: ‘ટેબલ પર તો ચાર જણા બેઠા છે.’

પઠાણ: ‘અરે, જેની મૂંછો છે.’

મિત્ર: અરે, મૂંછો તો બધાને છે!’

પઠાણ: ‘અરે, જેણે સફેદ શર્ટ પહેર્યું છે.’

મિત્ર: ‘સફેદ શર્ટ તો બધાએ પહેર્યાં છે.’

પઠાણે ગુસ્સામાં પોતાની પિસ્તોલ કાઢી અને ટેબલ પરના ત્રણ જણાને ગોળી મારી બોલ્યો: ‘જે પેલો જે બચી ગયો છે ને એને હવે હું નહીં છોડું.’

¤¤¤

પરીક્ષાઓ બદલાઈ રહી છે.

1999: વિદ્યાર્થીઓ, બધા સવાલના જવાબ આપો....

2009: વિદ્યાર્થીઓ, કોઈ પણ બે સવાલના જવાબ આપો...

2015: વિદ્યાર્થીઓ, આખું પ્રશ્નપત્ર વાંચી જાઓ....

2020: પરીક્ષામાં આવવા બદલ આભાર!

¤¤¤

પ્રચારક નેતા: ‘જો તમે મને જીતાડશો તો હું દરેક ઘરે એક એક સાઈકલ પહોંચાડીશ.’

પ્રજાજનો: ‘સાહેબ, સાઈકલ પછી આપજો, પહેલાં અહીં ચાલવા લાયક રસ્તા તો બનાવો.’

¤¤¤

સંતા, કાચમાં પોતાનો ચહેરો જોઈને: ‘યાર બંતા, આ કાચમાં જે માણસ છે, તેને મેં ક્યાંક જોયો છે.’

બંતા, (કાચમાં ચહેરો જોઈને): ‘અરે, મૂર્ખ આ હું જ છું.’

¤¤¤

ટેબલ ખુરશી ગોઠવાયેલી એક જગ્યાને હોટલ સમજીને કનુ ત્યાં બેસી ગયો અને જોરથી બોલ્યો: ‘એક ગરમા ગરમ ચા લાવજો જલ્દી.’

આસપાસ બેઠેલા લોકો બોલ્યા: ‘શીશ્. આ લાઈબ્રેરી છે ધીરે બોલો.’

કનુ (ધીરેથી): ‘હા, ભાઈ એક ગરમા ગરમ ચા લાવો.’

¤¤¤

રાતનો જમવાનો સમય થયો.

સંતા અને બંતા બંને ખાવા માટે ભેગા થયા.

બંતા: ‘ઓયે સંતા, આ ટ્યુબલાઈટની સામે મોઢું ફાડીને શું જોઈ રહ્યો છે?’

સંતા: ‘અરે, યાર ડોક્ટરે આજે ડિનરમાં લાઈટ ખાવાનું કહ્યું છે.’

¤¤¤

એક દિવસ મેં મારા દિલને પૂછ્યું: ‘મને કહે કે આ પ્રેમ શું છે?’

દિલે કહ્યું: ‘ધ્યાનથી સાંભળી લે, બીજી વાર નહીં કહું. મારૂં કામ ફક્ત તારા શરીરને લોહી સપ્લાય કરવાનું છે. નકામા આઉટ ઓફ સિલેબસ સવાલ ના કરીશ.’

¤¤¤

એમબીએ કોલેજમાં એડમિશનનું ફોર્મ ભરતી વખતે

એક છોકરાએ ત્યાંના ચોકીદારને પૂછ્યું: ‘અરે ભાઈ, આ કૉલેજ છે કેવી...?’

ચોકીદાર: ‘બહુ સારી છે સાહેબ, તમને ઘરની યાદ પણ નહીં આવે. દેશભરમાંથી છોકરા છોકરીઓ અહીં આવે છે. આ જ બગીચામાં બેસીને ગપ્પા મારે છે અને હું એમને જોઈને પોતાનો દિવસ પસાર કરું છું.’

છોકરો: ‘અરે હું પૂછું છું કે અહીંનુ ભણતર કેવું છે?’

ચોકીદાર: ‘ભણતર એક દમ મસ્ત છે સાહેબ. મેં પણ આ જ કોલેજમાંથી એમબીએ કર્યું છે. અહીં જ ભણ્યો અને પ્લેસમેન્ટ પણ મળી ગયું, તમે પણ નોકરીની ચિંતા ના કરતા.’

¤¤¤

એકવાર સંતાસિંહને 20 લાખની લોટરી લાગી. સંતાસિંહ પૈસા લેવા લોટરીવાળા પાસે ગયો.

નંબર મેળવ્યા પછી લોટરીવાળાએ કહ્યું: ‘ઠીક છે સર અમે તમને અત્યારે 1 લાખ રૂપિયા આપીશું અને બાકીના 19 લાખ તમે આવતા 19 અઠવાડિયાં દર અઠવાડિયે લાખ રૂપિયા પ્રમાણે લઈ શકો છો.’

સંતાસિંહ બોલ્યા: ‘નહીં મને તો પૂરા પૈસા હમણાં જ જોઈએ નહીં તો મને મારા પાંચ રૂપિયા પાછા આપો.

¤¤¤

એક મંદિરના પૂજારીજી નવું ડીવીડી પ્લેયર લઈ આવ્યા.

સારું મહુરત, સારું ચોઘડિયું અને સારો સમય જોઈને એમણે વિધિપૂર્વક ડીવીડી ચાલુ કર્યું, પણ ચાલુ કરતાં જ બગડી ગયું!

કેમ? કારણ કે પ્લેયર પર નાળિયેર ફોડેલું!

¤¤¤

બંતા: ‘આ ચપ્પુ કેમ ઉકાળી રહ્યો છે?’

સંતા: ‘સુસાઈડ કરવા માટે.’

બંતા: ‘તો એમાં ચપ્પુ ઉકાળવાની શી જરૂર છે?’

સંતા: ‘ઈંફેક્શન ન થઈ જાય માટે.’

¤¤¤

મુંબઈના એરપોર્ટ પર અધિકારીએ મહિલાને પૂછ્યું: ‘તમારી જાણ બહાર કોઈએ તમારી બેગમાં કંઈ મૂક્યું તો નથી ને?’

મહિલા: ‘મારી જાણ બહાર મૂક્યું હોય તો મને કેવી રીતે ખબર હોય?’

અધિકારી: ‘નિયમ એટલે નિયમ પૂછવું તો પડે જ.’ .

¤¤¤

છોકરો: ‘હે, તને ખબર છે વિન્ડોઝનું નવું વર્ઝન બહુ જબરદસ્ત છે.’

છોકર: ‘તું વિન્ડોઝનું કયું વર્ઝન વાપરે છે?’

છોકરો: ‘મેં કાલે જ વિન્ડોઝ 8 ઈન્સ્ટોલ કર્યું છે.’

છોકરી ચોંકીને બોલી: ‘અબે તું બુડથલ, તું હજું 8 પર જ અટક્યો છે! હું તો વિન્ડોઝ 98નો ઉપયોગ કરી રહી છું. કેટલો આઉટ ડેટેડ છે તું યાર!’

છોકરો: ‘ખરેખર તું બહું એડવાન્સ્ડ છે...’

¤¤¤

નોકર: ‘સાહેબ! હું આ ઘરની નોકરી છોડીને જાઉં છું.’

શેઠે એનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું: ‘તમને મારા પર વિશ્વાસ તો છે નહિ, પછી અહીં રહેવાનો શો અર્થ છે?’

'કેમ એમ બોલે છે? મારા ઘરની બધી જ ચાવીઓ - તિજોરી સુદ્ધાંની તો ટેબલ પર પડી રહે છે.'

'પણ એમાંની એકેય ચાવીથી તિજોરી તો ખૂલતી જ નથી.' નોકરે જવાબ આપ્યો.

¤¤¤

શિક્ષક: 'એક વર્ષમાં કેટલી રાત આવે?'

મગન: '10 રાત આવે.'

શિક્ષક: 'દસ કેવી રીતે, અલ્યા?'

મગન: 'નવ-નવરાત્રી અને એક શિવરાત્રી.'

¤¤¤

ભક્તે સંતને પૂછ્યું: 'પ્રભુ, એવી પત્નીને શું કહેવાય, જે સુંદર હોય, બુદ્ધિશાળી હોય, સમજદાર હોય, કદી ઈર્ષ્યા ન કરે અને રસોઈ પણ સ્વાદિષ્ટ બનાવતી હોય?'

સંત આંખો બંધ કરીને એક જ શબ્દ બોલ્યા: 'અફવા....'

¤¤¤

એક વાર એક છોકરા એ એના પપ્પા ને પુછયું: 'પપ્પા, રાજકારણ એટલે શું?'

તો પપ્પાએ કીધું: 'બેટા, આ ટેબલ ઉપર બેસી જા.' પછી પપ્પાએ કીધું: 'હવે ત્યાંથી ઠેકડો માર.'

છોકરો: 'પપ્પા, મને બીક લાગે છે.'

પપ્પા: 'તું ડર નહીં હું તને પકડી લઈશ.'

છોકરાએ ઠેકડો માર્યો તો એના પપ્પા ત્યાંથી ખસી ગયા ને છોકરો પડ્યો.

પપ્પા: 'આ રાજકારણનું પહેલું ઉદાહરણ. રાજકારણમાં સગા બાપનો પણ વિશ્વાસ ના કરવો.'

¤¤¤

સંતાસિંહનો દીકરો અર્ધો લિટર પેટ્રોલ પી ગયો. સંતાએ લાફો મારીને પૂછયું: 'ક્યૂં પિયા પેટ્રોલ?'

દીકરો: 'ટીચરને બોલા કી મેરી એવરેજ કમ હૈ, સો મૈંને...'

¤¤¤

બસ કંડકટર: 'અરે ભાઈ, સીટ ખાલી છે તો પણ તમે બેસતા કેમ નથી?'

પેસેન્જર: 'મારી પાસે બેસવાનો બિલકુલ સમય નથી. મારે જલદી પહોંચવાનું છે.'

¤¤¤

પતિઃ 'તું આજકાલ વધારે સુંદર થતી જાય છે.'

પત્નીઃ 'એ તમે કેવી રીતે કહી શકો?'

પતિઃ 'જો ને, તને જોઈને આજકાલ રોટલીઓ પણ જલી જાય છે.'

¤¤¤

અમિતાભ બચ્ચન પબ્લિક ટોઈલેટમાંથી પૂરેપૂરા પલળીને બહાર આવ્યા.....

જયાજી: 'આ શું? આવું કેવી રીતે થયું?'

અમિતાભ: 'જેવો હું અંદર ગયો કે કોઈ જોરથી બોલ્યું: બીગ બી. અને બધા એકાએક મારી તરફ ફરી ગયા!'

¤¤¤

કનુ કડકો એના પિતાજીની શ્રાદ્ધ ક્રિયા કરાવવા બેઠો હતો. બ્રાહ્મણે કહ્યું: ‘હવે નવ જાતનાં ધાન મંગાવો.....’

કનુ કડકો: ‘એટલાં બધાં ધાન હોત તો બાપા જીવતા ન હોત?’

¤¤¤

ટીચર: ‘તમારામાંથી જે લોકોએ મેં પૂછેલા સવાલનો જવાબ લખી કાઢ્યો હોય એ ત્રણ વાર ચેક કરી લે.’

તોફાની મીંટુ: ‘ટીચર, મેં ત્રણ વાર નહીં પણ આઠ વાર ચેક કરી લીધો તો પછી દર વખતે એનો જવાબ જુદો જુદો કેમ આવે છે?’

¤¤¤

પિતા: ‘રીંકુ બેટા, ગણિતમાં પચાસમાંથી પાંચ જ માર્ક્સ કેમ આવ્યા?’

રીંકુ: ‘પણ પપ્પા તમે જ તો કહ્યું હતું કે વધારે મેળવવાની લાલચ ન રાખવી જોઈએ.’

¤¤¤

ઈન્ટરવ્યૂ લેનાર: ‘તારું ક્વૉલિફિકેશન શું છે?’

બન્તા: ‘હું પી.એચ.ડી. છું.’

ઈન્ટરવ્યૂ લેનાર: ‘પીએચડી?’

બન્તા: ‘હા, પાસ્ડ હાઈસ્કૂલ વિથ ડિફિકલ્ટી!’

¤¤¤

એક જણાને યુવાનીમાં બહુ સારો લેખક બનવાની ઈચ્છા હતી....

બહ સારા'ની વ્યાખ્યા પૂછવામાં આવતા તેણે કહ્યું: ‘હું એવું લખવા માગુ છું, જેને આખી દુનિયા વાંચે, એવું લખું જેને

દૃનિયા લાગણીસભર વાંચે, એવું લખું જેને વાંચી લોકો બૂમો પાડે, રડે, ગુસ્સો કરે અને ડરી જાય!'

અત્યારે એ વ્યક્તિ માઈક્રોસોફ્ટમાં એરર મેસેજ લખવાનું કામ કરે છે.

¤¤¤

સંટા પેપર વાચતાં: 'પેટ્રોલના ભાવ વધ્યા પાછા.'

બંટા: 'આપણે ક્યાં ફરક પાડવાનો છે! આપણે તો પહેલાંય ૧૦૦નું પુરાવતા હતા ને હજીયે ૧૦૦નું જ પુરાવીએ છીએ.'

¤¤¤

ટીચર: 'દિવાળી વખતે જે બાળકો અવાજ વગરના ફટાકડા ફોડશે તેમને ઈનામ મળશે.'

ચીંટુ: 'ટીચર, ઈનામમાં સૂતળી બોમ્બ આપજો. મને સૂતળી બોમ્બ ફોડવા બહુ ગમે છે.'

¤¤¤

છોકરી (છોકરાને): 'મેરા બચ્ચા, મેરા જાનુ, મેરા ,સોના, મેરા સ્વીટુ, મેરા ગુડ્ડુ, મેરા ચુન્નુ મુન્નુ છુન્નુ.... ક્યા તુમ મુજ સે શાદી કરોગે?'

છોકરો: 'આ તું મને પ્રપોઝ કરે છે કે દત્તક લે છે?'

¤¤¤

એક નાના છોકરાએ તેનાં પપ્પાને પૂછ્યું: 'પપ્પા, ભગવાન સ્ત્રી છે કે પુરુષ?'

પપ્પા: 'બેટા, ભગવાન સ્ત્રી અને પુરુષ બંને છે.'

છોકરો પાછો આવ્યો અને પૂછ્યું: 'પપ્પા, ભગવાન કાળા છે કે સફેદ?'

પપ્પા: ‘બેટા, ભગવાન બંને છે.’

થોડી વાર પછી છોકરો પાછો આવ્યો અને બોલ્યો: ‘પપ્પા, તો શું માઈકલ જેક્સન જ ભગવાન છે?’

¤¤¤

નટુ: ‘ડોકટર સાહેબ, તમારી સારવારથી મને ઘણો ફાયદો થયો છે.’

ડોક્ટર ગટુ: ‘મને એ યાદ નથી આવતું કે મેં તમારી કયારે સારવાર કરી હતી.’

નટુ: ‘તમે મારી નહીં, પરંતુ મારા કાકાની સારવાર કરી હતી. એ સ્વર્ગમાં સિધાવ્યા અને હું તેમનો એકમાત્ર વારસદાર હોવાથી તેમની બધી જ મિલકત મને મળી છે.’

¤¤¤

એક દહીંવાળો બસમાં બેઠો હતો.

સીટ પર લખ્યું હતું મહિલાઓ કે લિયે.

આગળના સ્ટોપ પરથી બે મહિલા બસમાં ચડી. બસમાં જગ્યા ન હતી એટલે તેમણે દહીંવાળાને કહ્યું: ‘ખડે હો જાઓ.’

દહીવાળો બોલ્યો: ‘કેમ?’

મહિલાઓ બોલી: ‘ક્યોંકી હમ મહિલાએ હે.’

તો દહીવાળો ધીમેથી બોલ્યો: ‘આપ મહિલાએ હે, તો ક્યાં હુઆ હમ મહીં લાયે હે.’

¤¤¤

સવાલ: ‘શું કાંગારું એફિલ ટાવર કરતાં વધારે ઊંચું કૂદી શકે?’

જવાબ: ‘હા! કારણ કે એફિલ ટાવર તો કૂદી જ શકે નહીં ને!’

¤¤¤

નટુ: ‘અભિનંદન દોસ્ત. આજે તારી જિંદગીનો સૌથી ખુશીનો દિવસ છે.’

ગટુ: ‘આભાર. પરંતું મારાં લગ્ન તો આવતીકાલે થવાનાં છે.’

નટુ: ‘હું જાણું છું. એટલે જ તો આજે કહું છું.’

¤¤¤

એક પરણિત વ્યક્તિ ધ્વનિ પ્રદૂષણ રહિત શાંત દિવાળી કેવી રીતે ઉજવી શકે?

પોતાની પત્નીને એનાં પિયર મોકલીને.

તો એનાં સસરા અને સાળાની દિવાળીના શું હાલ થશે?

અરે એમને તો આ પ્રદૂષણની આદત છે!

¤¤¤

ઈન્દ્રદેવ: ‘શું કરે છે, યમ?’

યમરાજા: ‘કંઈ નહીં, નવરો બેઠો છું.’

ઈન્દ્રદેવ: ‘તો જા, પાન લઈ આવ.’

ઈન્દ્રદેવ: ‘અરે, આ શું છે? કોણ છે આ બધા?’

યમરાજા: ‘તમે જ તો કીધું કે જાપાન લઈ આવ.’

¤¤¤

નટુ: ‘અમારો કૂતરો ટોમી એટલો સમજદાર છે કે સવારે ફેરિયો આવે કે તરત જ છાપું ઉઠાવીને અમારી પાસે લાવે છે અને તે પછી જ મોર્નિંગ વોક માટે જાય છે.’

ગટુ: ‘આ વાતની તો મને પણ ખબર છે.’

નટુ: ‘પરંતુ તને કેવી રીતે ખબર પડી?’

ગટુ: ‘મારા કૂતરા બોબીએ મને બધી જ વાત કરી છે. ટોમી તેની સાથે જ મોર્નિંગ વોક માટે જાય છે.’

¤¤¤

એક શાણા અર્થશાસ્ત્રીએ આવનારી મંદી માટે એક સોનેરી સલાહ આપી છે: ‘જો તમે જરૂર ના હોય એવી ચીજો ખરીદતા રહેશો, તો ઝડપથી એવો સમય આવશે કે તમને જરૂર હોય એવી ચીજો તમારે વેચવી પડશે!’

¤¤¤

બે છોકરીઓ ટ્રેનમાં વાતો કરતી હતી.

પહેલી: ‘તને કેવો પતિ જોઈએ છે?’

બીજી: ‘મને કરોડપતિ જોઈએ.’

પહેલી: ‘જો કરોડપતિ ના મળે તો?’

બીજી: ‘50- 50 લાખના બે ચાલશે.’

‘50- 50 લાખના બે પણ ન મળ્યા તો?’

‘25-25 લાખના ચાર ચાલશે.’

એટલામાં જ ઉપર સૂતેલો એક છોકરો બોલ્યો: ‘જો તમારી વાત હજાર સુધી પહોંચી જાય તો મને ઉઠાડી દેજો.’

¤¤¤

મથુરકાકાની યાદશક્તિ બહુ નબળી થતી જતી હતી. એમને મળવા એમના જૂના મિત્ર મનુકાકા આવ્યા. વાતમાંથી વાત નીકળતાં મથુરકાકા કહે: ‘અરે હા, આ અમારી 50મી લગ્નતિથિ હતી. ને, એ રાતના અમે બન્ને જણા એક નવી રેસ્ટોરન્ટમાં જમવા ગયેલા! અરે, બહુ સરસ ખાવાનું હતું!’

‘એમ? શું નામ હતું એ રેસ્ટોરન્ટનું?’

‘નામ....’ ઘરડા મથુરકાકા માથું ખંજવાળવા લાગ્યા, ‘પેલું ફૂલ હોય છે ને... પેલું સુગંધીદાર ફૂલ...’

‘ગુલાબ?’

‘ગુલાબ નહીં યાર, આ...... પેલું સફેદ કલરનું હોય છે ને?’

‘જૂઈ?’

‘ના, ના, જૂઈ નહીં.’

‘ચમેલી?’

‘અરે ચમેલી નહીં યાર.... આ તો મોટું સફેદ ફૂલ થાય છે અને પાછું મોટા ઝાડ પર ઊગતું હોય છે.’

‘ચંપો?’

‘હા, હા.... એ જ!’ મથુરકાકા તરત જ સોફામાંથી ઊંચા થઈને રસોડા તરફ મોં કરી ઊંચા અવાજે કહેવા લાગ્યા: ‘અરે ચંપા....? આ રવિવારે આપણે કઈ રેસ્ટોરન્ટમાં જમવા ગયેલા?’

¤¤¤

મેનેજર: ‘મહેતાજી, પહેલાં તો તમે ઑફિસે મોડા આવતા અને વહેલા જતા રહેતા. હમણાં હમણાં વહેલા આવો છો અને મોડા જાઓ છો. એનું કારણ શું છે?’

મહેતાજી: ‘સાહેબ, હમણાં મારાં સાસુ આવ્યાં છે!’

¤¤¤

‘જુવાની અને વૃદ્ધાવસ્થામાં શું અંતર છે?’

‘જુવાનીમાં મોબાઈલમાં હસીનોના નંબર હોય છે. જ્યારે વૃદ્ધાવસ્થામાં શરીરને સ્વસ્થ રાખનાર હકીમોના.’

¤¤¤

શિક્ષક (કનુને): 'શાસ્ત્રીય સંગીત અને ડિસ્કો સંગીતમાં શું તફાવત?'

કનુ: 'બંનેમાં માથાથી પગ સુધીનો તફાવત છે.'

શિક્ષક: 'કઈ રીતે?'

કનુ: 'સાહેબ, શાસ્ત્રીય સંગીત સાંભળતાં લોકો માથું હલાવે છે અને ડિસ્કો સંગીત સાંભળતી વખતે પગ હલાવે છે.'

¤¤¤

ફોજમાં એક પાકિસ્તાની સિપાહીને વારંવાર રજા જોઈતી હતી.

તે ઓફિસરની પાસે ગયો અને બોલ્યો: સાહેબ રજા જોઈએ છે, અબ્બૂ મરી ગયા છે.

ઓફિસર: 'ઠીક છે જાઓ.'

થોડા મહિનાઓ બાદ તે જ સિપાહી ફરીથી અમ્મા ગુજર ગઈ હૈ કહીને રજા માગવા ગયો.

આ સિલસિલો ચાલતો જ રહ્યો.

ઓફિસર: 'તારાં કેટલાં અમ્મી અબ્બૂ છે?'

સિપાહી: 'શું કરું સાહેબ, અમ્મી ગુજરે તો અબ્બૂ શાદી કરે છે અને અબ્બૂ ગુજરે તો અમ્મી શાદી કરે છે.'

¤¤¤

મગન: 'અરે યાર આ મચ્છર કાન પાસે ગણગણ કેમ કરતા રહે છે?'

છગન: 'તને એટલું સમજાતું નથી કે દુશ્મન સાથે લડતા પહેલાં તેને સાવચેત કરવો જોઈએ?'

¤¤¤

મગને નવી કાર ખરીદી. જ્યારે તે કાર ચલાવીને ઑફિસ જતો હતો. રસ્તામાં તેણે ટ્રાફિકનું બોર્ડ જોયું. તેને જમણી બાજુ ટર્ન લેવો હતો, પરંતુ બોર્ડ પર ફ્રિ લેફ્ટ ટર્ન લખેલું જોઈને તે ઊભો રહી ગયો.

ત્યાં ઉભેલા ટ્રાફિક સિગ્નલવાળાને તેણે પૂછ્યુઃ 'ભાઈ હવે જમણી બાજુ ટર્ન લેવા કેટલા પૈસા ચૂકવવા પડશે?'

¤¤¤

નિકાહ પછી વરરાજાએ મોલવીને પૂછ્યુંઃ 'મોલવી સાહેબ તમારી ફી?'

મૌલવીઃ 'દુલ્હનની સુંદરતા પ્રમાણે આપી દો.'

દુલ્હાએ 50 રૂપિયા આપી દીધા અને ઊઠીને ચાલવા માંડ્યો. ત્યારે જ અચાનક હવાથી દુલ્હનનો ઘૂંઘટ ઉડ્યો અને એનો થોડો ચહેરો દેખાયો. એ જોઈને મોલવીનાં હોશ ઉડી ગયા....

મૌલવીએ દુલ્હાને હાંક મારીઃ 'અરે મિંયા, તમારા બાકીના પૈસા તો પાછા લેતા જાઓ!'....

¤¤¤

મનુઃ 'જલ્દીથી એક ગ્લાસ જ્યુસ આપી દે, લડાઈ થવાની છે.'

થોડી વાર બાદ: 'બીજો એક ગ્લાસ જ્યુસ આપી દે. થોડીવારમાં લડાઈ થવાની છે.'

એ ગ્લાસ પૂરો થયા બાદ ફરી એક ગ્લાસ જ્યુસ માંગ્યો.

દુકાનદાર: 'આ રહ્યો જ્યુસ, પણ લડાઈ ક્યારે થવાની છે?'

મનુ: 'બસ થોડીવારમાં, તમે બીલના પૈસા માંગો એટલે..'

¤¤¤

ગ્રાહક (દુકાનદારને): 'તમે હિસાબમાં ભૂલ કરી છે, પાંચ રૂપિયા ઓછા આપ્યા છે, તમને ગ્રાહકોને છેતરતાં શરમ નથી આવતી?'

દુકાનદાર: 'પણ આ પહેલાં મે તમને ભૂલથી પાંચ રૂપિયા વધુ આપ્યા હતા ત્યારે તો તમે કંઈ ન બોલ્યા?'

ગ્રાહક: 'મારો નિયમ છે કે દરેક માણસને સુધરવાની એક તક જરૂર આપવી જોઈએ.'

¤¤¤

લેડી ડૉક્ટર (મહેશ કંપાઉન્ડરને): 'તમે રોજ સવારે બારીએ ઊભા રહીને સ્ત્રીઓને કેમ તાકતા રહો છો?'

રમેશ (ડૉક્ટરને): 'ડૉક્ટર સાહેબ, તમે જ તો બોર્ડ પર લખી રાખ્યું છે કે સ્ત્રીઓને જોવાનો સમય સવારે 9 થી 11.'

¤¤¤

બાપુજી: 'બેટા, એક મીનિટ માટે મને તારો ફોન આપને!'

બેટો: 'એક મીનિટ આપું, જરા મને સ્વીચ ઓન કરી લેવા દો. ગર્લફ્રેન્ડનો ફોટો ડિલિટ, ગર્લફ્રેન્ડનો નંબર ડિલિટ, ફોન કોલ રિસિવ્ડ ડિલિટ, પિક્ચર ક્લીપ્સ ડિલિટ, ડિલિટ, ડિલિટ, મેમરી કાર્ડ ડિલિટ.'

બેટો: 'લો પપ્પા.'

બાપુજી: 'લે બેટા, મારે તો ફકત સમય જ જોવો હતો.'

બેટો (મનમાં): 'અરે મારા બાપ, મને પહેલાં જ કહી દેતાં શું થતું હતું?'.

¤¤¤

શિક્ષક (વિદ્યાર્થીને): ‘પ્રેમ અને ઈશ્કમાં શુ અંતર છે?’

વિદ્યાર્થી: ‘પ્રેમ એ જે તમે તમારી પુત્રીને કરો છો, અને ઈશ્ક એ જે હું તમારી પુત્રીને કરું છું.’

¤¤¤

રંગલો: ‘હું તારી જોડે લગ્ન કરવા માંગુ છું.’

રંગલી: ‘પણ હું તો તારાથી એક વર્ષ મોટી છુ.’

રંગલો: ‘કોઈ વાંધો નહીં. હું એક વર્ષ પછી લગ્ન કરીશ.’

¤¤¤

જમાનો સતત પ્રગતિ કરી રહ્યો છે.

2જી

3જી

અને હવે 4 જી.

આ સિવાય

પાર્લે જી

સોનિયા જી

મનમોહન જી

મોદી જી

પરંતુ જેઠાલાલ એક જ જી પર અટકેલા છે. બબીતાજી.

¤¤¤

શિક્ષકે વર્ગમાં છોકરાઓની નોટબુક તપાસતાં કહ્યું: ‘મને નવાઈ લાગે છે કે તું એકલા હાથે આટલી ભૂલો કરે છે?’

છોકરાએ ઉભા થઈને કહ્યુ: 'આ બધી ભૂલો કાંઈ મારી એકલાની નથી. મારા પિતાજીએ પણ આમાં મદદ કરી છે.'

¤¤¤

એક બાળક દોડતો દોડતો પોલીસ સ્ટેશન આવ્યો અને બોલ્યો: 'ઈંસ્પેકટર સાહેબ, જલ્દી ચાલો, એક ચોર એક કલાકથી મારા પિતાજીને મારી રહ્યો છે.'

પોલીસ: 'ચોર એક કલાકથી મારી રહ્યો હતો ત્યારે તું શું એક કલાકથી તમાશો જોઈ રહ્યો હતો?'

બાળક: 'નહીં એ પહેલાં પિતાજી ચોરને મારી રહ્યા હતા.'

¤¤¤

શાહરૂખ ખાનની હિટ રહેલી ફિલ્મોમાં એક મેસેજ કોમન છે.....તમે જાણો છો એ કયો મેસેજ છે?

કુછ કુછ હોતા હૈ- ફ્રેન્ડ સાથે પ્રેમ

મોહોબ્બતે- પ્રિન્સિપલની છોકરી સાથે પ્રેમ

કલ હો ના હો- પાડોશીની છોકરી સાથે પ્રેમ...

કભી ખુશી કભી ગમ- પોતાના કર્મચારીની છોકરી સાથે પ્રેમ...

કભી અલવિદા ના કહેના- બીજાની પત્ની સાથે પ્રેમ....

બાઝીગર- દુશ્મનની છોકરી સાથે પ્રેમ...

પરદેસ- દોસ્તની ફિયાન્સી સાથે પ્રેમ

દિલ સે- આતંકવાદી સાથે પ્રેમ....

મૈં હૂં ના- ટીચર સાથે પ્રેમ...

ચેન્નાઈ એક્સપ્રેસ- ડોનની છોકરી સાથે પ્રેમ...

નોંધ- શાહરુખ લોકોને જોખમી લફરાં કેવી રીતે કરવા તે શીખવે છે!

અને જોખમ પરથી યાદ આવ્યું,

સૌથી જોખમી પ્રેમ છે.....

રબને બના દી જોડી- પોતાની પત્નીને જ પ્રેમ!

¤¤¤

છગન અને મગન ભાડાની હોડીમાં બેસીને ફરવા ગયા, ત્યારે જ દરિયામાં તોફાન આવ્યું,

છગન-મગનની નાવડી પાણીમાં ડૂબી જવાની તૈયારીમાં હતી. છગન બૂમો પાડવા માંડ્યો.

મગન: ‘અરે યાર, તું આમાં આટલી ચીસો કેમ પાડે છે? નાવડી આપણી થોડી છે, એ તો ભાડાની છે.’

¤¤¤

નટુ: 'મારી યાદશક્તિ ઘણી સારી છે, પરંતુ ત્રણ બાબત એવી છે જેને હું ક્યારેય યાદ રાખી શકતો નથી.'

ગટુ: 'તને કઈ ત્રણ બાબતો યાદ રહેતી નથી?'

નટુ: 'એક, મને લોકોનાં નામ યાદ રહેતાં નથી. બે, લોકોના ચહેરા પણ યાદ રહેતા નથી. અને ત્રણ, મને એ ત્રીજી બાબત જ યાદ રહેતી નથી.'

¤¤¤

છગન મગનને ત્યાં રાતે ગયો ત્યારે મગને કહ્યું: ‘આજે વરસાદ ખૂબ છે માટે રાતે અહીં જ સૂઈ જજે.’

થોડીવાર બાદ જ્યારે છગન બહાર આવ્યો તો ત્યાં મગન ન હતો.

જ્યારે આવ્યો ત્યારે છગને પૂછ્યું: ‘ક્યાં ગયો હતો?’

મગન: ‘ઘરે જઈને કહી આવ્યો કે આજે વરસાદ વધારે છે એટલે છગનને ત્યાં સૂઈ જઈશ.’

¤¤¤

બે મિત્રો ભેગા થયા.

પહેલો: ‘યાર મારી પત્ની હંમેશાં મારા પર ગિન્નાયેલી રહે છે, બહુ ગુસ્સો કરે છે.’

બીજો: ‘મારી પત્ની પણ પહેલાં મારા પર બહુ ગુસ્સો કરતી હતી, પણ હવે નથી કરતી.’

પહેલો: ‘એવું તો તેં શું કર્યું?’

બીજો: ‘એક દિવસ ગુસ્સો કરતી હતી ત્યારે મેં કહી દીધું કે ઘડપણમાં ગુસ્સો આવે જ છે. બસ એ દિવસને આજનો દિવસ, ક્યારેય ઊંચા અવાજે પણ વાત નથી કરતી.’

¤¤¤

પુત્ર: ‘પપ્પા, કોક પીવી લાભદાયક છે કે હાનિકારક?’

પપ્પા: ‘જો પીવા મળે તો લાભદાયક અને પીવડાવવી પડે તો હાનિકારક.’

¤¤¤

લેક્ચરર: ‘ પરીક્ષામાં cheat થવું એના કરતાં ફેલ થવું સારું.’

પપ્પુ: ‘ના સર, repeat થવું એના કરતાં cheat થવું સારું.’

¤¤¤

બંટી સરકસ જોઈને પાછો ફર્યો તો પિતાજીએ પૂછ્યું: ‘કેવું લાગ્યું સર્કસ?’

બંટીએ ઉત્તર આપ્યો: 'બીજું બધું તો ઠીક હતું, પણ નિશાનબાજનું નિશાનું સારુ નહોતું, તેણે ગોળ પૈડા પર ફરતી છોકરીને ચાર-પાંચ ચાકુ માર્યાં પણ એક પણ પેલીને વાગ્યું નહીં.'

¤¤¤

પતિ ડાકઘરમાં જઈને: 'સાહેબ, મારી વાઈફ ખોવાઈ ગઈ છે.'

પોસ્ટ માસ્ટર: 'ગધેડા આ પોસ્ટ ઓફિસ છે. પોલીસ સ્ટેશને જા.'

પતિ: 'ખુશીને કારણે મને એ જ સમજાતું નથી કે કયાં જાઉં!'

¤¤¤

મીના: 'મારા પતિને છોડીને આજ સુધી કોઈએ મને કિસ નથી કરી.'

ટીના: 'આ બદલ તને ગર્વ છે કે અફસોસ?'

¤¤¤

ગર્લફ્રેંડ: 'દીવો લઈને શોધવા જઈશ તોય મારા જેવી તને કોઈ ના મળશે.'

બોયફ્રેડ: 'કાલે જ મેં તારૂં નામ નાખીને ફેસબુક પર સર્ચ કર્યું ને તારા જેવી 517 આવી ગઈ.'

¤¤¤

મગન: 'બોલ યાર, આખી જિંદગી કોણ આપણને સાથ આપી શકે, પત્ની કે પ્રેમિકા?'

છગન: 'આમ તો બંને સાથ આપે, પણ જો બંન્નેને એકબીજા વિશે ખબર પડી જાય તો બંનેમાંથી એક પણ નહીં.'

¤¤¤

છગન બારમાં બેસીને ડ્રિંક પીતાં-પીતાં રડી રહ્યો હતો. વેઈટરથી રહેવાયું નહીં. એ બોલ્યો: 'અરે ભાઈ, રડો છો શું કામ? તમારા ડ્રીંકની મઝા લો ને.'

છગન: 'અરે! હું એક છોકરીને ખૂબ પ્રેમ કરતો હતો, પણ તેનું નામ યાદ નથી આવી રહ્યું એટલે રડી રહ્યો છું.'

¤¤¤

ત્રીજા ધોરણનો છોકરો મેડમને: 'મેડમ, હું તમને કેવો લાગું છું?'

મેડમ: 'So sweet!'

છોકરો: 'તો પછી હું મારાં મમ્મી-પપ્પાને મોકલું તમારે ઘરે. ક્યારે મોકલું?'

મેડમ: 'કેમ?'

છોકરો: 'કારણ કે તે આપણી વાત આગળ ચલાવશે ને!'

મેડમ: 'આ શું બકવાસ છે?'

બાળક: 'અરે ટ્યુશન માટે. મેડમ, તમે પણ ટીવી જોઈ જોઈને બહુ બગડી ગયાં છો.'

¤¤¤

પુત્રીએ પોતાના પિતાજીને પૂછ્યું: 'પપ્પા, રીના આંટીના ઘરને દરવાજો નથી શું?'

પપ્પા: 'નહીં બેટા, તેમને ત્યાં તો બે દરવાજા છે.'

પુત્રી: 'તો પછી તમે તેમને ઘરે બારીમાંથી કેમ જાવ છો?'

¤¤¤

પતિ (પત્નીને): ‘મારો કોઈ ફોન આવે તો કહેજો કે હું ઘરમાં નથી.’

થોડીવારે ફોનની ઘંટડી વાગી, પત્નીએ ફોન ઉઠાવીને કહ્યું: ‘હમણાં તેઓ ઘરે જ છે.’

પતિ ગુસ્સે થઈને બોલ્યો: ‘મેં તને ના પાડી છતાં તે કહ્યું કે હું ઘરે જ છું?’

પત્ની: ‘તમે તમારા ફોન માટે ના પાડી હતી,પણ આ તો મારા માટે ફોન આવ્યો હતો.’

¤¤¤

અમિતાભ: ‘સોનિયા જી, હવે એક છેલ્લો સવાલ, 5 કરોડ માટે: ‘ગુજરાતના મુખ્યમંત્રી કોણ છે?

અને તમારા ઓપ્શન છે:

1. નીતિશ કુમાર

2. પૃથ્વીરાજ ચૌહાણ

3. સિદ્ધરભૈયા

4. નરેન્દ્ર મોદી.’

સોનિયા: ‘નરેન્દ્ર મોદી.’

અમિતાભ બચ્ચન: ‘શું તમે શ્યોર છો? લોક કરી દઉં તમારો જવાબ?’

સોનિયા: ‘જો તમે આને સાચે જ લોક કરી શકો તો તો હું તમને 100 કરોડ આપીશ.’

¤¤¤

ન્યાયાધીશ(આરોપીને): ‘તેં થોડા દિવસ પહેલાં પણ સો રૂપિયા ચોર્યા હતા ને?’

આરોપી: ‘સાહેબ, સો રૂપિયા ચોર્યા તો હતા, પરંતુ તમે જ કહો આ મોંઘવારીના જમાનામાં સો રૂપિયા કેટલા દિવસ ચાલે?’

¤¤¤

મગન શેઠ: ‘છગન, તું દરરોજ ઓફિસે મોડો કેમ આવે છે?’

છગન: ‘શું કરું સર, ઘરનું બધું કામ મારે જ કરવું પડે છે.’

મગન શેઠ: ‘તો તું લગ્ન કેમ નથી કરી લેતો?’

છગન: ‘સર, હું પરણેલો જ છું.’

¤¤¤

એક મરઘાએ મરઘીને કહ્યું: ‘આઈ લવ યૂ, જાન.’

મરઘી: ‘સાચે જ?’

મરઘો: ‘હા હું તારે માટે કંઈ પણ કરી શકું છું.’

મરઘી: ‘સારું ત્યારે આજે મારે બદલે ઈંડું તું જ આપી દે.’

¤¤¤

મગન એક મ્યુઝિયમમાં પહોંચ્યો. એક પેઈન્ટિંગ પાસે અટકીને તે બોલ્યો: ‘આટલું બકવાસ પેઈન્ટિંગ? આ કદરૂપું પેઈન્ટિંગ આ કલાત્મક જગ્યાએ સહેજે શોભતું નથી.’

મ્યુઝિયમના કર્મચારી મગનને કહ્યું: ‘સર, આ પેઈન્ટિંગ નથી, પણ અરીસો છે.’

¤¤¤

નથુભા એક બુક વાંચતાં-વાંચતાં રોવા લાગ્યા.

બા: ‘કેમ રુઓ છો?’

નથુભા: 'આ બુકનો અંત બહુ ખરાબ છે.'

બા: 'કઈ બુક?'

નથુભા: 'પાસબુક.'

¤¤¤

પત્ની: 'તમે મને કેટલો પ્રેમ કરો છો?'

પતિ: 'હું તને ખૂબ જ પ્રેમ કરું છું ડાર્લિંગ, હું તેને માપી નથી શકતો.'

પત્ની: 'નહી બતાવો મને પ્લીઝ.'

પતિ: 'ઠીક છે. હું એક મોબાઈલ ફોન જેવો છું અને તું મારી સિમ કાર્ડ છે હું તારા વિના કશું નહીં.'

પત્ની: 'ઓહ. તમે કેટલા રોમાંટિક છો.'

પતિ (મનમાં ને મનમાં): 'ગાંડી. આને તો એ પણ ખબર નથી કે મારો મોબાઈલ મેઈડ ઈન ચાયના છે, જેમાં ચાર સિમ એક સાથે નાખી શકાય છે.'

¤¤¤

જ્યારે ટાઈટેનિક ડૂબી રહ્યું હતું ત્યારે સંતાએ એક અમેરિકનને પૂછ્યું: 'અહીંથી જમીન કેટલી દૂર છે?'

અમેરિકને કહ્યું: 'લગભગ બે માઈલ.'

ત્યારે સંતા બોલ્યો: 'અરે વાહ, હું તો તરવાનું સારી રીતે જાણું છું, અને તે કૂદી ગયો. કૂદતાં એણે પૂછ્યું: 'જમીન કઈ બાજુ છે?'

અમેરિકને કહ્યું: 'નીચેની બાજુ.'

¤¤¤

નટુની ઑફિસમાં સામસામે બે ઘડિયાળો લગાવેલી હતી.

એક ઘડિયાળમાં છ વાગ્યા હતા અને બીજી ઘડિયાળ સવા છનો સમય બતાવતી હતી.

આ ઘડિયાળોને જોઈને ગટુએ નટુને પૂછ્યું: ‘આ બંને ઘડિયાળો અલગ-અલગ સમય બતાવે છે. આવું કેમ?’

નટુએ જવાબ આપ્યો: ‘જો બંને ઘડિયાળો એક જ સમય બતાવે તો બે ઘડિયાળો રાખવાનો ફાયદો શું?’

¤¤¤

એક બિમાર માણસ ડૉકટર પાસે ગયો. ડૉકટરે એને તપાસીને કહ્યું: 'આમ તો મને કોઈ બિમારી નથી જણાતી, પણ કદાચ દારૂની અસર હોઈ શકે.'

દરદીએ કહ્યું: 'કોઈ વાંધો નથી. તમારો નશો ઊતરી જાય ત્યાર પછી હું આવીશ.'

¤¤¤

એક ભાઈએ દૂરથી એક બોર્ડ થાંભલા પર ઊંચે લગાડેલું જોયું. તે પાસે ગયા, પરંતુ એ બોર્ડ પર લખેલા અક્ષરો બહુ નાના હતા એટલે એમને બરાબર વંચાયું નહીં.

છેવટે બોર્ડ વાંચવા એ ભાઈ થાંભલે ચઢી ગયા! ઉપર ચઢીને એમણે જોયું તો બોર્ડમાં લખેલું: 'થાંભલો તાજો રંગેલો છે, અડકવું નહિ.'

¤¤¤

એક મિત્રએ સૂરજદાદાને કહ્યું: ‘દાદા, મહેરબાની કરીને સેટિંગ્સમાં જાઓ, ડિસ્પેલમાં જઈને બ્રાઈટનેસ ઘટાડો, બહુ ગરમી પડે છે.’

સૂરજદાદા: ‘મારાં સેટિંગ્સ તો ઠીક જ છે, તમે પૃથ્વીવાસીઓ તમારા સેટિંગ્સમાં જઈને વૃક્ષો વાવો, કોન્ક્રીટ જંગલ ઘટાડો, પ્રદૂષણ ઘટાડો, નદી તળાવ સાફ કરો.’

¤¤¤

વાજપાયી નવરા બેઠાં એક ખાસ મિત્ર સાથે ગપ્પાં મારતા હતા. વાત વાતમાં તેમણે પોતાના મનની અપ્રગટ ઈચ્છા મિત્ર સમક્ષ પ્રગટ કરી. 'યાર, હવે એકલતા બહુ કઠે છે. મને એમ થાય છે કે લગ્ન કરી લઉં. કોઈ વિધવાને પરણી જાઉં. તારું શું કહેવું છે?'

વાજપાયીનો મિત્રઃ 'વિધવાને પરણ કે કુંવારીને, જેને પરણીશ તે વિધવા જ થવાની છે.'

¤¤¤

યુવતી (ભિખારીને): ‘ભાઈ, તું આવો હટોકટો થઈને ભીખ માગે છે તેના કરતાં તું મહેનત કરીને કમાણી કર.’

ભિખારી: ‘બેન, તમે પણ એવાં રૂપાળાં છો કે તમે ફિલ્મ લાઈનમાં રોલ માગો તો મુખ્ય અભિનેત્રીનો મળે તોય તમે ઘરકામ કરો છો!’

યુવતી: ‘એક મિનિટ ઉભો રહે, લે આ પચીસ રૂપિયા, જલ્સા કર.’

¤¤¤

લેવીસનું જીન્સ હોય,

આરમનીનો સૂટ હોય,

બીએમડબલ્યૂની ગાડી હોય,

અનિલ અંબાણીની બાજુમાં ઘર હોય, અને ટીનાબેન આવીને પૂછેઃ ’વાટકી ખાંડ મળશે?

¤¤¤

અમેરિકાના હાઈવે પર એક સરદારજી કાર ચલાવી રહ્યા હતા ત્યાં એમની પત્નીનો મોબાઈલ પર ફોન આવ્યોઃ

'અજી સુનતે હો, અભી અભી ટીવી પે દિખાયા કિ કોઈ પાગલ હાઈ-વે પે રોંગ સાઈડમેં ગાડી ચલા રહા હૈ. સાવધાન રહેના.'

સરદારજીઃ 'અરે ભાગ્યવાન, એક નહિં અહીં તો બસો-ત્રણસો ગાડીઓ રોંગ સાઈડ પર ચાલી રહી છે. હું ભગવાનનું નામ લઈને માંડ બચ્યું છું.'

¤¤¤

વોટ્સ એપ પર છોકરાએ પોતાની ગર્લફ્રેંડને મેસેજ કર્યોઃ 'હાય બેબ, તું ક્યાં છે?'

છોકરીઃ 'હાય, અત્યારે મારા ડેડીની બીએમડબલ્યુમાં ડ્રાયવર મને ક્લબ મૂકવા જઈ રહ્યો છે, થોડીવારમાં જ ક્લબ પહોંચી રહી છું. તને સાંજે મળીશ. તું ક્યાં છે?'

છોકરોઃ 'એએમટીએસની બસમાં તારી પાછળની સીટ પર બેઠો છું અને મેં તારી ટિકિટ લીધી છે, તું ના લેતી.'

¤¤¤

એક બેન્ક મેનેજરે સરદારનો ઈન્ટરવ્યૂ લીધો.

મેનેજરઃ 'મને સાયક્લોનનો મતલબ કહો.'

સરદારઃ 'આ તો ખૂબ સરળ છે. સાયક્લોન એટલે કે સાયકલ ખરીદવા માટે જે લોન આપવામાં આવે તે.'

¤¤¤

સંતાઃ 'મારી પત્ની તો ઝઘડો થતાં જ પિયર જતી રહે છે.'

બંતાઃ 'તું તો બહું નસીબદાર છે. મારી પત્ની તો ઝઘડો થતાં જ પિયરવાળાંને અહીં બોલાવી લે છે.'

¤¤¤

સોહનઃ 'શું તું તારી મમ્મીનું કહેવું માને છે?'

મોહન: ‘હા, બિલકુલ માનું છું, અરે હું તો એ જેટલું કહે છે એનાથી વધુ માનું છું.’

સોહન: ‘કેવી રીતે?’

મોહન: ‘જ્યારે મમ્મી કહે છે કે ફ્રિઝમાં મૂકેલી અડધી મિઠાઈ ખાઈ લે તો આખી ખાઈ જાઉં છું.’

¤¤¤

સંતા એક હોટલમાં સ્કીમ જોઈને ડિનર માટે પહોંચ્યા.

વેઈટર: ‘સર, તમારું બિલ.’

સંતા: ‘લો કાર્ડ રાખી લો.’

વેઈટર: ‘સર, આ તો તમારા લગ્નનું કાર્ડ છે.’

સંતા: ‘તો પછી બહાર મજાકમાં લખ્યું છે કે દરેક કાર્ડ એક્સેપ્ટેબલ છે.’

¤¤¤

સંતા: ‘ફોર્ડ શુ છે?’

બંતા: ‘ગાડી.’

સંતા: ‘અને ઓક્સફોર્ડ શું છે?’

બંતા: ‘બળદગાડી.’

¤¤¤

ન્યાયાધીશ: ‘મને જાણવા મળ્યું છે કે તેં પત્નીને ડરાવી, ધમકાવીને, ગુલામની જેમ ઘરમાં રાખી છે?’

ગુનેગાર: ‘સાહેબ, વાત એમ છે કે...’

ન્યાયાધીશ: ‘બસ, બસ એની સ્પષ્ટતા કરવાની જરૂર નથી. તું માત્ર એટલું જ કહે કે, તેં આ ચમત્કાર કર્યો કેવી રીતે?’

¤¤¤

‘તું સવારે કેટલા વાગ્યે ઊઠી જાય છે?’

‘મિત્ર, હું તો છે ને સૂર્યનાં કિરણો બારીમાંથી મારી પથારી ઉપર પડે કે તરત જ ઊઠી જાઉં છું....’

‘ઓહો! આ હિસાબે તો તું જબરો વહેલો ઊઠી જતો કહેવાય.’

‘ના, મારા બેડરૂમની બારી પશ્ચિમ દિશામાં પડે છે....’

¤¤¤

સ્કૂલમાં વ્યાકરણ શીખવનારા શિક્ષકે લાલુને પૂછ્યું: ‘રમેશે લગ્ન કર્યાંનું ભવિષ્યકાળ શું થશે?’

‘રમેશ છૂટાછેડા લેશે.’ લાલુએ જવાબ આપ્યો.

¤¤¤

શિક્ષકે પૂછ્યું: ‘બેરિયમનું કેમિકલ સિમ્બોલ?’

ટ્વિન્કલ: ‘Ba.’

શિક્ષક: ‘સોડિયમનું?’

ટ્વિન્કલ: ‘Na.’

શિક્ષક: ‘બેરિયમનો એક અણુ ને સોડિયમના બે અણુને મિશ્ર કરીએ તો શું બને?’

ટ્વિન્કલ: ‘Banana સર!’

¤¤¤

‘આજે મારી બેબી સ્કૂલમાં આવી શકે તેમ નથી.’

‘તમે કોણ બોલો છો?’

‘મારી મમ્મી બોલે છે!’

¤¤¤

સન્તા એક રેસ્ટોરન્ટમાં નાસ્તો કરવા ગયો.

વેઈટર નાસ્તો લાવતાં પહેલાં ખાલી ડિશો મૂકી ગયો, જેમાં એકમાં ટિશ્યૂ પેપર હતો.

સન્તા વિચારવા લાગ્યો: આ કઈ ખાવાની ચીજ લાગે છે!

તે ચાખવા જતો હતો, ત્યાં જ પાછળથી બન્તા બોલ્યો: ‘ના ખાઈશ, ખૂબ ફિક્કું છે.’

¤¤¤

બે મહિલાઓ વાત કરી રહી હતી. તેમાંથી એકે બીજીને પૂછ્યું: ‘તમે સેક્સ કરતી વખતે ક્યારેય તમારા પતિ સાથે વાત કરો છો?’

બીજી મહિલાએ જવાબ આપ્યો: ‘હા, પણ ત્યારે જ જ્યારે એ મને ફોન કરે છે!’

¤¤¤

બંતા લેખક એક દિવસ એક સભામાં ભાષણ આપી રહ્યા હતા: ‘કેવો સંજોગ છે કે જે દિવસે પ્રેમચંદજીનું અવસાન થયું તે દિવસે મારો જન્મ થયો. જોવામાં આવે તો તે દિવસ ...

'બહુ દુર્ભાગ્યનો દિવસ હતો.' સંતા સભાની વચ્ચે જ બોલી ઊઠ્યો.

¤¤¤

ડોકટર: ‘રોહન, તારા કાનનું ઓપરેશન સફળ રહ્યું. હવે તું સ્પષ્ટ સાંભળી શકીશ. બધો મળીને કુલ પાંચ હજાર રૂપિયાનો જ ખર્ચ થયો છે.’

રોહન: ‘શું કહ્યું ડૉકટર સાહેબ? મને તો કંઈ જ સંભળાતું નથી.’

¤¤¤

એક ગ્રાહક હોટેલમાં જમવા ગયો.

ઓર્ડરમાં તેણે મટર-પનીરનું શાક મંગાવ્યું.

ગ્રાહક: 'આ શું છે?, મટર-પનીરમાં પનીર તો દેખાતું જ નથી?'

વેઈટર: 'સાહેબ, ગુલાબજાંબુમાં ક્યારેય ગુલાબ જોયું છે?'

¤¤¤

મા: 'રાજુ, બેટા તું તારા જન્મદિવસે કોને-કોને બોલાવવા માગે છે?'

રાજુ: 'દાદાજી, મામાજી, ચાચાજી અને મોટાભાઈઓને. આ લોકો જ તો મને ભેટ કે પૈસા આપશે ને!'

¤¤¤

લેડી (ડોક્ટરને): 'મારા પતિ ઊંઘમાં બોલે છે, તેમની કુટેવને છોડાવવા માટે શું કરવું જોઈએ?'

ડોક્ટર: 'તે જાગે ત્યારે તેમને બોલવાની તક આપો.'

¤¤¤

બૉસ (આસિસ્ટન્ટ ને): 'ભગવાન બુદ્ધિ વહેંચતા હતા ત્યારે આપ ક્યાં હતા?'

આસિસ્ટન્ટ: 'સાહેબ, હું આપની સાથે ટુરમાં હતો.'

¤¤¤

ગ્રાહક: 'વેઈટર, અહીં આવ, જો ચામાં માખી પડી છે.'

વેઈટરે આંગળીથી માખીને કાઢી અને તેને જોઈ. ને ગંભીર રીતે એ બોલ્યો: 'અરે સાહેબ, આ અમારી હોટેલની નથી.'

¤¤¤

'ડૉક્ટર સાહેબ, પ્લાસ્ટિક સર્જરી માટે કેટલા રૂપિયાનો ખર્ચ થાય?'

'બે લાખ રૂપિયા થાય.'

'અને સાહેબ, જો પ્લાસ્ટિક હું મારા ઘરેથી લઈ આવું તો?'

¤¤¤

બાપુએ પૂરપાટ ગાડી હંકારતાં અકસ્માત નોતર્યો. કોર્ટમાં જજસાહેબે પૂછ્યું: 'બોલો શી સજા આપું? 30 દિવસની જેલ કે 3000 રૂપિયા?'

બાપુ: 'સાહેબ, 3000 રૂપિયા જ આપો ગાડી તો રિપેર થઈ જાય!'

¤¤¤

ચંદુ: 'મારી પત્ની મારું કહેવું માનતી જ નથી.'

મગન: ' મારી પત્નીને હું કહું: પાણી આપ. એટલે મારી પત્ની પાણી આપે. બ્રશ કહું તો બ્રશ આપે. સાબુ કહું તો સાબુ આપે.'

ચંદુ: 'ક્યારે?'

મગન: 'હું એનાં કપડાં ધોવા બેસું ત્યારે.'

¤¤¤

લેકચરર: 'બારીની બહાર જોયા કરે છે તો કૉલેજમાં શા માટે આવે છે.'

વિદ્યાર્થી: 'વિદ્યા માટે મેડમ.'

લેકચરર: 'તો બારીની બહાર શા માટે જુએ છે?'

વિદ્યાર્થી: 'વિદ્યા હજુ સુધી આવી નથી!'

¤¤¤

એક પોપટ (પક્ષી) અને તેનો માલિક વિમાનમાં સફર કરી રહ્યા હતા.

એરહોસ્ટેસને જોઈ પોપટે સીટી મારી.

આ જોઈ પોપટના માલિકે પણ સીટી મારી.

એરહોસ્ટેસ નારાજ થઈ ગઈ અને તેણે ફરીયાદ કરી દીધી.

બન્નેને વિમાનમાંથી બહાર ફેંકી દેવાની જાહેરાત થઈ.

દરવાજા પર પોપટે માલિકને કહ્યું: ‘તમને ઊડતાં આવડે છે?’

માલિક: ‘નહીં.’

પોપટ: ‘તો પછી સીટી શું કામ મારી?’

¤¤¤

પપ્પુ- અમે એક મોબાઈલ મેરેજ બ્યુરો શરૂ કર્યું છે.

સંબંધ માટે 1 દબાવો...

સગાઈ માટે 2 દબાવો....

લગ્ન માટે 3 દબાવો....

ગ્રાહક ટપ્પુ: ‘આ તો ઠીક છે, પણ જો કોઈને બીજાં લગ્ન કરવાં હોય તો, તેના માટે શું દબાવવાનું છે?’

પપ્પુ: ‘બીજા લગ્ન માટે પહેલી પત્નીનું ગળું દબાવો!’

¤¤¤

એક સર્જકને કોઈએ પૂછ્યું: ‘તમે નસીબમાં માનો છો?’

‘હાસ્તો. મારા દુશ્મનોની સફળતાને હું બીજા કયા શબ્દથી વર્ણવી શકું?’

¤¤¤

'બાપુ, તમારો કૂતરો બાકી કેવું પડે. સિંહ જેવો લાગે છે.'

'અરે ડફોળ, તારો સગો ઈ સિંહ જ છે. પણ ખાધાપીધા વગર્યનો કૂતરા જેવો થઈ ગયો છે.'

¤¤¤

છગનબાપુને અકસ્માત થયો. હૉસ્પિટલમાં લઈ ગયા. ઘા તપાસીને ડૉક્ટરે કહ્યું: 'ટાંકા લેવા પડશે.'

બાપુએ પૂછ્યું: 'કેટલા રૂપિયા થાશે?'

ડોક્ટર કહે: '7000 તો મિનિમમ થાશે.'

બાપુ બગડ્યા: 'અલ્યા, ટાંકા લેવાના છે. કાંઈ ઍમ્બ્રૉઈડરી નથી કરવાની!'

¤¤¤

પત્ની: 'જુઓ છાપામાં દારૂ પીવાથી થતાં નુકશાનો લખ્યાં છે, અને તમે રાત-દિવસ નશામાં રહો છો.'

પતિ: 'બસ, બહુ થયું, કાલથી બિલકુલ બંધ.'

પત્ની (ખુશ થઈને): 'સાચે જ, કાલથી દારૂ પીવાનુ બંધ કરી દેશો?'

પતિ: 'ના, કાલથી છાપુ બંધ.'

¤¤¤

ભિખારી: '50 પૈસા આપો ભૈસાબ, ત્રણ દિવસથી ખાધું નથી.'

કંજૂસ: '10 રૂપિયા આપીશ, પણ પહેલા એ કહે કે 50 પૈસામાં ખાવાનું ક્યાં મળે છે?'

¤¤¤

‘ડૉક્ટર, રોજ હું 100 રૂ. ની દવા લઉં છું પણ કશો ફાયદો નથી થતો.’

‘મગનભાઈ! રોજ 50 રૂ.ની દવા લેવાનું રાખો. રૂ. 50 નો ચોખ્ખો ફાયદો થશે ને!’

¤¤¤

સુકલકડી મુલ્લાં નસરુદ્દીનને ગુસ્સો આવ્યો,

પબમાં બેઠા હતા મિત્રો સાથે તો થોડી વધારે ચડાવી લીધી નશામાં લીસ્ટ બનાવવા માંડ્યા. કોને કોને મારીને સીધા કરવાના છે!

સો જણાનું લીસ્ટ બનાવ્યું.

ત્યાં એક હટ્ટોકટ્ટો પહેલવાન તેમની પાસે આવ્યો પૂછ્યું: ‘મારું નામ છે અંદર?’

સુકલકડી નસરુદ્દીન કહે: ‘છે પણ કાઢી નાખું છું! ક્ષમા તો વીર પુરુષનું ઘરેણું છે!’

¤¤¤

આંખના ડૉક્ટર: ‘તમને ખરેખર ચશ્માં છે.’

દર્દી: ‘તપાસ કર્યા પહેલાં તમને કઈ રીતે ખબર પડી?’

આંખના ડૉક્ટર: ‘દરવાજો છોડી તમે બારીમાંથી આવ્યા.’

¤¤¤

નટુ: 'અલ્યા ગટુ, લેન્ડલાઈન અને મોબાઈલ વચ્ચે ફરક શો?'

ગટુ: 'એ તો બહુ સરળ છે. લેન્ડલાઈનનો નંબર આપણે આંગળીથી ઘુમાવીએ છીએ, જ્યારે મોબાઈલનો અંગૂઠાથી.'

¤¤¤

પતિ: 'તું રોટલી તો સારી બનાવે છે પણ મારી મમ્મી જેવી નથી બનતી. મમ્મી જેવી રોટલી બનાવ ને!'

પત્ની: 'હા ચોક્કસ. મમ્મી જેવી રોટલી તો હું બનાવું, પણ પહેલાં તમે મારા પપ્પા જેવો લોટ બાંધતાં તો શીખી જાઓ!'

¤¤¤

વો આતી હૈ રોજ

મેરી કબ્ર પર

અપને વો નયે

હમસફર કે સાથ....

કૌન કહેતા હૈ

'દફનાને' કે બાદ

'જલાયા' નહીં જાતા?

¤¤¤

એક સજ્જન પોતાની પત્નીની સાથે ટ્રેનમાં ચઢી અને તરત જ ઘભરાઈને પ્લેટફોર્મ પર કૂદી પડ્યા.

પ્લેટફોર્મ પર ઊભેલા યાત્રીઓએ પૂછ્યું: 'શું થયું ભાઈ કૂદી કેમ પડ્યો?'

પેલા સજ્જન બોલ્યા: 'અંદર લખ્યુ છે કે વિસ્ફોટક વસ્તુને સાથે લઈને યાત્રા કરવાની મનાઈ છે.'

¤¤¤

ઈન્ટરનેટ પર એક છોકરો - છોકરી ચેટિંગ કરી રહ્યાં હતાં.

છોકરો: 'તારો ફોટો મોકલ ને.'

છોકરી: 'સારું. મોકલું છું.'

છોકરો: ‘તું કેટલી સુંદર દેખાય છે? શું વાપરે છે?’

છોકરી: ‘ફોટોશોપ.’

¤¤¤

‘બેટા ગઈકાલે મેં તને ગણિતના દાખલાનું હોમવર્ક કરવામાં મદદ કરી હતી. તેં સ્કૂલમાં ટીચરને એ કહી તો નથી દીધું ને?’

‘પપ્પા, મેં સાચી વાત સરને જણાવી જ દીધી.’

‘એમ? તું તો સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનો અવતાર છે! પછી તારા ટીચરે શું કહ્યું?’

‘એમણે કહ્યું દાખલા બધા જ ખોટા ગણી લાવ્યો છે પણ બીજાએ કરેલી ભૂલની સજા હું તને નહીં આપું!’

¤¤¤

સરકસમાં રિંગમાસ્ટરે સાકરનો ટૂકડો મોમાં રાખીને સિંહને પોતાની તરફ આવવા ઈશારો કર્યો. સિંહ આવ્યો અને તેમના મુખમાંથી સાકરનો ટૂકડો લઈ ખાઈ ગયો.

આ દ્રશ્ય જોઈ ચિંટુ બોલ્યો: 'આ તો સાવ સહેલી રમત છે.'

રિંગમાસ્ટર ગુસ્સામાં આવી ગયો અને બોલ્યો: 'તો પછી તમે કરી શકો એમ છો?'

ચિંટુ કહે: 'સિંહ કરી શકતો હોય તો હું કેમ ના કરી શકું?'

¤¤¤

બૉસ: ‘ક્યાં ગયા હતા?’

કર્મચારી: ‘વાળ કપાવવા.’

બૉસ: ‘ઑફિસના સમયમાં?’

કર્મચારી: 'વાળ વધે પણ તો ઓફિસ સમયમાં જ છે.'

બોસ: 'ઘરે પણ તો વધે છે ને?'

કર્મચારી: 'તો હું ટકલો થઈને થોડો આવ્યો છું! જેટલા ઓફિસમાં વધ્યા તેટલા જ કપાવીને આવ્યો છું.'

¤¤¤

ડૉક્ટર (દર્દીને): 'જો તમે આ બીમારીમાંથી બચવા માંગતા હોય તો તમારે બહુ ભીડભાડ ને માણસોથી ઉભરાતી જગ્યાએથી હમેશાં દૂર જ રહેવું પડશે.'

દર્દી: 'એ શક્ય નથી સાહેબ.'

ડોક્ટર: 'કેમ? એમાં શું વાંધો છે?'

દર્દી: 'વાંધો? અરે, સાહેબ, મારો ધંધો જ ખિસ્સાંકાતરુનો છે!'

¤¤¤

લલ્લુ અને રાજુને ત્રણ ટાઈમ બોમ્બ મળ્યા. બેઉ એને લઈને પોલીસસ્ટેશન ચાલ્યા. લલ્લુએ કહ્યું: 'ધાર કે આમાંથી એકાદ બોમ્બ રસ્તામાં ફાટી જાય તો?'

રાજુ: 'તો શું? ખોટું બોલીશું કે બે જ બોમ્બ મળ્યા હતા!'

¤¤¤

એક દારૂડિયો પોતાની આંખો ડોનેટ કરવા ગયો.

ક્લાર્ક: 'કંઈ કહેવા ઈચ્છો છો?'

દારૂડિયો: 'હા, જેને પણ મારી આંખો લગાવો, તેને કહેજો કે તે બે પેગ પીધા બાદ જ ખુલે છે.'

¤¤¤

ચોર્યાસી વરસના ચંદુભાઈ અને બાણું વરસના મગનભાઈ બેય જણા મંદિરને ઓટલે બેસી વાતો કરતા'તા.

ચંદુભાઈ: 'આજનું છાપું વાંચ્યું?'

મગનભાઈ: 'ના!'

ચંદુભાઈ: 'સમાચાર છે પ્રાણી ગૃહમાં સિનિયર્સને પ્રવેશ મફત.'

મગનભાઈ: 'તે અત્યાર સુધી ઘરડાઘરમાં મોકલતા હતા, હવે પ્રાણીગૃહમાં મોકલશે!'

¤¤¤

બાપુ(ડોક્ટરને): 'તમે મારો દારૂ છોડાવી શકો?'

ડોક્ટરઃ 'હા, ૧૦૦%'

બાપુઃ 'તો રાજકોટ પોલિસ-સ્ટેશનમાં આપણી ૪૦ બોટલ જપ્ત થઈ છે, જરાક છોડાવી દ્યો ને.'

¤¤¤

સોનુનું ક્રેડિટ કાર્ડ ચોરાઈ ગયું.

બંટી: 'તેં પોલિસમાં ફરિયાદ લખાવી કે તારું કાર્ડ ચોરાઈ ગયું છે?'

સોનુઃ 'ના યાર, ચોર તેનાથી એટલી ખરીદી નથી કરતો, જેટલો મારી ગર્લફ્રેન્ડ કરતી હતી.'

¤¤¤

કવિ (ફોન પર): 'ભાઈ સાહેબ, રવિવારે સમાચારપત્રમાં તમારી કવિતા વાંચી. ખૂબ ગમી. તમારી ભાભીને પણ કવિતા ખૂબ પસંદ પડી.'

કવિ: 'ભાઈ, ભાભીજીને ધન્યવાદ કહેજો અને મારા તરફથી ચરણસ્પર્શ કરી લેજો.'

¤¤¤

એક વખત સંતા થિયેટરમાં પિક્ચર જોવા ગયા.

બાજુની સીટ પર બેઠેલી મહિલા કોલ્ડ્રીંકની બોટલને 15-20 મીનિટે મોઢા પાસ લઈ જતી.

સંતાને ગુસ્સો આવ્યો, તેણે કહ્યું લાવો હું એકસાથે પીને બતાવું. થોડીવાર બાદ સંતાના હોશ ઊડી ગયા.

મહિલા કહે: 'હું તો બોટલમાં પાનની પિચકારી થૂંકી રહી હતી, તું ખોટો હેરાન થતો હતો.'

¤¤¤

રીન્કુ: 'કવિતા આન્ટી મમ્મીએ કીધું છે ૧વાટકી ખાંડ આપો.'

કવિતા આન્ટી ખાંડ આપતાં: 'આ લે બેટા, મમ્મીએ બીજું કાંઈ કીધું છે?'

રીન્કુ: 'હા, મમ્મીએ કીધું કે કવિતા વાંદરી ના પાડે તો સવિતા આન્ટીને ત્યાંથી લઈ આવજે.'

¤¤¤

સંતા: 'બંતા, બતાવ તો ચંદ્ર અને ધરતીનો શું સંબંધ છે?'

બંતા: 'ભાઈ-બહેન હશે બીજું શું?'

સંતા: 'એ કેવી રીતે?'

બંતા: 'કારણ કે આપણે ચંદ્રને મામા કહીએ છીએ અને ધરતીને મા.'

¤¤¤

એક વાર ચાર દેશના એન્જિનીયર ભેગા થયા હતા. અમેરિકા, જાપાન , ચીન, ભારત. તેમને જે વિમાનમાં જવાનું હતું તે બગડી ગયું.

તો પહેલાં અમેરિકા પછી જાપાન પછી ચીનના એન્જિનીયર મથ્યા પણ વિમાન ચાલુ ના થયું. છેલ્લે ભારતના એન્જિનીયરે કહ્યું કે વિમાનને એકબાજુથી નમાવો. ત્યાં તો વિમાન ચાલુ થયું. બધા દેશના એન્જિનીયરોએ પૂછ્યું કે આ કેમનું? તો ભારતના એન્જિનીયરે કહ્યું કે અમારે ત્યાં બજાજ સ્કૂટર આ રીતે ચાલુ થાય છે.

¤¤¤

આરબ શેખે પોતાની નવી બેગમને કહ્યું: ‘અહીં આરામથી રહેવાનું, બારીમાંથી બહાર નહીં જોવાનું અને કોઈને પોતાનો ચહેરો નહીં દેખાડવાનો. આજે આપણી સુહાગરાત છે. આજે તું મને સવાલ કરી શકે છે. પછીથી તારે ફક્ત ખાવા પીવા માટે જ મોં ખોલવાનું છે અને ક્યારેય કંઈ ના બોલતી.’

બેગમ: ‘તમારી પહેલી પત્નીનું મોત કેવી રીતે થયું?’

શેખ: ‘ઝેર ખાવાથી.’

બેગમ: ‘અને બીજીનું?’

શેખ: ‘એને મારે ગોળી મારવી પડી.’

બેગમ: ‘કેમ?’

શેખ: ‘કેમ કે એ ઝેર ખાવાનો ઈન્કાર કરતી હતી!’

¤¤¤

મગનકાકા એક દિવસ રેલ્વેમાં ટિકિટ લઈને મુસાફરી માટે નીકળ્યા. રાતે ૮ વાગ્યા પછી ટિકિટ ચેકર આવ્યો અને મગનકાકા પાસે ટિકિટ માંગી પરંતુ મગનકાકાએ ટિકિટ ચેકરને ટિકિટ ના આપી; ચેકરે કહયું: ‘ટિકટ વગર મુસાફરી

કરો છો તો જેલમાં જવું પડશે પરંતુ મગનકાકા કશું જ બોલ્યા નહીં.

ચેકરે પોલીસ બોલાવી ને મગનકાકાને જેલમાં પૂરી દીધા. સવારે મગનકાકા બુમ પાડવા લાગ્યા કે મારો ક્યો ગુનો છે તે મને જેલમાં પૂરવામા આવ્યો છે?'

જેલના સિપાઈએ કહ્યું: 'તમે વગર ટિકિટ એ મુસાફરી કરતા હતા એટલે તમને જેલમાં પૂરવામાં આવ્યા છે.'

મગન કાકાએ કહ્યું: 'મારી પાસે ટિકિટ છે.'

તરત સિપાઈએ ટિકિટ ચેકરને બોલાવી લીધા અને મગનકાકાને જેલમાંથી બહાર કાઢવામાં આવ્યા.

પછીથી ટિકિટ ચેકરે એ મગન કાકાને પુછયું: 'રાતે ટિકિટ કેમ ના બતાવી?'

તો મગન કાકા કહે: 'મારી પાસે પૈસાનું જોખમ હતું એટલે મારી ટિકિટ ના બતાવી. આખી રાત ચાર ચાર પોલીસોએ મારા જોખમનો પહેરો ભર્યો. હા હા હા હા હા હા.'

¤¤¤

બંતાએ નવું નવું દવાખાનું ખોલ્યું હતુ, તેની પાસે પહેલો દર્દી આવ્યો. તેણે જણાવ્યું ડોક્ટર સાહેબ મારા કાનમાં રોજ 20 મિનિટ સુધી સણકા મારે છે.

બંતાએ સલાહ આપી: તમે રોજ 20 મિનિટ મોડા ઊઠવાનું રાખો.

¤¤¤

છગનબાપુને એક ઈન્ટરવ્યુમાં પૂછ્યું: 'કંઈ વેચવાનો (સેલ્સમેનશીપનો) અનુભવ છે ખરો?'

છગનબાપુ બોલ્યાઃ ‘ઘણો બધો. મકાન વેચ્યું, જમીન વેચી, વાડી, ખેતર, ઘોડી વેચી, જર-ઝવેરાત બધુંય વેચ્યું. પાકો અનુભવ છે.’

¤¤¤

પતિ 'વ્હાલી ચાલને આપણે બંન્ને બહાર જઈ આજે મજા કરીયે...'

પત્ની 'સરસ. પણ તું વ્હેલો ઘરે પહોંચે તો આંગણાંની લાઈટ ચાલુ રાખજે!'

¤¤¤

બન્તાને જ્યારે જેલની સજા થઈ ત્યારે એનો બાબો માત્ર બે વરસનો હતો.

છ વરસ પછી બન્તા જેલમાંથી છુટીને સીધો સ્કૂલમાં ગયો. અંદર ક્લાસમાં જતાંની સાથે જ એ પોતાના છોકરાને ઓળખી ગયો.

શી રીતે?

કારણ કે આખા ક્લાસમાં એ એક જ છોકરો એવો હતો કે જ્યારે સર પાટિયા પર લખેલું લખાણ ભૂંસતા હતા ત્યારે આ છોકરો નોટમાં લખેલું લખાણ રબરથી ભંસતો હતો.

¤¤¤

ચંદુને હડકાયું કૂતરું કરડ્યું. એને હડકવા ઊપડ્યો. ઘરે પહોંચી ને પત્નીને કહ્યું: ‘મને કાગળ પેન્સિલ આપ.’

પત્નીઃ 'વસિયતનામું બનાવવું છે?'

ચંદુઃ 'ના કોને કોને કરડવું તેનુ લિસ્ટ બનાવવું છે.'

¤¤¤

એક પાર્ટીમાં બિલાડી અને હાથી એક બીજાને મળ્યા.

બિલાડીએ હાથીને પૂછ્યું, 'તારી ઉંમર કેટલી છે?'

હાથી: 'પાંચ વરસ'

બિલાડી: 'લાગતું નથી, આવું કેમ?'

હાથી: 'બીકોસ આઈ એમ અ કોમ્પલાન બોય!'

પછી હાથીએ બિલાડીની ઉંમર પૂછી.

બિલાડીએ કહ્યું: '૩૦ વરસ.'

હાથીએ કહ્યું: 'એવું કેમ?'

બિલાડી: 'એવર યુથ! ચેહરે સે ઉમ્ર કા પતા હી નહીં ચલતા.'

¤¤¤

'કાલીદાસનો એક ભાઈ જોડા વેચતો હતો એ કોણ?'

'અડિદાસ.'

'કાલીદાસ કઈ દક્ષિણ ભારતીય વાનગી માટે વખણાતો?'

'ઉપમા!'

¤¤¤

ટીચર: 'રીંકુ તુ રોજ છેલ્લી પાટલીએ બેસીને શું કરતો રહે છે? આજે મારે તારું જનરલ નોલેજ ચકાસવુ પડશે: 'ચાલ બતાવ બાદશાહ કરતા મોટો કોણ?'

રાજૂ: 'એમાં તો હું પાકો છું સીમ્પલ, બાદશાહ કરતાં મોટો એક્કો.'

¤¤¤

કમળા: 'બહેન, રસોઈયણ કરતાં આપણા હાથની રસોઈથી ઘણો ફાયદો તેમજ કરકસર પણ થાય છે. ખરું ને?'

રંજન: 'હા, જો ને મારા પતિ પહેલાં જેટલું ખાતા હતા તેના કરતાં અર્ધું પણ હવે ખાતા નથી!'

¤¤¤

નરેશ: 'રમેશ બતાવ તો કાંગારુનું બચ્ચુ ખોવાઈ જાય તો તે શું બોલે?'

રમેશ: 'મને ખબર નથી, તું જ કહે.'

નરેશ: 'એ બૂમો પાડશે કે અલ્યા મારું પોકેટ કોણ મારી ગયું?'

¤¤¤

પ્રેમ અને સિગારેટ વચ્ચે એક સમાનતા છે!

બંને હોઠો પર ખુશી લાવે છે! પણ હૃદયમાં દુ:ખ લાવે છે!

¤¤¤

અધ્યાપિકાએ છાત્રને પૂછ્યું: 'વરસાદ પડે ત્યારે વીજળી કેમ ચમકે છે?'

વિદ્યાર્થીએ જવાબ આપ્યો: 'મેડમ, ઈન્દ્ર દેવતા ટોર્ચ સળગાવીને જુએ છે કે ક્યાંક કોરું તો નથી રહી ગયું ને?'

¤¤¤

મૃત્યુ સમયે પતિ તેની પત્નીને કહ્યું: 'મારા મૃત્યુ પછી તું રામલાલ સાથે લગ્ન કરી લેજે.'

'રામલાલ સાથે કેમ? એ તો તમારો મોટો દુશ્મન છે.'

'એ માટે તો હું એની સાથે બદલો લેવા માંગું છું.'

¤¤¤

પિતા: 'બેટા. ચલ ગણિત પાકુ કર. મારા હાથમાં કેટલી આંગળીઓ છે?'

પુત્ર: 'પપ્પા, હાથની અંદર તો એકપણ આંગળી નથી. જે છે તે પંજા પર જ છે.'

પિતા: 'સારું, સારું હવે. પણ ત્યાં કેટલી આંગળીઓ છે?'

પુત્ર: 'શું પપ્પા! તમારું ગણિત એટલું બધું કાચું છે કે તમે જ તમારી પોતાની આંગળીઓ નથી ગણી શકતા?'

¤¤¤

પત્ની ટીવી પર મેચ જોઈ રહી હતી, એટલામાં પતિ મહારાજ તૈયાર થઈને આવ્યા અને બોલ્યા: ‘હુ કેવો લાગી રહ્યો છું?’

પત્ની એકદમ ચીસ પાડીને બોલી: ‘છક્કો.’

¤¤¤

એક માણસે એની સાસુના ખાટલા પર સાપ જોયો. બારમાંથી આઠ મહિના સાથે રહેતી સાસુથી કંટાળેલા માણસે સાપને કહ્યું: ‘ભાઈ, જરા મારી સાસુને કરડતો જા ને!’

સાપ: ‘ના પોસાય દોસ્ત, હું મારું રિચાર્જ એની પાસેથી જ તો કરાવું છું.’

¤¤¤

માંગીલાલે બાબુલાલને પુછયું: ‘બાપુ મારી પાસેથી તમે જે 10000 રૂપિયા લીધા હતા, એ ક્યારે પાછા આપશો?’

બાબુલાલ: ‘નવરીના, મને શું પૂછે છે? હું કાંઈ જ્યોતિષી છું?’

¤¤¤

દસ વરસના મનુએ તેની મિત્ર આનલને પૂછ્યું: ‘તું મોટી થઈશ ત્યારે મને પરણીશ?’

આનલે કહ્યું: ‘અમારા કુટુંબમાં અમે અમારા ઘરનાં લોકો સાથે જ પરણીએ છીએ. જો ને મારા કાકા મારી કાકીને જ

પરણ્યા છે. મારા મામા મારી મામીને અને મારા માસા મારી માસીને પરણ્યા છે. આમ અમે અમારાં સગાંમાં જ પરણીએ છીએ.’

¤¤¤

પ્રોફેસરઃ ‘છોકરી સાથે પ્રેમ કરવો અને પ્રેમ થવો તેમાં શું તફાવત છે?’

રંગલોઃ ‘છોકરી સ્માર્ટ હોય અને એક્ટીવામાં જતી હોય તો પ્રેમ થઈ જાય છે. પરંતુ જો છોકરી દેખાવડી ન હોય અને કારમાં જતી હોય તો પ્રેમ કરવો પડે છે.’

¤¤¤

દીકરો: ‘પપ્પા, બધા જ લોકો લગ્ન કરીને પસ્તાય છે, તો પછી લોકો લગ્ન કરે છે શા માટે?’

પિતા: ‘બેટા, અક્કલ બદામ ખાવાથી નથી આવતી, ઠોકર ખાવાથી જ આવે છે.’

¤¤¤

દુનિયા તમારી નોંધ લે, તમને જોઈને ચોંકી ઊઠે એવું ઈચ્છો છો? સહેલું છે યાર! હાથી પર શીર્ષાસન કરો, ફોટો પડાવો ને પછી ઊંધો લટકાવી દો. પછી જોઈ લો મજા!

¤¤¤

રસ્તાનાં કિનારે એક નેનો કાર બ્રેકડાઉન થઈને પડી હતી....

એક BMW કારનો ડ્રાઈવર નેનોના ચાલકની મદદ માટે રોકાયો....

અને કહ્યું કે હું તમને આગળનાં સર્વિસ સ્ટેશન સુધી ટો કરી દઉં છું, પણ હું બહુ ફાસ્ટ ચલાવીશ, કંઈ કહેવું હોય તો તમે ફ્લેશ લાઈટ ચાલુ કરજો....

બંને જણાએ ધીમે ધીમે આગળ જવાનું ચાલુ કર્યું.... એટલામાં એક પોર્સે કાર 150km/hની ઝડપે ત્યાંથી પસાર થઈ....

તેને જોઈ BMWનો ડ્રાઈવર તેની પાછળ જોડેયેલી નેનોને ભૂલી ગયો અને પોર્શે સાથે રેસમાં લાગી ગયો.....

ત્રણેય કાર હાઈવે પર લાગેલા કેમેરામાં ટ્રેપ થઈ....

ટ્રાફિક પોલીસે બધા જ સ્ટેશનો પર વાયરલેસથી સંદેશો મોકલ્યો.

તમે નહીં માનો મેં હમણા જ બીએમડબલ્યુ અને પોર્શે કારને 190ની ઝડપે જતાં જોઈ છે અને નેનો તેમની પાછળ ઓવરટેક કરવા માટે ફ્લેશલાઈટ દેખાડી રહી હતી.

¤¤¤

પત્ની: ‘ચાલો તમારી બેગ પેક કરો, મને 10 લાખની લોટરી લાગી છે.’

પતિ: ‘શુ શું પેક કરું? આપણે ક્યાંક ફરવા જવાનું છે?’

પત્ની: ‘ફક્ત પોતાનો સામાન પેક કરો અને ઝડપથી આ ઘરમાંથી નીકળો.’

¤¤¤

મિશ્રાજી એક જંગલમાંથી જઈ રહ્યા હતા. એક ચુડેલે એમને અટકાવ્યા.

‘હા….હા….હા… હી…હી..હી…. મેં ચુડેલ હૂં…હા……હા….હા…’

મિશ્રાજી: ‘અબે ચૂપ બેસ, મેનુ સબ પતા હૈ, તેરી એક બહેન મેરી બીબી હૈ!’

¤¤¤

રમેશ વિમાનમાં પ્રવાસ કરી રહ્યો હતો.

સામેથી આવતી એર હોસ્ટેસને જોઈને તે બોલ્યો: ‘તમે બિલકુલ મારી પત્ની જેવા જ લાગો છો!’

આ સાંભળીને એરહોસ્ટેસે તેને એક થપ્પડ લગાવી.

રમેશ ગાલ પંપાળતો બોલ્યો: ‘તમારો ચહેરો જ નહીં તમારી આદત પણ મારી પત્ની જેવી જ છે.’

¤¤¤

કંડકટરની પાસે એક બાળક પોતાની મમ્મી સાથે બેઠો હતો. એક યાત્રી બોલ્યો: ‘એક લાલ કિલ્લો આપજો.’

‘બે રૂપિયા આપો.’ કંડકટરે બોલ્યો.

બંનેની વાત સાંભળી બાળક બોલ્યો: ‘જુઓ મમ્મી, આટલો મોટો કિલ્લો આ માણસ બે રૂપિયામાં વેચી રહ્યો છે.’

¤¤¤

એક યુપીના વ્યક્તિએ પોતાના પરિવારનો પરિચય આપ્યો.

1. આ છે મારી પત્ની ગુગલ રાણી- એક સવાલ પૂછો તો 10 જવાબ આપે છે.

2. આ છે મારો દીકરો ફેસબુક કુમાર - ઘરની વાત આખી કોલોનીમાં પહોંચાડે છે.

3. આ છે મારી દીકરી - ટ્વિટર કુમારી - આખી કોલોની તેને ફોલો કરે છે.

4. આ છે મારી માતાજી - વોટ્સ એપ માતા - આખો દિવસ બડ બડ કરતી રહે છે.

5. અને હું છું - ઓરકુટ કુમાર.

¤¤¤

એક પરીક્ષામાં પ્રશ્ન હતો, ચેલેન્જ કેવી રીતે કરી શકાય છે? વિદ્યાર્થીએ આખું પાનું કોરું છોડી દીધું અને નીચે લખ્યું: ‘હિંમત હોય, તો પાસ કરી બતાવો.’

¤¤¤

દારૂડિયા પતિએ પત્નીની ફટકારથી બચવા ઘરે આવતાં જ મોટી ચોપડી ખોલીને વાંચવા માંડ્યું.

પત્ની: ‘આજે ફ્રીમાં પીને આવ્યા?’

પતિ: ‘ના, આજે નથી પીધું.’

પત્ની: ‘તો પછી આ સૂટકેસ ખોલીને શું બબડી રહ્યા છો?’

¤¤¤

પત્ની પતિને મારી રહી હતી, જોઈને પડોશીએ પૂછ્યું: ‘કેમ મારો છો?’

પત્ની: ‘મેં તેમને ફોન કર્યો તો એક છોકરી ફોન પર બોલી કે આપ જિસસે સંપર્ક કરના ચાહતે હૈ વો અભી વ્યસ્ત હૈ.’

¤¤¤

ઊંધા પડેલાં માટલામાંથી એક ફિલસૂફે માટલું ખરીદ્યું અને આમાં પાણી ક્યાંથી ભરવાનું એમ વિચારવા માંડ્યા: 'અને ધારો કે ઉપરથી કાણું પાડીએ તોય શું ફાયદો? કારણ કે નીચેથી તો મોટું બાકોરું છે!'

¤¤¤

બાપુ પોતાના દીકરાને અમેરિકા ફોન કરે છે.

બાપુ: ‘હલો, છગન છે?’

વહુ: ‘ના તે બાથમાં છે.’

બાપુઃ 'ઘડીક તો છૂટા મૂકો ને, મારે વાત કરવી છે.'

¤¤¤

એક ગામડા ગામનો માણસ એક બૅન્કમાં લોન લેવા માટે ગયો.

એણે જઈને બૅન્કના અધિકારીને વાત કરી. અધિકારીએ પૂછ્યુંઃ 'બૅન્ક મેં ખાતા હૈ?'

'ના સાહેબ, ખાવાપીવાનું તો ઘરે જ રાખ્યું છે, બૅન્કમાં નહીં.' ભોળા ગામડિયાએ જવાબ આપ્યો.

¤¤¤

અમેરિકા - મોબાઈલ અમારી શોધ છે.

ચીન - સિમ અમારી શોધ છે.

જાપાન - એસએમએસ અમારી શોધ છે.

કોરિયા - બ્લૂટૂથ અમારી શોધ છે.

ટપુ - મિસ કોલ એ મારી ગર્લફ્રેન્ડની શોધ છે.

¤¤¤

ઝિબ્રા ક્રોસિંગ પર આમથી તેમ ચાલી રહેલા સંતાસિંહને જોઈને બંતાસિંહે પૂછ્યુંઃ 'તું આમથી તેમ ચાલી રહીને અહીં ઝિબ્રા ક્રોસિંગ પર શું કરી રહ્યો છે?'

'યાર, હું એ વિચારું છું કે, આ આવડો મોટો પિયાનો છે તો વાગતો કેમ નથી?'

¤¤¤

પતિને પિયરે ગયેલી પત્નીનો કાગળ મળ્યો. તેમાં લખ્યું હતુંઃ 'પ્રિયે, તમારા વિયોગમાં ગાળેલ એક મહિનામાં હું અડધી થઈ ગઈ છું. તમે ક્યારે આવી રહ્યા છો?'

પતિએ જવાબમાં લખ્યું: 'હવે તો હું એક મહિના પછી જ આવીશ.'

¤¤¤

એક દિવસ એક જાડી સ્ત્રી બસ સ્ટૉપ પર ઊભી હતી,

તેણે જે સાડી પહેરી હતી તેના પર બહુ બધાં નાનાં મોટાં વિમાનોનાં ચિત્રો બનેલાં હતાં.

એક બાળક તેની સાડીને જોવા માટે તેની ચારે તરફ ફરી રહ્યો હતો.

તે સ્ત્રી બોલી: 'કેમ બેટા, તારી મમ્મી સાડી નથી પહેરતી? તો તું આમ તેને જોવા માટે ગોળ-ગોળ ફરી રહ્યો છે?'

બાળક બોલ્યો: 'સાડી તો જોઈ છે, પણ આટલું મોટું એરપોર્ટ પહેલીવાર જોઈ રહ્યો છું.'

¤¤¤

છગન: 'મારો કૂતરો મારા જેટલો જ સમજદાર છે!'

મગન: 'આ વાત કોઈને કહેતા નહિ ક્યાંક તમારે કૂતરો વેચવાનો થાય તો તકલીફ પડશે.'

¤¤¤

બંતાએ બેન્કમાં અચાનક બૂમ પાડી: 'અહીં કોઈનું નોટોનું બંડલ ખોવાઈ ગયું છે, જેની પર લાલ રંગનું રબરબેન્ડ હતું?'

સાત-આઠ જણા આવ્યા અને પૂછવા લાગ્યા: 'ક્યાં છે બંડલ?'

બંતાએ કહ્યું: 'બંડલ તો મને ખબર નથી, મને એ રબરબેન્ડ મળ્યું છે.'

¤¤¤

એક પ્રોફેસર એક વખત નાનકડા એક ગામમાં લટાર મારવા નીકળ્યા હતા. ત્યાં તેમણે જોયું તો એક ઘાંચી ઊંઘતો હતો અને બળદ ઘાણીએ ફર્યા કરતો હતો.

પ્રોફેસરને એ જોઈને નવાઈ ઊપજી. થોડી વારે ઘાંચી જાગ્યો ત્યારે પ્રોફેસરે તેને પૂછ્યું: 'ભાઈ, તમે ચાલુ ઘાણીએ ઊંઘી જાઓ છો પણ કોઈ વાર બળદ લુચ્ચાઈ કરીને ફરતો બંધ જ થઈ જાય તો તમને ખબર શી રીતે પડે?'

'સાહેબ, એ પ્રોફેસર નથી, બળદ છે!'

¤¤¤

એક ચોર: ‘જલ્દી બારીમાંથી કૂદી જા. પોલીસ આવી રહી છે.’

બીજો: ‘અરે પણ આતો 13મો માળ છે.’

પહેલો: ‘અરે અત્યારે શુકન અપશુકન જોવાનો સમય નથી. જલ્દી કૂદ.’

¤¤¤

પતિ: 'મારા રહેતાં તારે ક્યારેય કોઈ ચોર-લૂંટારાથી ડરવાની જરૂર નથી.’

પત્ની: 'કેમ, તમે કરાટે ચેમ્પિયન છો?’

પતિ: 'ના, પણ મને દોડમાં ઘણા ગોલ્ડમેડલ મળ્યા છે, એવું કાંઈ જોખમ હશે તો હુ ભાગીને પોલીસને જાણ કરી દઈશ.’

¤¤¤

છ વર્ષના મયંકે પોતાના દાદાને પૂછ્યું: ‘દાદાજી, પપ્પા સામેના બિલ્ડિંગમાં રહેતાં મીના આંટી સાથે ઈશારાથી વાત કેમ કરે છે?’

દાદા: ‘ભૂલ તારા પપ્પાની નથી, બેટા. આ તો

વારસામાં મળેલી બિમારી છે.'

¤¤¤

મમ્મી અને પપ્પા વચ્ચે દલીલો થઈ રહી હતી, કે બંનેમાંથી કોણ વધારે બીકણ છે.....

ઘણી બધી દલીલો પછી તેમણે પોતાનાં બંને બાળકોને આ અંગે પૂછવાનું નક્કી કર્યું.

નાના છોકરાએ કહ્યું: 'મમ્મી વધારે બીકણ છે. જ્યારે પણ વીજળી ચમકે છે તે બેડની નીચે છૂપાઈ જાય છે.'

બીજા છોકરાએ કહ્યું: 'ના એવું નથી, પપ્પા તો એટલા બીકણ છે કે તે એકલા સૂઈ પણ નથી શકતા, જ્યારે મમ્મી ઑફિસમાં નાઈટ શિફ્ટમાં કામ કરે છે ત્યારે પપ્પા બાજુવાળી આન્ટી સાથે સૂઈ જાય છે, ઘણી વાર તો એ આપણી કામવાળી સાથે પણ સૂઈ જાય છે.'

અને મમ્મી બેભાન!

¤¤¤

હોટેલમાં એક ભાઈ વેઈટરને ખુજલી કરતાં જોઈ રહ્યો હતો.

એક ભાઈએ વેઈટરને બોલાવીને પૂછ્યું: 'ખરજવું છે?'

વેઈટરે કહ્યું: 'મેનૂ કાર્ડમાં હશે તો મળી જશે.'

¤¤¤

'છૂટાછેડા લીધા પછી બેન્કનું ખાતું કોણ સંભાળશે?'

'અડધેઅડધું વહેંચી લેશું: બેન્કની પાસબુક વગેરે એ રાખશે ને માત્ર ચેકબુક હું રાખીશ, બીજું શું?'

¤¤¤

મમ્મી: 'બેટા, આજે ઘેર જલદી કેમ આવી ગયો?'

બન્ટી: ‘મેં રાજુને માર્યો એટલે ટીચરે મને કલાસમાંથી બહાર કાઢી મૂક્યો.’

મમ્મી: ‘પણ તેં રાજુને કેમ માર્યો?’

બન્ટી: ‘મારે આજે વહેલા ઘરે આવવું હતું એટલે!’

¤¤¤

શિરીષ: ‘રમેશ, તું અને તારી પત્ની હંમેશાં રાત્રે જ કેમ ફરવા જાઓ છો?’

રમેશ: ‘એને તૈયાર થતાં જ સાંજ પડી જાય છે!’

¤¤¤

નાસાએ નટુ-ગટુને ચંદ્ર પર મોકલ્યા.

પરંતુ રોકેટ ઊડીને થોડીવારમાં પાછું આવ્યું.

નાસાએ બંનેને પૂછ્યું: ‘કેમ પાછા આવ્યા?’

નટુ-ગટુ બોલ્યાં: ‘તમે એ તો ભૂલી ગયા હતા કે આજે તો અમાસ છે. ચંદ્ર ક્યાંથી હોય?’

¤¤¤

તરુણે એના સેક્રેટરીને ગુસ્સાથી કહ્યું: ‘દીવાલ પર લાગેલા આ નકશાને ઉતારીને બહાર ફેંકી દે.’

સેક્રેટરી: ‘પણ શા માટે?’

તરુણ: ‘એને જોઈને મને મારી પત્નીનાં બનાવેલાં પરોઠાં યાદ આવી જાય છે!’

¤¤¤

પતિ: 'આજે આપણા લગ્નને ત્રણ વર્ષ પૂરાં થયાં છે, બોલ, આજે હું તને ક્યાં લઈ જાઉં?'

પત્ની: 'મને એવી જગ્યાએ આજે લઈ જાવ કે જ્યાં હું પહેલાં ક્યારેય ન ગઈ હોઉં.'

પતિઃ 'તો તો તું રસોડામાં જ જા. કારણ કે મેં તને ત્યાં ક્યારેય જોઈ નથી.'

¤¤¤

‘ગુનાશોધક યંત્ર વિશે તમે શું જાણો છો?’

‘ઘણું જાણું છું.’

‘કઈ રીતે?’

‘એકની સાથે હું પરણ્યો છું.’

¤¤¤

ગ્રાહક નટુઃ ‘આ કપડાં પર લખ્યું છે 70 ટકા કોટન, 35 ટકા ટેરેલિન. આ તો 105 ટકા થયા!’

દુકાનદાર ગટુઃ ‘એ તો કાપડ પાંચ ટકા ચઢી જશે ને એટલે સો ટકા થઈ જશે!’

¤¤¤

ડોક્ટર (સ્ત્રી દર્દીને): ‘તમારા દાંત અને વાળને જોઈને તમારી વયની જાણ નથી થતી.’

લેડીઝ દર્દીઃ ‘તો પછી મારી વય કેટલી લાગે છે?’

ડોક્ટરઃ ‘ચાલીસ-પચાસથી ઓછી નહીં.’

¤¤¤

નટુઃ ‘અરે ભાઈ સાહેબ, કેટલા વાગ્યા?’

ગટુઃ ‘છ વાગ્યા.’

નટુઃ ‘કમાલ છે! હું આજે સવારથી બધાને પૂછું છું. પરંતુ દરેક જણ મને અલગ અલગ સમય કહે છે. મને કોઈ સાચો સમય કહેતું જ નથી!’

¤¤¤

એક વખત પિતાએ પોતાના પુત્રના પરિણામને જોઈને ગુસ્સે થતાં બોલ્યાઃ 'તને શરમ નથી આવતી આટલા ઓછા નંબર લઈ આવ્યો.'

પુત્રઃ 'શું કરું પપ્પા મારી આગળવાળો છોકરો કશું જ લખતો નહોતો.'

¤¤¤

ચંપકલાલ ઠંડીથી થરથર કાંપતા હતા. ટપુએ ડૉક્ટર હાથીને ફોન કર્યો.

ટપુઃ ‘સાહેબ, જલદી ઘેર આવો.’

ડૉક્ટર હાથીઃ ‘કેમ ટપુ, અચાનક શું થયું?’

ટપુઃ ‘બિમારીની તો ખબર નથી પરંતુ સવારથી મારા દાદાજી “વાઈબ્રેશન મોડ” પર છે!’

¤¤¤

સંતાસિંહઃ ‘ચાલ ચેસ રમીએ.’

બંતાસિંહઃ ‘તું બધું તૈયાર કર ત્યાં સુધી હું જરા સ્પોર્ટ્સ શૂઝ પહેરીને આવું.’

¤¤¤

જોકરે લોકોને એક જોક્સ કહ્યો, લોકો ખૂબ હસ્યા...!

ફરીથી જોકરે એ જ જોક્સ પાછો કહ્યો,ત્યારે થોડા ઓછા લોકો હસ્યા...

વળી પાછો એ જ જોક્સ કહ્યો ત્યારે કોઈ પણ ના હસ્યુ...

ત્યારે એ જોકરે ખૂબ સરસ વાત કરી કે જો તમે એક ખૂશીને લીધે વારંવાર હસી શકતા નથી,તો પછી તમે એક જ દુઃખને લઈને વારંવાર કેમ દુઃખી થાવ છો?

¤¤¤

એક માણસ પોપટ ખરીદવા દુકાને ગયો. એણે દુકાનદારને ભાવ પૂછ્યો.

દુકાનદાર: 'જમણી બાજુનો પોપટ રૂ. 2000માં.'

ગ્રાહક: 'એને શું આવડે છે?'

દુકાનદાર: 'એને કોમ્પ્યુટર આવડે છે.'

ગ્રાહક: 'ડાબી બાજુનો પોપટ કેટલાનો?'

દુકાનદાર: 'એનો ભાવ રૂ. 5000.'

ગ્રાહક: 'એને શું આવડે છે?'

દુકાનદાર: 'એ પ્રોગ્રામિંગ જાણે છે.'

ગ્રાહક: 'ને આ ત્રીજો જે વચ્ચે છે તે? એને શું આવડે છે?'

દુકાનદાર: 'એનો ભાવ રૂ. 10,000. પ્રમાણિકતાથી કહું તો મેં એને કદી કંઈ કરતાં જોયો નથી. પરંતુ બાકીના બે પોપટ એને 'બોસ' કહે છે!'

¤¤¤

એક રિપોર્ટર નિશાનેબાજ નંદુનો ઈન્ટરવ્યું કરવા ગયા. ઘરમાં જતાંની સાથે જ તે અચંબામાં પડી ગયા. દીવાલો પર પેન્સીલનાં નાનાં-નાનાં ચકરડાં દોરેલાં હતાં અને તેની બરાબર વચ્ચે ગોળીઓનાં નિશાન હતાં, આ જોઈને રિપોર્ટર કહેવા લાગ્યો: 'તમે મહાન છો. તમારુ નિશાન અચૂક છે. મને કહો આ બધું કઈ રીતે શકય બન્યું?'

નંદુએ કહ્યું: 'ખૂબજ સરળતાથી બન્યું, સાહેબ પહેલાં હું દીવાલ ઉપર ગોળી ચલાવું છું. એના પછી નિશાનની આજુ બાજુ પેન્સિલથી ગોળ ચક્કર કરી દઉં છું.'

¤¤¤

છગન: ‘વેલ્ડીંગ અને વેડીંગમાં શું તફાવત છે?’

મગન: ‘વેલ્ડીંગમાં પહેલાં તણખા ઝરે છે પછી જોડાઈ જાય છે. વેડીંગમાં પહેલાં જોડાવાનું હોય છે પછી તણખા ઝરે છે.’

¤¤¤

સંતા અને બંતા (વેઈટરને): ‘અમારે માટે બે કપ ગરમા-ગરમ ચા લાવજે. ને સાંભળ, કપ ચોખ્ખા હોવા જોઈએ.’

વેટરે ચા આપતા સંતાને કહ્યું: ‘સાહેબ, આ ચોખ્ખો કપ તમારો છે.’

¤¤¤

ડૉક્ટર: ‘ચમનભાઈ, તમારું વજન કેટલું છે?’

ચમનભાઈ: ‘ચશ્માં સાથે 75 કિલો.’

ડૉક્ટર: ‘ચશ્માં વગર?’

ચમનભાઈ: ‘મને દેખાતું જ નથી!’

¤¤¤

પુત્રવધુ: ‘સાસુજી, છાશ પર માખણ તરે છે એ લઈ લઉં?’

સાસુ: 'એવું ન બોલાય. તારા સસરાનું નામ માખણલાલ છે.’

બીજે દિવસે પુત્રવધુ ટહુકી: 'સાસુજી, છાશ પર સસરાજી તરે છે તે લઈ લઉં?'

¤¤¤

પ્રોફેસર નટુ (વિદ્યાર્થી ગટુને): ‘આસામ કઈ વસ્તુ માટે જાણીતું છે?’

ગટુ: 'મને ખબર નથી.'

નટુ: 'સારું, હું તને એક સંકેત આપું છું. તારા ઘરમાં જે ચા બને છે તેની પત્તી ક્યાંથી આવે છે?'

ગટુ: 'અમારા પડોશીના ઘરમાંથી.'

¤¤¤

પત્ની: 'ડાર્લિંગ, આ વખતે લગ્નની વર્ષગાંઠ કેવી રીતે ઉજવવાનું વિચાર્યું છે?

પતિ: 'આ વર્ષે આપણે બંને પાંચ મિનિટનુ મૌન રાખીશું.'

¤¤¤

છગન: 'તમારા મોટાભાઈ શું કરે છે?'

મગન: 'એક દુકાન ખોલી'તી. પણ આજકાલ જેલમાં છે.'

છગન: 'કાં?'

મગન: 'એમણે દુકાન દુકાન હથોડાથી ખોલી'તી!'

¤¤¤

પોલીસ: 'જેલરસાહેબ, કાલે કેદીઓએ જેલમાં રામાયણ ભજવેલી.'

જેલર: 'એ તો બહુ સારી વાત કહેવાય. તું રાજી થવાને બદલે કેમ આટલો ચિંતામાં છે?'

પોલીસ: 'સાહેબ, હનુમાન બનેલો કેદી હજી સુધી સંજીવની લઈને પાછો નથી આવ્યો, શું કરીશું?'

¤¤¤

કર્મચારી: 'સાહેબ, ખૂબ ટેન્શન છે. મારી પત્ની કહે છે કે, અઠવાડિયાની રજા મૂકીને મને કાશ્મીર ફરવા લઈ જાવ.'

'તમને હાલના સંજોગોમાં રજા આપી શકાય તેમ નથી.'

કર્મચારીઃ 'થેન્ક્યૂ સર. મને ખાતરી હતી કે મુસીબતમાં તમે જ મને મદદ કરશો.'

¤¤¤

મોનુઃ 'સોનુ, કરોળિયો તારા કમ્પ્યુટર પર શું કરી રહ્યો છે?'

સોનુઃ 'મને લાગે છે કે કોઈ વેબસાઈટ બનાવી રહ્યો હશે.'

¤¤¤

સેલ્સમેનઃ 'તમે કઈ કંપનીનો સાબુ, પેસ્ટ, ટુથબ્રશ અને શેવિંગ ક્રીમ વાપરો છો?'

રમેશઃ 'બાબાનો સાબુ, બાબાની પેસ્ટ, બાબાનું ટુથબ્રશ અને બાબાની શેવિંગ ક્રીમ.'

સેલ્સમેનઃ 'શું આ 'બાબા' બહુ મોટી આંતરરાષ્ટ્રીય કંપની છે?'

રમેશઃ 'ના... ના, બાબા તો મારો રૂમ પાર્ટનર છે...'

¤¤¤

પ્રશાંતઃ 'યાર આજે મારા છોકરાને મેં માર માર્યો?'

નીતિનઃ 'કેમ પણ!'

પ્રશાંતઃ 'યાર સીધી જ વાત છે ને! તેનું આવતી કાલે પરિણામ છે, અને હું થોડા દિવસ માટે બહારગામ જાઉં છું.'

¤¤¤

મુન્નાભાઈઃ 'અરે યાર સર્કિટ, હું મારી ગર્લફ્રેંડને કોઈ ગિફ્ટ આપવા માંગું છું, બોલ શું આપું?'

સર્કિટ: 'ચાર એવું કર તુ એને ગોલ્ડ રિંગ આપી દે.'

મુન્નાભાઈ: 'કોઈ મોટી વસ્તુ બતાવ..'

સર્કિટ: 'તો ગોલ્ડ રિંગ રહેવા દે, એમઆરએફનું ટાયર આપી દે.'

¤¤¤

સંતાને માઈક્રોસોફ્ટમાં ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યો.

પરીક્ષક: 'જાવાનાં ચાર વર્ઝન કયાં છે?'

સંતા: 'મર જાવા, મીટ જાવા, લૂટ જાવા અને સદકે જાવા.'

¤¤¤

સરલા (પતિને): 'સાંભળો છો? આપણી પડોસણ આજે બજારમાંથી ચાર સાડીયો લઈને આવી.'

પતિ: 'તો શું થઈ ગયું, કલે તું બજારમાં જઈને આઠ સાડીયો લઈને આવજે.'

સરલા: 'સાચું કહો છો?'

પતિ: 'બધાને બતાવીને પરત કરી દેજે. સાડીની દુકાનવાળો મારો મિત્ર છે, એક દિવસ સાડીયો ઘરે લઈ જવા પર વાંધો નહીં ઉઠાવે.'

¤¤¤

પતિ: 'મારી નજર કમજોર થઈ ગઈ છે. હું વિચારી રહ્યો છું કે એક ચશ્મો બનાવી લઉં.'

પત્ની: 'અરે રહેવા દો, આ આખી કોલોનીમાં મારાથી સુંદર બીજું કોઈ છે જ નહીં.'

¤¤¤

એક વાર એક પોપટ અને કાગડો સાથે બેઠા'તા.

પોપટ ઈંગ્લીશ બોલે ને કાગડો ગુજરાતી.

પોપટ ક્હે: 'oh my mango.'

કાગડો ક્હે: 'તારા બાપનો લેંગો.'

¤¤¤

'હું કવિ હોત તો તું મારી કવિતા હોત, હું ચિત્રકાર હોત તો તું મારું સુંદર ચિત્ર હોત, હું લેખક હોત તો તું મારી વાર્તા હોત, પણદુર્ભાગ્યવશ પ્રિયે, હું કાર્ટૂનિસ્ટ છું.'

¤¤¤

એક છોકરો અમદાવાદમાં છોકરી જોવા આવ્યો.

છોકરાને છોકરી ગમી ગઈ એટલે છોકરાએ પૂછ્યું: 'તારા બાપની હેસિયત કાર દેવાની છે?'

છોકરી એ જવાબ આપ્યો: 'મારા બાપની હેસિયત તો પ્લેન દેવાની છે પણ તારા બાપની હેસિયત એરપોર્ટ બનાવાની છે?'

¤¤¤

એક વ્યક્તિએ બીજા વ્યક્તિને પૂછ્યું: 'તમારી શર્ટના ખૂણાં પર આ ગાંઠ કેવી રીતે બંધાઈ?'

બીજાએ જવાબ આપ્યો: 'પત્નીનો પત્ર પોસ્ટબોક્સમાં નાખવાની યાદ રહે તે માટે.'

પહેલો બોલ્યો: 'શું તમે તે પત્ર પોસ્ટ કરી દીધો?'

બીજાએ જવાબ આપ્યો: 'નહીં, મારી પત્ની મને તે પત્ર આપવાનું જ ભૂલી ગઈ.'

¤¤¤

શિક્ષક: ‘તારું અંગ્રેજી કાચું છે. માટે મેં તને આ પાઠ 10 વખત લખવા કહ્યો હતો, પણ તેં 5 વખત જ કેમ લખ્યો?’

મોનુ: ‘સર, મારું ગણિત પણ એટલું જ કાચું છે.’

¤¤¤

નયન: ‘બચપન મેં મા કી બાત સૂની હોતી તો આજ યે દિન ના દેખને પડતે.’

ન્યાયાધીશ: ‘ક્યા કહેતી થી તુમ્હારી માં?’

નયન: ‘જબ બાત હી નહીં સૂની તો કૈસે બતાવું માં ક્યા કહેતી થી!’

¤¤¤

ટીનિયો: ‘પપ્પા, લગ્ન કરવાં હોય તો કેટલો ખર્ચ થાય?’

પપ્પા: ‘ખબર નહીં બેટા.’

ટીનિયો: ‘તમે લગ્ન કર્યાં છે તો તમને ખબર જ હશે ને!’

પપ્પા: ‘મારો ખર્ચ તો હજુ પણ ચાલુ જ છે.’

¤¤¤

પતિ બહુ કંજૂસ હતો, તે પોતાની પત્નીની સાથે ચોપાટી પર ગયો. થોડી વાર પછી તે બોલ્યો: ‘ચાલ, આપણે ફરીવાર એક એક ભેળ પૂરી ખાઈએ.’

‘એક એક ફરીવારનો મતલબ શું? હજુ તો આપણે એક પણ ભેળપૂરી નથી ખાધી.’

‘ભૂલી ગઈ, જ્યારે આપણે અહીં બે વર્ષ પહેલાં આવ્યાં હતાં, ત્યારે આપણે એક-એક ભેળપૂરી ખાધી હતી.’

¤¤¤

એક છોકરી લેપટોપ પર પાસવર્ડ સીલેક્ટ કરતી હતી અને બાજુમાં એક છોકરો બેઠો હતો..

તેણીએ પાસવર્ડનાં ખાનામાં "BRAIN" ટાઈપ કર્યું...

પણ લેપટોપનો રીપ્લાય વાંચીને છોકરો હસી હસીને ખુરશી માંથી નીચે પડી ગયો!

ખબર છે કેમ?

કારણ કે લેપટોપનો રીપ્લાય હતો, 'Sorry, That's TOO SMALL.'

¤¤¤

સંતા ભિખારીએ બંતાને પૂછ્યું: 'જો તને પાંચ લાખની લોટરી લાગે તો?'

બંતા ભિખારીએ કહ્યું: 'તો હું કારમાં ભીખ માંગવા જાઉ.'

¤¤¤

બાપુએ દુકાનવાળાને કહ્યું: 'કેવી ખુરશીઓ બનાવો છો? બે દિવસ પણ ન ચાલી!'

દુકાનવાળો: 'ભાઈ, ખુરશી ચલાવવા માટે નહિ બેસવા માટે હોય છે!'

¤¤¤

પ્રેમી જોડી પરસ્પર વાતો કરી રહી હતી.

પ્રેમિકા: 'આપણે લોકો બે વર્ષથી એક-બીજાને પ્રેમ કરી રહ્યાં છીએ. શુ તેં કદી લગ્ન વિશે વિચાર્યુ નહીં?'

પ્રેમી: 'વાત એમ છે કે ...મારે આ વિશે મારી પત્નીને વાત કરવી પડશે. ત્યારે હુ તને કંઈક જવાબ આપી શકીશ.'

પ્રેમિકા: 'ઓહો, તો તું પણ પરણેલો છે?'

¤¤¤

સંતાસિંહ 100 વોટના બલ્બ પર પિતાજીનું નામ લખી રહ્યો હતો.

કોઈએ પૂછ્યું: 'ક્યા કર રહે હો?'

સંતાસિંહ: 'બાપ કા નામ રોશન કર રહા હું!'

¤¤¤

દાક્તર નયન ઘેર આવીને ખાઈને હજુ બેઠો હતો ત્યાં ફોન આવ્યો: 'તું ઘેર શું કરે છે? અહીં અમારે પોકરમાં એક પાર્ટનર ખૂટે છે.'

ફોન મૂકીને નયને કોટ પહેરવા માંડ્યો એ જોઈ એની પત્નીએ પૂછ્યું: 'કશું સિરિયસ છે?'

નયન: 'ઘણું જસિરિયસ, ત્રણ ડૉક્ટર તો ત્યાં પહોંચી પણ ગયા છે.'

¤¤¤

એક વાનર: 'તું આ ઝાડ પર શા માટે ચઢ્યો?'

બીજો વાનર: 'સફરજન ખાવા માટે.'

પહેલો વાનર: 'પરંતુ આ તો કેરીનું ઝાડ છે.'

બીજો વાનર: 'હા, મને ખબર છે. હું સફરજન સાથે લઈને આવ્યો છું.'

¤¤¤

એક માણસને રસ્તામાં બે ચોરોએ પકડી લીધો અને પૈસા માંગ્યા. પણ પેલા માણસે પૈસા ના આપવા ચોરો સાથે મારા મારી કરી અને અંતે ચોરોએ તેને મારીને પાકિટ લઈ લીધું.

પાકિટ જોતાં તેમાં ફક્ત 10 રૂપિયા જ નીકળ્યા.

આ જોઈને એક ચોરે આશ્ચર્ય સાથે પૂછ્યું‘ ‘તે ફક્ત 10 રૂપિયા માટે મારામારી કેમ કરી?’

પેલા માણસે જવાબ આપ્યો: ‘મને ડર હતો કે તમે મારા જૂતામાં છુપાવેલા 1000 રૂપિયા લઈ લેશો!’

¤¤¤

‘આ ભર ઉનાળામાં ઊનનાં સ્વેટર વેચવાનો ધંધો કેમ શરૂ કર્યો?’

‘એટલા માટે કે અત્યારે એમાં હરીફાઈ નથી!’

¤¤¤

સંતા (બંતાને): ‘સાંભળ્યુ છે કે ચૂટણી આયોગે દેશના પાંચ રાજ્યોમાં ચૂટણીની જાહેરાત કરી છે.’

બંતા: ‘સારું છે દોસ્ત, હું તો ક્યારનો આ દિવસની જ રાહ જોઈ રહ્યો હતો.’

સંતા: ‘કેમ?’

બંતા: ‘અરે વાહ, કેમ નહી. મારા માથા પર પણ ફરીવાર મુગટ પહેરાવવામાં આવશે ને.’

¤¤¤

બાપુએ છાપામાં વાંચ્યું: ‘કમળાએ મોડાસામાં 45 માણસોનો ભોગ લીધો...’

આ વાંચીને બાપુ બોલ્યા: ‘ઈ બાઈ બવ જબરી લાગે છે!’

¤¤¤

કીડીએ મચ્છર સાથે લગ્ન કર્યાં. એક મહિનામાં મચ્છર મરી ગયો. કીડીને ત્યાં ખરખરો કરવા આવેલા પાસે રડતાં રડતાં કીડી બોલી: 'અરે બેન, એમને નખમાંય રોગ નો'તો. એ તો કાલે મારાથી ભૂલમાં ગુડનાઈટ ચાલુ થઈ ગઈ એમાં...'

¤¤¤

અમારા ગામના દેશી વૈદ પાસે એક માણસ આવ્યો ને કહે: વૈદજી, મને હેડકી માટેની કોઈ અકસીર દવા આપો.'

વૈદ: 'અકસીર જ જોઈએ છીએ ને!'

પેલો કહે: 'હા.'

વૈદે એના ગાલ પર કસકસાવીને એક તમાચો ચોડી દીધો.

અકળાઈને પેલો કહે: 'તમે તો વૈદ છો કે ઊંટવૈદ?'

'તું તારે જે માનવું હોય એ માન, પણ કહે તારી હેડકી બંધ થઈ ગઈ કે નહીં?'

'પણ હેડકી તો મારી બૈરીને આવે છે ને એ તો ઘેર છે.'

¤¤¤

એક નિર્માતા: 'મેં સાંભળ્યુ છે કે તમે રંગીન ચિત્ર બનાવી રહ્યા છો.'

બીજો નિર્માતા: 'સાચું સાંભળ્યું છે.'

પહેલો નિર્માતા: 'તો તેના માટે હાલ શું કરી રહ્યા છો?'

બીજો: 'રંગ ખરીદવા બજાર જઈ રહ્યો છું.'

¤¤¤

શર્માજીને ઓફિસમાં જ બેઠા બેઠા જાણ થઈ કે તેમણે હરીફાઈમાં લંડનની યાત્રાનું ઈનામ જીત્યું છે, તેમને ઘણી ખુશી થઈ. ખુશ થઈને તેમણે પોતાની પત્નીને ફોન લગાવ્યો: 'શું તું લંડન જવા માંગે છે?'

પત્ની ખુશીથી ઉછળીને બોલી: 'જરૂર, લંડન તો મારા સપનામાં છે, મારી નસનસમાં છે, હુ જરૂર તમારી સાથે આવીશ. પણ તમે કોણ બોલો છો?'

¤¤¤

ડેન્ટીસ્ટ: 'તમારે મને તમારા દીકરાનો દાંત કાઢવાના 250 રૂપિયા આપવા પડશે.'

'પણ દાક્તર સાહેબ તમે બીજા બધા પાસે તો 50 રૂપિયા ચાર્જ કરો છો!'

'પણ તમારા દીકરાએ એવી ભયાનક ચીસ પાડી કે એ સાંભળીને મારા ચાર દર્દીઓ ભાગી ગયા એનું શું?'

¤¤¤

પતિ: 'તારા જન્મદિવસે હીરાનો હાર ભેટ લાવ્યો છું.'

પત્ની: 'તમે તો મને મોટરકાર લઈ દેવાના હતા ને?'

પતિ: 'હા, પણ નકલી મોટરકાર મળી નહીં.'

¤¤¤

એક ભિખારી એક કાકા પાસે આવીને કહે: 'કાકા, કાકા, બસ એક રૂપિયાનો સવાલ છે.'

કાકા કહે: 'જા પેલા ગણિતના સરને પૂછ!'

¤¤¤

એક કપલ ડેન્ટીસ્ટની પાસે આવે છે. પતિ: 'જુઓ ડૉક્ટર, હું બહુ જલ્દીમાં છું. મારે ગેસ કે બહેરાશના ઈંજક્શનની જરૂર નથી. તમે જલ્દીથી દાંત ખેંચી કાઢો.'

ડૉક્ટર: 'તમે બહુ બહાદુર લાગો છો. બતાવો કયો દાંત કાઢવાનો છે?'

પતિ પત્નીને: 'લે, બતાવ તારો કયો દાંત દુખે છે?'

¤¤¤

એક સુખી દંપતીના જીવનમાં ફોઈએ આવીને હોળી સળગાવી. આખો વખત ઘરમાં ઝઘડા-ટંટા-ફિસાદ રહેતાં.

આખરે 10 વર્ષે ડોસી મરી ગઈ ત્યારે પતિએ પત્નીને કહ્યું: 'જો મને તારા માટે આટલો પ્રેમ ન હોત તો મેં તારાં ફોઈને ક્યારનાંય કાઢી મૂક્યાં હોત!'

'શું વાત કરો છો? મેં તો આટલો સમય એમ સમજીને ચલાવ્યું કે ગમે તેમ પણ એ તમારાં ફોઈ છે ને!'

¤¤¤

'પેટનું કાર્ય જણાવો'

'પેન્ટને પકડી રાખવાનું!'

¤¤¤

**ડૉક્ટર વાઝીટ કરતાં એક પોશન્ટને મરણતોલ દશામાં જોતાં નર્સને: 'તમે આ દર્દીને દર આઠઆઠ કલાકે બે બે ગોળી આપી હતી ને?'**

**નર્સ: મેં ભૂલથી એને દર બે બે કલાકે આઠ આઠ ગોળી આપેલી.'**

¤¤¤

પ્રકાશક: 'તમારા માટે એક સારા સમાચાર છે અને બીજા માઠા સમાચાર છે.'

લેખક: 'સારા સમાચાર પહેલા આપો.'

પ્રકાશક: 'ગૌરીને તમારી નવલકથા ખૂબ ગમી છે અને એ આખી રીતસર એને પચાવી ગઈ છે!'

લેખક: 'અને માઠા સમાચાર શું છે?'

પ્રકાશક: 'ગૌરી મારી ગાયનું નામ છે.'

¤¤¤

દર્દી ડૉક્ટરની રીસેપ્નીસ્ટને: 'ડૉક્ટર નથી મારે એપોઈન્ટમેન્ટ લેવી હતી.'

'તમે મારી પાસેથી પણ એપોઈન્ટમેન્ટ મેળવી શકો છો.'

'ઠીક તો તમે ક્યારે ફ્રી થાવ છો? મારે આજે રાતના ડીનરની અને આવતાકાલના બ્રેકફાસ્ટની એપોઈન્ટમેન્ટ જોઈએ છીએ.'

¤¤¤

એક ચોર ચોરી કરતા પકડાયો અને કોર્ટમાં મેજીસ્ટ્રેટની સામે ઊભો કરવામાં આવ્યો અને મેજિસ્ટ્રેટે કહ્યું: 'તારા ખિસ્સામાં જે કંઈ હોય તે ટેબલ પર મૂકી દે.

આ સાંભળી ચોર બોલ્યોચ આ તો અન્યાય છે, માલના બે ભાગ થવા જોઈએ.

¤¤¤

રંગે કાળા અને વાળે ધોળા એવા બિરજુ પ્રસાદ યાદવ પશુપાલન ખાતાના મંત્રી થયા એની ખુશીમાં પોતે અડધો ડઝન ભેંસો વચ્ચે ઊભા રહીને ફોટો પડાવ્યો.

બીજે દિવસે છાપામાં ફોટો છપાયો. નીચે લખેલું: 'નવા પશુપાલન મંત્રી, તસ્વીરમાં ડાબેથી ચોથા!'

¤¤¤

ડૉક્ટર (દર્દીને): 'મેં જે દવાનાં પડીકાં તમને મધ સાથે લેવાનાં કહ્યાં હતાં તેનાથી તમને કંઈ ફાયદો થયો?'

દર્દી: 'તમે પડીકાં જરા પાતળા કાગળમાં બાંધજો.'

ડૉક્ટર: 'કેમ?'

દર્દી: 'બહુ જાડા કાગળનું પડીકું ગળે નથી ઊતરતું.'

¤¤¤

એક નેતાજી પોતાના ભાષણમાં પ્રજાને સંબોધન કરી રહ્યા હતા: 'જાગો અને તમારા પગ પર ઊભા રહેવાની કોશિશ કરો.'

'હું તો ક્યારનોય કોશિશ કરું છું, પણ આ પોલીસવાળો વારે ઘડી મને બેસાડી દે છે.' પાછળથી અવાજ આવ્યો.

¤¤¤

મુખ્ય નર્સ નવી નર્સોની સાથે વૉર્ડની વીઝીટ કરતાં: 'હવે આપણે એક એવા વૉર્ડમાં જઈશું કે જ્યાં બધા દર્દીઓ લગભગ સાજા થઈ ગયેલા છે એટલે એમનાથી જરા સાચવવું.'

¤¤¤

મુરખ હવામાં મહેલ બાંધે છે.

ચસકેલ એમાં રહે છે.

મનોચિકિત્સક એનું ભાડું વસૂલ કરે છે.

¤¤¤

કાકા: **'દાક્તર મારી પત્નીના કાકડા કપાવવા જ પડશે..'**

દાક્તર: 'એવું કેવી રીતે બની શકે હજુ ગયે વરસે જ મેં એમના કાકડા કાપેલા! દરેક માણસના કાકડા જિંદગીમાં એક જ વખત કાપવાના હોય છે.'

'દાક્તર, બીજી વખત પરણી તો શકાય ને! **આ મારી બીજી પત્ની છે.'**

¤¤¤

સંતા: 'વકીલ સાહેબ, તમારી ફી કેટલી છે?'

વકીલ: 'ત્રણ સવાલના રૂપિયા 5000/-'

સંતા: 'સાહેબ, બહુ ન કહેવાય?'

વકીલ: 'હા, હવે છેલ્લો પ્રશ્ન પૂછી લો!'

¤¤¤

પત્ની: 'મેં તમારી સાથે એ માટે લગ્ન કર્યા કે મને તમારી પર દયા આવી ગઈ કારણ કે તમારી સાથે કોઈ વાત નહોતું કરતું.'

પતિ: 'હા, પ્રિયે પણ હવે બધાને મારા પર દયા આવે છે.'

¤¤¤

એક વખત કાકાને દવાખાનામાં જવાનું થયું. એ સાયક્યાસ્ટ્રીકને કહે: 'ડૉક્ટર, કોઈ માણસ બહારથી નોર્મલ જણાતો હોય તો એનામાં શી ખામી છે એ તમે કેવી રીતે જણી શકો?'

ડૉક્ટર: 'એ જરા અઘરું છે. પહેલાં તો હું એને પૂછું કે જેનો જવાબ બધા જ નોર્મલ માણસો આપી શકે. હું એને પૂછું કે કોલંબસે દરિયાની ત્રણ સફર કરી હતી. એમાંની એક સફરમાં એ મરી ગયો. તો એ એની કેટલામી સફર હતી?'

કાકા: 'દાક્તર, બીજું કાંઈ પૂછો. મારું ઈતિહાસનું જ્ઞાન બહુ કાચું છે.

¤¤¤

ડૉક્ટર અને વકીલ બંને એક છોકરીને પ્રેમ કરતા હતા. વકીલે છોકરીને રોજ એક સફરજન આપવાનું શરૂ કર્યું.

એક મિત્રે પૂછ્યું: 'કેમ રોજ સફરજન આપો છો?'

વકીલ: 'એન એપલ અ ડે કીપ્સ ડોક્ટર અવે!'

¤¤¤

સવાલ: 'દુનિયામાં પ્રથમ વાર પ્રેમની શોધ ક્યા દેશમાં થઈ હશે?'

જવાબ: 'ચીનમાં. કારણ કે એટલે જ તો પ્રેમમાં વોરંટી જેવું કશું હોતું નથી!'

¤¤¤

એક રૂપાળી યુવતી એક ઘરડી સ્ત્રીને લઈને ડૉક્ટર પાસે આવી: 'ડૉક્ટર સાહેબ અમારે તપાસ કરાવવાની છે.'

ડૉક્ટર: 'ઓકે પેલા પડદા પાછળ જાવ અને કપડાં કાઢી નાખો.'

'ડૉક્ટર, મારે નહીં પણ મારાં દાદીમાને તપાસ કરાવવાની છે.'

'એમ છે? તો પછી માજી, તમે આ સ્ટુલ પર બેસી જાવ અને તમારી જીભ બતાવો.'

¤¤¤

વકીલ: 'તલ્લાક કરવાના રૂ. 10,000 થશે.'

પતિ: 'પાગલ તો નથી થઈ ગયા ને? શાદી કરવાના તો માત્ર રૂ. 100 જ થયેલા અને હવે તલ્લાકના રૂ. 10,000?

વકીલ: 'જોયું? સસ્તામાં લેવાનું પરિણામ જોયું ને?'

¤¤¤

ડૉક્ટર એના કાર મિકેનિકને: 'તમારું બીલ અમારા દાક્તરોના બીલ કરતાંય વધારે કેમ હોય છે?'

મિકેનિક: 'તમારે મનુ ભગવાનના સમયથી એક જ જાતનાં મૉડેલ પર કામ કરવાનું હોય છે જ્યારે અમારે હજારો મૉડેલ સાથે કામ કરવું પડતું હોય છે.'

¤¤¤

પિતા (ગુસ્સે થઈને): 'કાલે રાત્રે તુ ક્યાં હતો?'

પુત્ર: 'થોડાક મિત્રો જોડે ફરવા ગયો હતો.'

પિતા: 'ભલે, પણ તારા એ મિત્રોને સૂચના આપી દે જે કે કારમાં તેની બંગડીઓ ભૂલી ના જાય!'

¤¤¤

એ ઑફિસમાં આવ્યો ત્યારે એના બન્ને કાન પર પાટા બાંધેલા હતા એ જોઈને એના બૉસે પૂછ્યું: 'અલ્યા, શું થયું તારા બેય કાનને?'

'અરે વાત જ ના પૂછશો. કાલે તમારો ફોન આવ્યો ત્યારે હું કપડાંને ઈસ્ત્રી કરતો હતો. તે ફોનને બદલે ઈસ્ત્રી જ કાને લગાવી દીધેલી.'

'એ તો સમજાયું પણ આ બીજા કાનને શું થયું?'

'પછી હું દાક્તરને ફોન કરવા ગયો ને...'

¤¤¤

વૃધ્ધ પતિ પત્ની પોતાના લગ્નની પચાસમી વર્ષગાંઠ ઉજવી રહ્યા હતા. એક પત્રનો રિપોર્ટર તેમનો ઈંટરવ્યુ લેવા આવ્યો: 'મેં સાંભળ્યુ છે કે રંગનાથન જી, તમે ફક્ત 1575 રૂપિયાના માસિક વેતન પર તમારા સાત છોકરાઓ અને ચાર છોકરીઓનું પાલન કર્યુ છે.'

વૃધ્ધ તરત જ ગભરાઈને બોલ્યો – શ....શ... ચૂપ.. આટલા જોરથી ન બોલતા. શું તમે અમારી આ અવસ્થામાં ફજેતી કરવા માંગો છો. મારી પત્નીનો તો એ વિચાર છે કે મને ફક્ત 1250 રૂપિયા જ મળે છે.

¤¤¤

મમ્મી: 'જો પિંટું, તુ હંમેશા ખરાબ બાળકો સાથે રમે છે, તું સારા બાળકો સાથે કેમ નથી રમતો?'

પિંટુઃ ‘શું કરું મમ્મી, સારાં બાળકોની મમ્મીઓએ સારાં બાળકોને મારી સાથે રમવાની ના પાડી છે.’

¤¤¤

'અમારા સામાયિકનું વેચાણ વધે અને લોકોને ફાયદો થાય એવી કોઈ ભેટ યોજના વિચારીએ છીએ.'

સલાહકારઃ ‘એમ કરો સાથે માથાનો દુઃખાવો દૂર કરવાની ગોળી ક્રોસીન ભેટમાં આપો.’

¤¤¤

દર્દીઃ ‘ડૉક્ટર, તમને ખાતરી જ છે કે મને ન્યુમોનિયા જ થયો છે? ઘણી વખત એવું બને છે કે ડૉક્ટર દવા કરતા હોય ન્યુમોનિયાની ને દર્દી મરી જાય છે હાર્ટ એટેકથી.’

ચૉક્ટરઃ ‘એની ચિંતા કરવાની જરૂર નથી. હું જ્યારે ન્યુમોનિયાના દર્દીની દવા કરતો હોઉં છું ત્યારે દર્દી ન્યુમોનિયામાં જ મરી જાય છે.’

¤¤¤

સંતા પોતાની તૂટેલી ચંપલ સીવડાવવા ગયા.

ચંપલની હાલત જોઈને મોચી બોલ્યોઃ ‘હું આને નથી સીવી શકતો.’

સંતાએ કહ્યુંઃ ‘અરે યાર, કોશિશ તો કરો, નેપોલિયને કહ્યું હતું કે દુનિયામાં કશું પણ અશક્ય નથી.

મોચીએ ચંપલ પરત દેતાં કહ્યુંઃ ‘બાબુ સાહેબ, મહેરબાની કરીને આને નેપોલિયન પાસેથી જ સીવડાવી લો.’

¤¤¤

‘મૂરખ ! પાણી આ રીતે અપાય? ટ્રેમાં મૂકી લાવવું જોઈએ, સમજ્યો?’

નોકરે થોડી વારે ટ્રેમાં પાણી લઈને હાજર થતાં કહ્યું, ‘શેઠ! આ ટ્રેમાંનું પાણી ચમચી વડે પીશો કે પછી ચાટી જશો?’

¤¤¤

દર્દીઃ ‘ડૉક્ટર, મારો હાથ બે જગ્યાએથી ભાગી ગયો છે તો મારે શું કરવું?’

ડૉક્ટરઃ ‘સીધી વાત છે. તમારે એ બે જગ્યાઓથી દૂર રહેવું.’

¤¤¤

શિક્ષકે કહ્યુંઃ ‘રમેશ, એક ટૂંકો નિબંધ લખ કે જેમાં અઠવાડિયાના દરેક વાર વિશે થોડું લખજે.’

રમેશે લખ્યુંઃ ‘સોમવારે મા મામાને ઘેર ગઈ હતી ત્યારે પિતાથી એટલો શીરો બનાવાઈ ગયો કે તે મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ સુધી ચાલ્યો!’

¤¤¤

ડૉક્ટર ઘેનમાંથી બહાર આવેલા દર્દીનેઃ ‘હું બહુ દિલગિર છું પણ મારે તમારું ઑપરેશન ફરીથી કરવું પડશે. મારું એક હેન્ડ ગ્લાઉઝ તમારા પેટમાં રહી ગયું છે.’

દર્દીઃ ‘જો એટલા માટે જ ફરીથી ઑપરેશન કરવાનું હોય તો એની જરૂર નથી. હું તમારા એ ગ્લાઉઝની કિંમત આપી દઈશ.’

¤¤¤

એક ભાઈએ સંતાસિંગને પૂછ્યુંઃ ‘યાર સંતા, તમારી પાસે મોબાઈલ છે, છતાં તમે મને લેટર કેમ મોકલ્યો?’

સંતા કહે છેઃ ‘યાર ક્યા કરું? મૈંને આપ કો ફોન લગાયા તો અંદર સે કીસીને બોલા, પ્લીઝ ટ્રાય લેટર!’

¤¤¤

જાપાનીઝ લોકો ફેટ ખાય છે ને ઓછા પ્રમાણમાં વાઈન પીએ છે છતાં અમેરિકનો કે અંગ્રેજ લોકો કરતાં હાર્ટ ઍટેકના ભોગ બહુ ઓછા બને છે.

એની સામે ફ્રેન્ચ લોકો બહુ ફેટ ખાય છે છતાં અમેરિકનો કે ઑંગ્રેજો કરતાં હાર્ટ ઍટેકના ભોગ બહુ ઓછા બને છે.

ઈટાલિયન લોકો ઘણા પ્રમાણમાં ફેટ ખાય છે ને વાઈન પણ પીએ છે છતાં અમેરિકન કે અંગ્રેજ કરતાં હાર્ટ ઍટેકના ભોગ બહુ ઓછા થાય છે.

બધી વાતનો એક જ સાર છે કે તમે ગમે તેટલું અને ગમે તે ખાઓ પીવો પણ ફક્ત અંગ્રેજી ભાષા જ હાર્ટ એટેકનું કારણ છે.

¤¤¤

શેઠ: ‘તમે કોઈને કોઈ બહાનું બતાવી રજાઓ લીધા કરો છો. પહેલાં તમારાં સાસુ મરી ગયાં, પછી દીકરી માંદી પડી, એ પછી સાળાના લગ્નમાં જવા માટે રજા લીધી... બોલો, હવે શાને માટે રજા જોઈએ છે?’

કર્મચારી: ‘સાહેબ, મારાં પોતાનાં લગ્ન છે.’

¤¤¤

દર્દી: ‘ડૉક્ટર મને મદદ કરો. મારા હાથ બહુ ધ્રુજે છે.’

ડૉક્ટર કહે: ‘બહુ પીધું લાગે છે.’

દર્દી: ‘બહુ ક્યાં પીધું છે? અડધું તો છલકાઈ જાય છે.’

¤¤¤

મનોચિકિત્સક: તમે ખોટા નિરાશ થયા કરો છો તમે જીવનમાં નિષ્ફળ છો જ નહિ.

દર્દી: ‘સાચું કહો છો સાહેબ, તમારી ફી ભરી શકનાર નિષ્ફળ હોય જ ક્યાંથી?’

¤¤¤

‘તુ મને ચાહે છે?’

‘ખૂબ જ.’

‘મારે માટે જિંદગી પણ કુરબાન કરી દઈશ?’

‘હા જરૂર. પણ પછી તને ચાહશે કોણ?’

¤¤¤

બે આંકડાશાસ્ત્રી પ્લેનમાં લૉસએન્જલ્સથી ન્યૂ યોર્ક જઈ રહ્યા હતા. પચાસેક મિનિટ થઈ હશે ને પાઈલટે જાહેરાત કરી: ‘પ્લેનમાંનાં ચાર એંજિનમાંનું એક એંજિન ફેઈલ થઈ ગયું છે પણ ચિંતા કરવાની જરૂર નથી. બાકીનાં ત્રણ એંજીનથી પણ પ્લેન ઊડી શકશે. હા, ન્યૂ યોર્ક પહોંચતાં પાંચને બદલે હવે સાત કલાક લાગશે.’

વળી બીજો એકાદ કલાક થયો હશે ને પાયલટે ફરી જાહેરાત કરી: ‘પ્લેનમાંનું બીજું એક એંજીન પણ કામ કરતું બંધ થઈ ગયું છે પણ ચિંતા કરવાની જરૂર નથી. પ્લેન બે એંજીનથી પણ ઊડી શકશે. હા, ન્યૂ યોર્ક પહોંચતાં હવે સાતને બદલે દસ કલાક લાગશે.’

પાછો એક કલાક થયો હશે ને એણે ફરીથી જાહેરાત કરી: ‘પ્લેનનું ત્રીજું એંજીન પણ ફેઈલ ગયું છે છતાં ચિંતાની કોઈ જરૂર નથી. પ્લેન એક એંજીનથી પણ ઊડી શકશે પણ હવે ન્યૂ યોર્ક પહોંચતાં દસને બદલે પંદર કલાક લાગશે.’

આ સાભળી મનમાં કશીક ગણતરી કરીને એક આંકડાશ્સ્ત્રી બીજાને કહે: ‘જો આ ચોથું એંજીન પણ ફેઈલ થઈ ગયું તો આપણે ઘણો સમય હવામાં જ રહેવાનું થશે ને મારે સોમવારે તો યુનિવર્સિટીમાં ભષણ આપવાનું છે.’

¤¤¤

કવિ (મિત્રને): ‘અરે યાર, મારા 5 વર્ષના પુત્રએ મારી બધી કવિતાઓ ફાડી નાખી.

મિત્ર: ‘અરે વાહ, તારો પુત્ર તો ખૂબ જ સમજદાર નીકળ્યો. કલાને પારખવાની સમજ છે તેનામાં.’

¤¤¤

રસાયણશાસ્ત્રના એક પ્રૉફેસર દવાની દુકાને ગયા ને કહે: ‘તમારી પાસે ઑક્સેટિલસેલિસિલીક ઍસિડની ટેબ્લેટ છે.’

દુકાનદાર: ‘એટલે કે એસ્પેરિન?’

પ્રોફેસર: ‘હા એ જ. મને એસ્પેરિન શબ્દ જ યાદ નથી રહેતો.’

¤¤¤

ધીરુભાઈ: ‘હેલો હું ધીરું બોલું છું...ધીરુ.’

કાકા: ‘કોણ બોલે છે? કાંઈ સંભળાતું નથી.’

ધીરુભાઈ: ‘હું ધીરુ બોલું છું...ધીરુ...ધીરુ...’

કાકા: ‘જખ મારવાને ધીરુ બોલે છે. જરા જોરથી બોલ ને...’

¤¤¤

ગટ્ટુ પોલીસસ્ટેશન ગયો ફરિયાદ નોંધાવા માટે.

ગટ્ટુ: ‘કોઈ મને ફોન પર ધમકાવે છે.’

પોલીસ: ‘કોણ?’

ગટ્ટુ: ‘ટેલીફોનવાળા. મને કહે છે કે બિલ ના ભર્યું ને તો કાપી નાખીશું.’

¤¤¤

બૉસ, નોકરીના ઉમેદવારને: 'હું તમને કલાકના આઠ ડૉલરનો પગાર આપીશ અને ત્રણ મહિના પછી હું તમને કલાકના દસ ડૉલર કરી આપીશ, બોલો ક્યારથી નોકરી શરૂ કરો છો?'

ઉમેદવાર: 'સાહેબ, ત્રણ મહિના પછી.'

¤¤¤

મગન એના મિત્રનો નંબર મોબાઈલમાં સેવ કરતો હતો.

વજેસિંગબાપુ જોતા હતા.

વજેસિંગબાપુ: 'અલ્યા શું કરે છે?'

મગન: 'સેવ કરું છું'

વજેસિંગબાપુ: 'અઢીસો ગ્રામ મારીય કરજે ભેગાભેગી.'

¤¤¤

મનુએ પોતાના મિત્ર રાહુલને કહ્યું: 'રાહુલ, મારા મામા મોટા ચિત્રકાર છે. એ ફક્ત પોતાના બ્રશને એક ઈશારો કરે તો હસતા માણસનું ચિત્ર રડતા માણસમાં ફેરવાઈ જાય છે.'

રાહુલે કહ્યું: 'એ કંઈ ખાસ ખૂબી ન કહેવાય! મારી મમ્મી આવું કામ એક ઝાડુ વડે પણ કરી શકે છે.'

¤¤¤

એક કૉમ્પ્યુટર પ્રોગ્રામર એના દીકરાને: 'જો ડેની, તારે માટે તારા બાસ્કેટ બૉલનાં પોલ, બાસ્કેટ વગેરે યુપીએસમાં આવી ગયાં છે પણ એ લોક એમાં ઈન્સ્ટૉલેશન ગાઈડ અને યુઝર્સ મેન્યુઅલ મૂકવાનું ભૂલી ગયા છે. મેં એમને આ અંગે ઈમેલ તો કરી દીધો છે. એમના તરફથી ખૂટતી ચીજો આવી જાય પછી હું તને એ ઈન્સ્ટૉલ કરી આપીશ.'

¤¤¤

નવવધૂએ પોતાના પતિને પૂછ્યું: ‘તમે પથારીમાં ઘડિયાળ લઈને કેમ ઊંઘો છો?

પતિ બોલ્યો: ‘ટિક-ટિકની અવાજથી મને આ વાતનો અનુભવ થતો રહે છે કે હું હજુ જીવતો છું.’

¤¤¤

મને લાગે છે કે હું મારાં પેડ, પેન્સિલ અને યાદશક્તિ પર વિશ્વાસ રાખું એ જ ઉત્તમ છે. જો કે હજુ સુધી કોઈ કૉમ્પ્યુટરના ક્રેશથી સરી ગયું નથી પણ જ્યારે કોમ્પ્યુટરમાં ક્રેશ થાય છે ત્યારે ભલભલાને એમ થાય છે કે આનાથી મરવું ભલું.

¤¤¤

રમેશ: ‘તારા પપ્પા આ કૂતરાની કિંમત વધુ બતાવી રહ્યા છે, કોણ જાણે કે આ વફાદાર છે કે નહીં.’

પરેશ: ‘એની વફાદારી પર તો શક કરીશ જ નહીં, મિત્ર. પપ્પા આને અત્યાર સુધી 10 વખત વેચી ચૂક્યા છે પણ આ દરેક વખતે અમારા જ ઘરે પરત આવી જાય છે.

¤¤¤

‘એક લાઈટ બલ્બ બદલવા માટે આઈબીએમના કેટલા માણસોની જરૂર પડે?’

‘10.000 માણસોની. એક જણ બલ્બને પકડી રાખવા માટે અને બાકીના 9.999 મકાનને ફેરવવા માટે.’

¤¤¤

સ્ત્રી: ‘હું ઘરડી થઈશ તો પણ મને પ્રેમ કરશો ને!’

પુરુષ: ‘કરું જ છું ને!’

¤¤¤

‘ચાલો સારું થયું તમારી દીકરી આખરે પરણી રહી છે. એ જીવનનો જંગ ખેલવા તૈયાર તો છે ને!’

‘હશે જ ને, ચાર ચાર સગાઈનો એને અનુભવ છે!’

¤¤¤

એક જુવાનિયો કારમાં સિગારેટ ફૂંકતો હતો ને હવામાં ધૂમાડીની રિંગો છોડતો હતો. એની સાથેની દોસ્ત એ ધૂમાડીથી ગૂંગળાઈને બોલી: ‘તેં કદી સિગારેટના બોક્સ પર છાપેલી ચેતવણી વાંચી છે ખરી? સિગારેટ પીવી એ તબિયતને માટે હાનીકારક છે.’

‘ડિયર, હું કૉમ્પ્યુટર પ્રોગ્રામર છું. અમે એવી ચેતવણીઓથી ડરતા નથી. અમે ડરીએ છીએ એરરથી.’

¤¤¤

પિતા(પુત્રને): ‘તમારા વર્ગમાં સૌથી મહેનતું વિદ્યાર્થી કોણ છે?’

પુત્ર: ‘હું.’

પિતા: ‘કેવી રીતે?’

પુત્ર: ‘કારણ કે વર્ગમાં જ્યારે બીજા વિદ્યાર્થીઓ બેસીને અભ્યાસ કરી રહ્યા હોય છે, ત્યારે ફક્ત હું જ એકલો પાછલી બેંચ પર ઊભો રહું છું.’

¤¤¤

એક કૉમ્પ્યુટર પ્રોગ્રામર દરિયામાં નહાવા પડ્યો ને ડૂબવા માંડ્યો. એણે બચાવ માટે ચીસો પાડવા માંડી: ‘F1, F1. ત્યાં ઘણા માછીમારો હાજર હતા પણ કોઈ સમજે તો બચાવવા જાય ને!

¤¤¤

રાહુલ: ‘હું તને બાહુપાશમાં લઈને કિસ કરવા માંગું છું.’

રિયા: ‘ના આ બધું લગ્ન બાદ.’

રાહુલ: ‘લગ્ન બાદ તારા પતિને ખબર પડી જશે તો?’

¤¤¤

કાકા મૈસુર પેલેસ જોવા ગયા. ટુરિસ્ટ ગાઈડે કાકાને કહ્યું: ‘કાકા, આ ખુરશી ઉપર ન બેસાય. આ ટીપુ સુલતાનની ખુરશી છે!’

કાકા: ‘કોંઈ વોંધો નૈ. એવો એ આવશે ન તાર ઊભો થઈ જયે બસ!’

¤¤¤

બીલ ગેટ્સ એક વખત જનરલ મોટર્સના ચેરમેન સાથે વાત કરતાં બેઠો હતો. એ કહે: ‘જો ઑટોમોટિવ ટેક્નોલૉજીએ કૉમ્પ્યુટર ટેક્નોલૉજી સાથે હાથ મિલાવીને કામ કર્યું હોત તો આજે તમે વી-8ને બદલે વી-32 ગાડી ચલાવતા હોત અને તેની સ્પીડ કલાકે 1000 માઈલની હોત અને ઈકૉનૉમિકલ કારની કિંમત ફક્ત 50 ડૉલર્સ હોત.’

‘તમારી બધી વાત સાચી છે પણ એક દિવસમાં ચાર વખત ક્રેશ થઈ જાય એવી કારમાં બેસવાનું કોણ પસંદ કરત?’ જી. એમ.ના ચેરમેને ચોપડાવ્યું.

¤¤¤

શિક્ષક: ‘સંતા, તું મને જણાવશે કે તારો જન્મ ક્યાં થયો?’

સંતા: ‘તિરુવનંતપુરમ ખાતે.’

શિક્ષક: ‘અચ્છા. તું મને એનો સ્પેલિંગ કહી શકશે?’

સંતા: ‘મને લાગે છે કે મારો જન્મ કદાચ ગોવા ખાતે થયો હતો.’

¤¤¤

એક બ્યુટી પાર્લરની બહાર એક લાઈન લખી હતી: અહીંથી નીકળનારી છોકરીઓને જોઈને સીટી ન મારશો, એ તમારી માસી કે દાદી હોઈ શકે છે.

¤¤¤

એક પ્રોજેક્ટ મેનેજર, એક કૉમ્પ્યુટર પ્રોગ્રામર અને એક કૉમ્પ્યુટર ઑપરેટર કારમાં જઈ રહ્યા હતા ત્યાં અચાનક કારનું એક ટાયર ફ્લેટ થઈ ગયું. આ ત્રણેય આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા વિચારવા માંડ્યા.

પ્રોજેક્ટ મેનેજર કહે: 'આપણે એક ટેક્સી કરી લઈએ. અડધા કલાકમાં જ આપણે પાર્ટીના સ્થળે પહોંચી જઈશું.'

કૉમ્પ્યુટર પ્રોગ્રામર કહે: 'એમ કરવાની જરૂર નથી. કારમાં કારનું મેન્યુઅલ હશે. હું એનો સ્ટડી કરીને જોતજોતામાં ટાયર બદલી આપીશ.'

તો કૉમ્પ્યુટર ઑપરેટર કહે: 'આપણે એમ કરીએ: પહેલાં ઍન્જિન બંધ કરીને બધા કારની બહાર નીકળી જઈએ. થોડીવાર પછી કારને ચાલુ કરીશું તો બધો પ્રેબ્લેમ ઉકલી જશે.'

એવામાં ત્યાંથી માઈક્રોસોફ્ટનો એક ઍન્જિનિયર પસાર થતો હતો તે મદદ કરવા ઊભો રહ્યો. તેણે કહ્યું: 'એનાથી એક સહેલો ઉપાય છે. પહેલાં બધી વીંડો બંધ કરી દો અને બધા કારમાંથી બહાર નીકળી જાવ. થોડીવાર પછી કાર ચાલુ કરો. હું ખાતરીથી કહું છું કે બધું બરાબર થઈ જશે.'

¤¤¤

નોકરીમાંથી થાકીને આવેલ પતિ જ્યારે ઘરે પાછો ફર્યો તો પત્ની બોલી: 'આજે મેં નોકરાણીને કાઢી મૂકી.'

પતિ: 'તે કેમ આવુ કર્યું? તારે તેને એક વાર સુધરવાની તક તો આપવી હતી.'

પત્નીઃ ‘પણ, હું તમને કોઈ તક આપવા નહોતી માંગતી.’

¤¤¤

પોલીસઃ ‘મેઘધનુષ જેવા, તોફાન શમી ગયા પછી જ દેખા દે.’

પૈસાદારઃ ‘જેમને પોતાનાં સગાંની શોધમાં જવું પડતું નથી તેવી વ્યક્તિ.’

નૃત્યઃ ‘પગનું કાવ્ય.’

નાકઃ ‘ચશ્માની દાંડી ટેકવવા કુદરતે કરી આપેલી ગોઠવણ.‘

થર્મોમીટરઃ ‘જેને હંમેશાં ચડતી પડતી આવ્યા કરે છે તેવું સાધન.’

¤¤¤

એક હેલીકૉપ્ટર સિયાટલ પર ઊડી રહ્યું હતું ને અચાનક એની નેવીગેશન સીસ્ટીમમાં કશી ગરબડ ઊભી થઈ.

છેવટે એક મોટી ઊંચી ઈમારતનું ચક્કર લગાવતાં પાયલટે એક તુક્કો અજમાવ્યો. એણે એક કાગળમાં મોટા અક્ષરે લખ્યુંઃ હું ક્યાં છું?

ને એણે એ કાગળ એ મકાનની અગાસીમાં નાખ્યો.

ઈમારત પર ઊભેલા માણસોએ એનો તરત જ અગાસીમાં મોટા અક્ષરોમાં લખીને જવાબ આપ્યોઃ તમે હેલીકૉપ્ટરમાં છો.

પાયલટે હસીને હેલીકૉપ્ટર ઘૂમાવ્યું ને થોડી જ વારમાં સિયાટલના ઍરપોર્ટ પર લેન્ડ કર્યું. સાથેના માણસે એને પૂછ્યુંઃ ‘તમે આ કેવી રીતે કર્યું?’

'એમના જવાબ પરથી હું સમજી ગયો કે એ માઈક્રોસોફ્ટનું જ બિલ્ડિંગ હતું. એમણે મને જે જવાબ આપ્યો તે એમની કાયમની રીત મુજબનો જ હતો: ટેક્નિકલી સાચો પણ બીજી બધી રીતે બિન ઉપયોગી. પછી એ બિલ્ડિંગથી એરપર્ટના રસ્તાની તો મને ખબર હતી જ.'

¤¤¤

રીમા (રીનાને): 'લગ્નજીવનનાં 15 વર્ષમાં પ્રથમ વાર મારા પતિએ મારી સુંદરતાનાં વખાણ કર્યાં.'

રીના: 'શું કહ્યું એમણે?'

રીમા: 'એમણે કહ્યું મૂર્ખ પતિઓને જ હંમેશાં સુંદર પત્ની મળે છે.'

¤¤¤

ભિખારી ભીખ માંગતા માંગતા એક દુકાન પર જઈને કહ્યું: 'ખરેખર તો હું એક લેખક છું, હાલમાં જ મારું એક પુસ્તક પ્રકાશિત થયું છે.'

દુકાનદાર: 'શું નામ છે પુસ્તકનું?'

ભિખારી: 'પૈસા કમાવવાના 101 નુસખા.'

દુકાનદાર: 'તો પછી તું ભીખ શા માટે માંગે છે?'

ભિખારી: 'આ પણ એમાંનો જ એક મુખ્ય નુસખો છે.'

¤¤¤

એક દિવસ રમેશે જોયું તો એની પાડોસી રૂપાળી રડતી હતી. એને પૂછતાં ખબર પડી કે એની મા મરણ પામી હતી.

રમેશે એને કૉફી બનાવીને પીવડાવી અને સાંત્વન આપ્યું.

બીજે દિવસે એ એને સાંત્વન આપવા પાછો એને ઘેર ગયો તો આજેય એ રડતી જ હતી. રમેશે એને કહ્યું: 'જો તારી મા મરી ગઈ એનો આમ કાયમ શોક કરવાનો ન હોય. તારે મન વાળી લેવું જોઈએ.'

તો વધારે મોટેથી રડતાં રૂપાળીએ કહ્યું: 'હું મારી માના મરણને નથી રડતી. પણ આજે મારી બેનનો ફોન આવ્યો હતો તો ખબર પડી કે એનીય મા મરી ગઈ છે.'

¤¤¤

સંતાસિંહ લગ્નના પહેલા જ દિવસે પત્નીને પ્રભાવિત કરવા માટે અંગ્રેજી પેપર દેખાડતાં: 'જો તો ખરી કાર કેવી ઊંધી વળી ગઈ છે.'

પત્ની: 'કાર ઊંધી નથી વળી, તમે પેપર ઊંધું પકડ્યું છે.'

¤¤¤

દીકરાને ગણિત શિખવાડતી વખતે ઉદાહરણ આપતાં પિતા: 'જો તારા ટેબલ પર દસ માખી હોય અને હું એમાંથી એકને મારી નાખું તો કેટલી માખીઓ બચે?'

પુત્ર: 'તમે જે માખીને મારી નાખી છે તે એક જ બચશે.'

¤¤¤

બે રૂપાળી ડીઝનીલેન્ડ જવા નીકળી. રસ્તામાં એક રોડ સાઈન આવી એમાં લખ્યું હતું: Disnyland Left

ને એમણે ગાડી પાછી વાળી લીધી ને વિચારવા માંડી કે ડીઝનીલેન્ડ ક્યાં જતું રહ્યું હશે!

¤¤¤

સંતા (પ્રીતોને): 'તને ખબર છે રોગ હંમેશાં શરીરના નબળા ભાગ પર જ હુમલો કરે છે?'

પ્રીતો: 'ઓહ એમ! હવે મને સમજાયું કે હંમેશાં તમે માથું દુ:ખવાની ફરિયાદ કેમ કરો છો!

¤¤¤

મીતા: 'મને લાગે છે કે દુનિયામાં ગરીબમાં ગરીબ માણસ સૌથી સુખી હોય છે.'

મનોજ: 'એટલે જ કહું છું મારી સાથે લગ્ન કરી લે સુખી થઈશ.'

¤¤¤

એક રૂપાળીને એની કાર વેચવી હતી પણ એ કાર 3,35,000 માઈલ ફરેલી હતી કોઈ એ લેવા તૈયાર થતું ન હતું. આખરે એણે પોતાના મિકેનિક ભાઈને કોઈક તુક્કો લડાવવા કહ્યું.

'વાંધો નહીં. હું કાલે જ એનું ઑડોમિટર ડાઉન કરી દઈશ. તારે કેટલા માઈલ પર મૂકવું છે?'

'એમ કર, 40,000 માઈલ પર મૂકી આપ.' પેલીએ કહ્યું.

બે દિવસ પછી પોલાએ બેનને પૂછ્યું: 'તારી કાર માટે કોઈ ઘરાક આવ્યા કે નહીં?'

પેલી કહે: 'હવે મારું મન એને વેચી દેવાનું થતું નથી. 40,000 માઈલ ફરેલી કાર કાઢી નાંખવાનો શો અર્થ?'

¤¤¤

રામ: 'શ્યામ, તું ઘડિયાળ ગલ્લામાં કેમ નાખી રહ્યો છે?

શ્યામ: 'કેમ? લોકો ગુલ્લકમાં પૈસા નથી નાખતા શું?'

રામ: 'પણ એ તો પૈસા બચાવવા માટે ગલ્લામાં પૈસા નાખે છે.'

શ્યામ: 'તો મારે પણ સમય બચાવવો છે.'

¤¤¤

શિક્ષક: 'રમેશ, સમુદ્રમાં લાલ ઈંટ નાખીએ તો શું થાય?'

રમેશ: 'ઈંટ ભીની થઈ જાય.'

¤¤¤

એક બાઈકવાળાના જેકેટ પાછળ લખ્યું હતું: 'જો તમે આ વાંચી શકો તો મને ઊભો રાખીને બતાવજો કે મારી પત્ની ક્યાં પડી ગઈ!'

¤¤¤

એક ઑફિસમાં ગોરી બૉસના હાથ નીચે કાળી, ગોરી અને રૂપાળી એવી ત્રણ છોકરીઓ કામ કરતી હતી. આ ગોરી બૉસ કાયમ ઑફિસમાંથી બે કલાક વહેલી નીકળી જતી હતી. એક દિવસ આ ત્રણેય છોકરીઓએ વિચાર્યું કે એ પણ એમની બૉસની જેમ કોઈક દિવસ ગુલ્લી મારશે તો એમની પકડાઈ જવાની શક્યતા નથી.

એટલે એ ત્રણેય બીજે દિવસે બૉસના ગયા પછી ઑફિસમાંથી નીકળી ગઈ. કાળીએ બારમાં જઈને જમાવી, ગોરીએ બાગમાંની લોન કાપી પણ રૂપાળીને થોડી તકલીફ થઈ ગઈ. એ ઘેર પહોંચી તો એનો પતિ અને એની બૉસ બેય એની જ બેડમાં પ્રેમમસ્તીમાં લીન હતાં. સારું થયું કે એમની નજર રૂપાળી પર ન પડી. રૂપાળી ઝડપથી સરકી ગઈ ને ઑફિસમાં પાછી પહોંચી ગઈ.

બીજે દિવસે પેલી બે કહે: 'કાલે મઝા આવી ગઈ. આવતે અઠવાડિયે ફરીથી ગુલ્લી મારીશું.'

'ના, ફરીથી ગુલ્લી મારવાની નથી. કાલે હું જરાકમાં જ બચી ગઈ. બૉસ મારા ઘરમાં મારા પતિની સાથે પ્રેમ કરતી હતી. એ તો સારું થયું કે એમની નજર મારા પર ન પડી.' રૂપાળીએ કહ્યું.

¤¤¤

એક મૂરખાએ મોબાઈલ પાણીમાં નાખ્યો અને બોલવા લાગ્યોઃ 'આવ, જલદી આવ.'

એક રાહદારીઃ 'એમ કંઈ પાણીમાં નાખેલો મોબાઈલ પાછો આવતો હશે?'

મૂર્ખઃ 'શું કામ ન આવે? એ ડૉલ્ફિન (બ્રાન્ડ) છે!'

¤¤¤

મગનઃ 'પપ્પા, પાણી આપો ને.'

પિતાઃ 'જાતે લઈ લે.'

મગનઃ 'આપો ને વળી...'

પિતાઃ 'હવે માગીશને તો એક તમાચો મારીશ.'

મગનઃ 'તમાચો મારવા આવો ત્યારે પાણી લેતા આવજો, બસ!'

¤¤¤

બે રૂપાળી એક નદીને સામસામે કાંઠે ઊભી હતી. પહેલીએ બીજીને પૂછ્યુંઃ 'અલી, તું સામે કિનારે ક્યાંથી પહોંચી ગઈ?'

'સામે કાંઠે તો અલી, તું પહોંચી ગઈ છું. હું તો મારે કિનારે જ છું.' બીજીએ જવાબ આપ્યો.

¤¤¤

સંતા અને બંતા લગ્ન પછી પહેલીવાર મળ્યા. સંતાઃ 'શું બતાવું મારી પત્નીને તો ગાતા આવડે છે પણ ગાતી જ નથી.

બંતાઃ 'તું તો નસીબદાર છે, મારી પત્નીને તો ગાતાં નથી આવડતું છતાં ગાયા જ કરે છે.'

¤¤¤

પતિ: 'તું મારી એકપણ વાતમાં સહમત નથી થતી. હું શું મૂરખ છું?'

પત્ની: 'સારું, ચલો આ વાતમાં હું સહમત થાઉં છું.'

¤¤¤

એક રેસ્ટોરંટવાળાએ જાહેરાત કરી: પાંચ રૂપિયામાં સસલાના માંસની સેન્ડવીચ.

કોઈકે પૂછ્યું: ‘આટલું સસ્તું તમે કેવી રીતે આપી શકો છો?’

‘અમે સસલાના માંસની સાથે ભુંડનું માંસ ભેળવીએ છીએ.’

‘તોય એ ઘણું મોઘું પડે. તમે બન્ને માંસનું પ્રમાણ કેટલું રાખો છો?’

‘સરખું જ. એક સસલાના માંસમાં અમે એક ભુંડનું માંસ ભેળવીએ છીએ.’

¤¤¤

ગામના ચોરે બેસીને એક કાકા એક યુવાનને સલાહ આપી રહ્યા હતા: 'લગ્ન તો પચાસની ઉંમર પછી જ કરવા.'

યુવાન: 'એવું શું કામ?'

કાકા: 'જેથી પત્ની સારી મળે તો રાહ જોયેલી લેખે લાગી ગણાય અને ખરાબ નીકળે તો એની સાથે ઝાઝાં વર્ષ ગાળવાં ન પડે!'

¤¤¤

શિક્ષક: ‘ખુદકુશી કરલી’ ઔર ‘ખુદકુશી કરની પડી’ બેઉ વચ્ચેનો ભેદ બતાવો.’

રમેશ: ‘પહેલાનો જવાબ બેરોજગાર અને બીજાનો શાદીશુદા....’

¤¤¤

જ્યારે તમને એમ લાગે કે ધંધાની સળતાના ચાન્સ 50-50 છે ત્યારે નક્કી માનજો કે એમાં નિષ્ફળતાના ચાન્સ 90 ટકા છે.

¤¤¤

એક પતિએ પત્નીને તમાચો માર્યો. પત્ની ગુસ્સે થઈ ગઈ.

પતિ બોલ્યો: ‘માણસ કોને મારે? જેને એ પ્રેમ કરતો હોય.’

પત્નીએ ડાબા હાથની બે ઝીંકી દીધી: ‘તમે શું સમજો છો? હું શું તમને ઓછો પ્રેમ કરું છું?’

¤¤¤

નવપરિણીતાએ પતિને પૂછ્યું: ‘ડિયર, આજે રાંધ્યું એવું જો હું રોજ રાંધું તો મને શું મળશે તે કહે.’

‘મારા વીમાની રકમ.’

¤¤¤

એક એરલાઈને સ્પેશ્યલ ઑફર બહાર પાડી: ‘જે પત્નીઓ પોતાના પતિની ધંધાકીય સફરમાં સાથે સાથે જતી હોય તેમનું અડધું ભાડું લેવામાં આવશે.’

એક મહિના પછી આનો લાભ લીધો હોય એવી પત્નીઓને પર્સનલ પત્ર લખીને તેમની સફર કેવી રહી એ પૂછવામાં આવ્યું તો બધેથી એક જાતનો જવાબ હજુય મળ્યા કરે છે: ‘કઈ ટ્રીપ?’

¤¤¤

છગન એના ચીની મિત્રને હોસ્પિટલમાં મળવા ગયો. ચીની મિત્ર ‘ચીન યુન યાન’ એટલું બોલીને મરી ગયો. મિત્રના છેલ્લા શબ્દો શું હતા તે જાણવા છગન ચીન ગયો અને એ શબ્દોનો અર્થ પૂછ્યો.

અર્થ હતો: ‘તું મારી ઑક્સિજનની નળી ઉપર ઊભો છે, ગધેડા.’

¤¤¤

મારો એક દોસ્ત બોઈંગ 747માં પાયલૉટ છે. એનું નામ જેક. મેં એને કહ્યું: ‘હાય જેક, ને તમે માનશો એણે મને ગોળી મારી દીધી. એ તો સારું થયું કે ગોળી મને પગમાં વાગી ને હું બચી ગયો.’

¤¤¤

મગન પાછળ એક કૂતરો દોડતો હતો. મગન હસતો જતો હતો. એની પાસેથી પસાર થનાર એક ભાઈએ પૂછ્યું: 'તમે આમ હસો છો કેમ?'

મગન: 'મારી પાસે હવે એરટેલનું નેટવર્ક છે તોય આ હચવાળા પાછળ ને પાછળ ફરે છે એટલે.’

¤¤¤

શ્યામુની ભેંસ માંદી પડી, રામુ પાસે તે સલાહ લેવા માટે પહોંચી ગયો. રામુએ કહ્યું: ‘ મેં ભેંસને કેરોસીન પીવડાવ્યું હતું.’

કેરોસીન પીવરાવવાથી શ્યામુની ભેંસ મરી ગઈ..બીજા દિવસે શ્યામુ રડતો રડતો રામુને ત્યાં પહોંચ્યોં.: ‘દોસ્ત રામુ, મારી ભેંસ તો મરી ગઈ.’

શ્યામુએ કહ્યું: ‘હા, મારી ભેંસ પણ મરી જ ગઈ હતી.’

¤¤¤

પતિપત્ની ઘરખર્ચની વાત કરતાં હતાં. તેવામાં પતિ બરાડ્યો: ‘જો હું પૈસા ન લાવતો હોત તો આ ઘર ન હોત!’

પત્ની: ‘જો તું પૈસા ન લાવતો હોત તો હું પણ અહીં ન હોત!’

¤¤¤

હાથી મરી ગયો. કીડી છાની જ ન રહે. બધા ભેગા થઈને એને છાની રાખે...

કીડી રડતાં રડતાં કહે: ‘એ મરી ગયો એટલે હું નથી રડતી. હું તો એટલા માટે રડું છું કે હવે મારી આખી જિંદગી આની કબર ખોદવામાં જશે!’

¤¤¤

‘તમારાં વખાણ કરું એટલાં ઓછાં.’

‘આખરે તમને મારી કિંમત સમજાઈ.’

‘ના, હવે હું સમજી ગયો છું કે મૂરખ આગળ જૂઠું બોલવામાં વાંધો નહિ.’

¤¤¤

ભિખારી: ‘બહેન, એક આઠ આના આલો ને!’

સ્ત્રી: ‘અત્યારે, શેઠ ઘરમાં નથી.’

ભિખારી: ‘શું બેન! ઘરમાં તમારી આઠ આના જેટલી કિંમત પણ નથી?’

¤¤¤

શિક્ષક: ‘તું એવું કઈ રીતે પુરવાર કરીશ કે લીલાં શાકભાજી ખાવાં આંખ માટે હિતાવહ છે?’

મગન: ‘સાહેબ, તમે જ કહો જોઉં! તમે કોઈ ગાય કે ભેંસને કદી પણ ચશ્માં પહેરેલી જોઈ છે ખરી?’

¤¤¤

શેઠ (નોકરને): ‘અરે રામુ, મેં તને જે પરબિડિયું આપ્યું હતું તેના પર ટિકિટ ચોંટાડવા માટે મેં તને પૈસા આપ્યા હતા તો પછી તું પૈસા પરત કેમ આપી રહ્યો છે?’

રામુ: ‘આજે મેં મારી બુધ્ધિ વાપરી. કોઈ જુએ નહીં એમ ચૂપચાપ ટિકિટ લગાવ્યા વગર જ પરબિડિયું લેટર બોક્સમાં નાખી દીધું અને તમારા પૈસા પણ બચી ગયા.’

¤¤¤

એક મિત્ર (બીજાંને): ‘યાર, લગ્ન પછી શું થાય છે?’

બીજો મિત્ર: ‘પહેલા વર્ષે પતિ બોલે છે, અને પત્ની સાંભળે છે. બીજા વર્ષે પત્ની બોલે છે, અને પતિ સાંભળે છે. ત્રીજા વર્ષે બંને બોલે છે અને આજુબાજુવાળાં સાંભળે છે.’

¤¤¤

ખુશખુશાલ પતિ: ‘રવિવાર સારી રીતે ગાળવા માટે હું છેલ્લા શૉની ત્રણ ટિકિટ લાવ્યો છું.’

પત્ની: ‘કેમ ત્રણ?’

પતિ: ‘કેમ વળી, એક ટિકિટ તારી અને બે તારાં મા-બાપની! થઈ ગઈને ત્રણ!’

¤¤¤

અકસ્માતના એક સ્થળે જખમી થયેલો માણસ એક પાદરીને જોઈને બૂમ પાડે છે: ‘ઓહ ગોડ, મારો હાથ કપાઈ ગયો!’

સામે પાદરી જવાબ આપે છે: ‘બૂમો ના પાડીશ, પેલો માણસ માથું કપાઈ ગયું છે તોય કંઈ બોલે છે?’

¤¤¤

'અરે દોસ્ત, તારી હાલત તો જો. માથે ઢીમચું થયું છે, નાકમાંથી લોહી નીકળે છે, ઠેર-ઠેર ઉઝરડા પડ્યા છે. ચાલ, હું તને ઘરે મૂકી જાઉં.'

'ખબરદાર. હું ઘરેથી જ આવી રહ્યો છું.'

¤¤¤

એક રાજકીય નેતાને મેદાનમાંથી પથ્થરો વીણતા જોઈને કોઈએ તેમને પૂછ્યું: 'અરે વાહ! તમે તો ભારે નિષ્ઠાવાન! જાતે જ મેદાન સાફ કરવા લાગી પડ્યા. શ્રમ-સપ્તાહ ઊજવો છો કે શું?'

નેતા કહે: 'ના ભાઈ ના, આજે રાતે અહીં મારું ભાષણ છે.'

¤¤¤

'તમે કમાલના માણસ છો, તુષારભાઈ! ઑફિસમાં જે કામ કરતા બીજા લોકોને આઠ કલાક લાગે છે એ કામ તમે બે જ કલાકમાં પૂરું કરી નાખો છો.'

'થેન્ક્યુ બોસ, હું કામમાં બહુ ઝડપી છું. અચ્છા, મેં 20 દિવસની રજા માગી હતી એનું શું થયું સાહેબ?'

'હા, મેં પાંચ દિવસની રજા મંજૂર કરી દીધી છે. તમે બીજા લોકો કરતાં ચારગણા ઝડપી ખરા ને!'

¤¤¤

'ડોક્ટર સાહેબ, મારાં મમ્મીને મચ્છરિયા થઈ ગયો છે.'

'મચ્છરિયા નહીં, મેલેરિયા કહેવાય.'

'ના-ના સાહેબ, એ ઊંઘમાંય મચ્છરની જેમ ગણગણાટ કરતી રહે છે.'

¤¤¤

'અમે ઘરમાં 25 ભાઈ-બહેનો છીએ.'

‘તમારે ત્યાં કુટુંબનિયોજનવાળા નથી આવતા?’

‘આવે છે પણ સ્કૂલ સમજીને જતા રહે છે!’

¤¤¤

માલિકે નોકરને કહ્યું: 'મેં તને કહ્યું હતું કે આ પેકેટ હરિશભાઈના ઘરે જઈને આપી આવજે, આપ્યું કેમ નહિ?'

નોકર: 'હું ગયો તો હતો, પણ આપું કોને? કારણ કે એમના ઘરની બહાર એવું બોર્ડ માર્યું હતું: "સાવધાન! અહીં કૂતરાઓ રહે છે."’

¤¤¤

અંજૂએ પોતાના પતિને પૂછ્યુ: ‘મારા વાળનો રંગ સફેદ થઈ જશે ત્યારે પણ શું તમે આવી જ રીતે પ્રેમ કરતા રહેશો?’

‘તને શંકા કેમ થઈ? અત્યાર સુધી તું કેટલીવાર રંગ બદલી ચૂકી છે, શું મેં તને કદી પ્રેમ કરવાનું ઓછું કર્યું છે?’ પતિએ હસીને જવાબ આપ્યો.

¤¤¤

ગટ્ટુ: ‘પિતાજી, ગળામાં શું બાંધ્યું છે?’

પિતાજી: ‘તને નથી ખબર, આને શું કહેવાય?’

ગટ્ટુ: ‘અરે હા, સમજી ગયો, પિતાજી, તમે પણ મારી જેમ નાક સાફ કરવાનો રૂમાલ બાંધ્યો છે. હેં ને!’

¤¤¤

ઊંચા ડુંગર ઉપર ચડીને એક માણસે ભગવાનને પૂછ્યું: ‘ભગવાન! તમારે માટે કરોડો વર્ષ એટલે કેટલાં?’

ભગવાન: ‘એક મિનિટ જેટલાં!’

‘કરોડો રૂપિયા એટલે કેટલા?’

‘એક પૈસા જેટલા!’

‘તો પછી મને એક પૈસો ન આપો?’

‘ચોક્કસ, એક જ મિનિટમાં આપું!’

¤¤¤

‘ભગવાન, મેં તારી પાસે પીછું માગ્યું તો તેં આખો મોર આપી દીધો;

ફૂલ માગ્યું તો આખો બાગ આપી દીધો;

પથ્થર માગ્યો તો આખી મૂર્તિ આપી દીધી;

તું પ્રેમી છે કે બહેરો છે?’

¤¤¤

મગનને શરદી થઈ એટલે બાપુ પાસે ગયો. બાપુ કહેઃ ‘વ્હિસ્કી પીલે, મટી જશે.’

મગનઃ ‘બાપુ, એનાથી શરદી જશે ને?’

બાપુઃ ‘આ પીવામાં અમારાં રાજપાટ જતાં’ર્યાં તો તારી શરદી કેમ નંઈ જાય? ડોબા....’

¤¤¤

પત્નીઃ ‘આ વખતે એક્ઝિબિશનમાં ક્યા પ્રકારની સાડીઓ આવશે ખબર નહીં!’

પતિઃ ‘બધે બે જ પ્રકારની સાડી હોય છે. એક જે તને પસંદ નથી પડતી અને બીજી, જે ખરીદવાની મારી ત્રેવડ નથી હોતી.’

¤¤¤

સ્ત્રીઃ ‘આ પુરુષ ખરેખર ગાંડો છે, તમે તેને કાંઈપણ કહેશો તો એક કાનથી સાંભળશે ને બીજા કાને કાઢી નાખશે.’

પુરુષઃ ‘એ તો તોય સારો છે. મારી પત્નીને તો કશું પણ કહેશો તો એ બંને કાનેથી સાંભળશે અને મોઢા વડે કાઢી નાખશે.’

¤¤¤

ચિત્રકાર (ગ્રાહકને): 'સાહેબ, હું બેગમ સાહિબાનું એવું ચિત્ર બનાવીશ કે તે બોલવા લાગશે.'

ગ્રાહકે ચિત્રકારને ગુસ્સામાં કહ્યું: 'માફ કરજે ભાઈ, એણે તો આમ પણ મારા નાકમાં દમ કરી નાખ્યો છે. જો એનું ચિત્ર પણ બોલવા લાગશે તો મારું જીવવું મુશ્કેલ થઈ જશે.'

¤¤¤

પત્નીઃ ‘તમે મારો ફોટો પાકિટમાં રાખીને ઑફિસે કેમ લઈ જાઓ છો?’

પતિઃ ‘ડાર્લિંગ, જ્યારે પણ મને કોઈ મુશ્કેલી આવે છે ત્યારે હું તારો ફોટો જોઉં છું.’

પત્નીઃ ‘એમ? ખરેખર! તમને મારા ફોટામાંથી એટલી બધી પ્રેરણા અને શક્તિ મળે છે?’

પતિઃ ‘હાસ્તો. ફોટો જોઈને હું એ વિચારું છું, કે કોઈ પણ મુશ્કેલી આનાથી મોટી તો નથી જ!’

¤¤¤

રમેશઃ ‘યાર, તું તારી કંપનીનો સૌથી સફળ સેલ્સમેન છે. તારી સફળતાનો રાઝ શું છે દોસ્ત?’

નિલેશઃ ‘સાવ સિમ્પલ છે. હું જે ઘરનો દરવાજો ખખડાવું અને સામે થોડી આધેડ વયની સ્ત્રી દેખાય એટલે હું એને પૂછું: ‘મિસ, તમારાં મમ્મી ઘરમાં છે?’

¤¤¤

ગ્રામ પંચાયતની કચેરીમાં એક શિક્ષિત માણસને નોકરીએ રાખવાનો હતો. ગામના સરપંચે ઉમેદવારને પૂછ્યું: ‘કેટલું ભણ્યા છો?’

‘જી, હું ગ્રેજ્યુએટ છું.’

‘એ તો સમજ્યા પણ મેટ્રિક થયા છો કે નહિ?’

¤¤¤

‘હું મારા પાડોશીને ત્યાં જાઉં ત્યારે એમ જ લાગે જાણે મારા ઘરમાં જ બેઠી હોઉં.’

‘એમ? તો તો તમારા પાડોશી સાથે બહુ સારા સંબંધ લાગે છે.’

‘ના, એવું નથી. અમારા પાડોશી અમારી જ વસ્તુ લઈ જાય એ પાછી જ નથી આપતા! મને ચોતરફ મારા ઘરની જ ચીજો દેખાય છે.’

¤¤¤

ચંપા: ‘મારા ગગા માટે વિટામીનની ગોળી આલો ને!’

કેમિસ્ટ: ‘ક્યા વિટામિનની એ, બી, સી કે ડી?’

ચંપા: ‘ગમે તે આલો ને. એને હજી એ-બી-સી-ડી નથી આવડતી!’

¤¤¤

અંકલ: ‘બંટી, તું મોટો થઈને શું બનીશ?’

બંટી: ‘ટીચર.’

અંકલ: ‘પણ એને માટે તો બહુ બધું ભણવું પડે.’

બંટી: ‘ના, અંકલ અમારા ટીચર બધું અમને જ પૂછ્યા કરે છે. ભણવું તો અમારે જ પડે છે.’

¤¤¤

મૂર્ખ કાનજી: ‘જો તું મને કહી આપે કે મારી આ થેલીમાં શું છે તો એમાંના અડધાં ટામેટાં તારાં, અડધાં મારાં.’

મહામૂર્ખ મનજી: ‘પણ યાર, કંઈક હિન્ટ તો આપ!’

¤¤¤

કનુ: ‘હું તમારી દીકરીને એટલું બધું ચાહું છું કે એની ખાતર હું બધું છોડીને આવ્યો છું.’

દીકરીનો બાપ: ‘બધું એટલે શું?’

કનુ: ‘ચાર છોકરાં અને એક પત્ની!’

¤¤¤

રાજુએ માને કહ્યું: ‘મા મને ૫૦ પૈસા આપ ને મારે ખારીસીંગ ખાવી છે.’

માએ પુછ્યું: ‘કેમ બેટા, ખારીસીંગ શા માટે ખાવી છે?’

રાજુ કહે: ‘મા, મારા માસ્તર સાહેબ કહેતા હતા ખારીસીંગ ખાવાથી થોડી અક્કલ વધશે.’

મા કહે: ‘એમ! ત્યારે તો તે લે આ ૧૦ રૂપિયા, થોડી વધુ લાવજે, રોજ થોડી થોડી તારા બાપાને પણ ખવડાવીશું.’

¤¤¤

પતિ: ‘મને એ સમજાતું નથી કે આટલી આવકમાં આપણે બચત કેમ કરી શકતા નથી.’

પત્ની: ‘આપણા પાડોશીઓને કારણે. તેઓ એવી વસ્તુઓ ખરીદે છે કે જે આપણને ન પોષાય.’

¤¤¤

એક ટાલિયાના માથામાં 10-15 વાળ હતા, તે હજામની દુકાને પહોંચ્યો. હજામે ગુસ્સાથી પૂછ્યું: ‘શું કરું આને કાપું કે ગણું?’

ટાલિયોઃ ‘એને કલર કરી દે.’

¤¤¤

ચંપાઃ ‘મોંઘી સાડી લઉં ત્યારે હું ખુશ થાઉં અને સસ્તી સાડી લઉં ત્યારે પતિ રાજી થાય.’

વીણાઃ ‘ઓહ! તો તો ભારે તકલીફ.’

ચંપાઃ ‘ના રે! એમાં તકલીફ શેની? હવે મેં બંનેને રાજી રાખવાની નીતિ અપનાવી છે.’

¤¤¤

એકવાર સંતાએ રોડ પર બહુ બધાને દોડતા જોયા. એ જોઈને તેમને બાજુ પર ઉભેલા બંતાને પૂછ્યુઃ ‘આ બધા કેમ દોડી રહ્યા છે?’

બંતાઃ ‘મેરેથોન દોડ યોજાઈ રહી છે.’

સંતાઃ ‘તેનાથી તેમને શું ફાયદો થવાનો છે?’

બંતાઃ ‘જે જીતશે તેને ઈનામ મળશે.’

સંતાઃ ‘તો પછી બીજા કેમ દોડી રહ્યા છે?’

¤¤¤

એક દિવસ સંતાએ બંતાને પૂછ્યુંઃ ‘તેં આજ સુધી લગ્ન કેમ ન કર્યાં?’

તેણે હસતાં- હસતાં જવાબ આપ્યોઃ ‘જેને રામ રાખે તેને કોણ ચાખે?’

¤¤¤

પોસ્ટ ઑફિસના કલાર્કે ગ્રાહકને કહ્યુંઃ 'ભાઈ, તમે જે કવર પોસ્ટ કરવા માગો છો તેનું વજન વધુ હોવાથી તમારે વધારાની એક રૂપિયાની ટિકિટ લગાડવી પડશે!'

ગ્રાહક બોલ્યોઃ 'પણ એમ કરવાથી તો કવરનું વજન હજી પણ વધી જશે ને!'

¤¤¤

પપ્પુ સાયકલ ચલાવતાં એક જાડા માણસ જોડે ટકરાઈ ગયો. જાડા માણસે બૂમ પાડીને કહ્યું: ‘બાજુથી નથી નીકળી શકતો?’

પપ્પુ: ‘પણ બાજુમાંથી નિકળત તો કેટલું મોટું ચક્કર લગાવવું પડત!’

¤¤¤

'આજે, આ બધાં પુસ્તકો છુપાવી દેજો. મારા મિત્રો ઘેર જમવા આવી રહ્યા છે.'

'કેમ, તેઓ પુસ્તક ચોરી જશે?'

'ના, ઓળખી જશે!'

¤¤¤

મુવી ડિરેક્ટર કહેઃ ‘હવે તારે આ સીનમાં ૧૫મા માળેથી કૂદવાનું છે.’

બિચારો નવો એક્ટરઃ ‘પણ સર જો મને કઈ થઈ ગયું તો?’

ડિરેક્ટરઃ ‘અરે ચિંતા ના કર, આ મુવીનો છેલ્લો જ સીન છે.’

¤¤¤

રોબર્ટ ને ત્યા ટ્વિન્સનો જન્મ થાય છે.

રોબર્ટ તેના બોસ અજીત પાસે જઈને નામ પૂછે છે;

રોબર્ટઃ ‘બોસ, દોનો બચ્ચો કા નામ ક્યા રખ્ખું?’

અજીતઃ એક કા નામ રખો પીટર.’

રોબર્ટઃ 'એન્ડ બોસ, દુસરે કા?'

અજીતઃ 'નોન સેન્સ, દુસરે કા નામ રખો રીપીટર.'

¤¤¤

'વકીલ અને ભગવાન વચ્ચે શો તફાવત છે?'

'ભગવાન ક્યારેય એવું વિચારતો નથી કે પોતે વકીલ છે.'

¤¤¤

બસંતીઃ 'ભાગ ધન્નો ભાગ, આજ તેરી બસંતી કી ઈજ્જતકા સવાલ હૈ.....'

ધન્નોઃ 'અરે, તુજે અપની પડી હૈ, મેરે પીછે ગબ્બરકે ૧૦ ઘોડે પડે હૈ ઉસકા ક્યા?'

¤¤¤

એક વાર સાંતાસિંહનો મિત્ર તેની પાસે આવ્યો અને કહે: 'અરે સાંતાસિંહ, તમારી પત્ની તમારા ડ્રાઈવર સાથે ભાગી ગઈ એનો મને બહુ અફસોસ છે.'

સાંતાસિંહ કહેઃ 'ચિંતા ના કર મને ડ્રાઈવીંગ આવડે છે.'

¤¤¤

'બસો ફૂટના છાપરાને ઢાંકવા માટે કેટલા વકીલ જોઈએ?'

'એ તો તમે એમનાં કેટલાં પાતળાં પડ કાપો છો એના પર આધાર રાખે છે.'

¤¤¤

સાંતાસિંહને કોઈ ગુનાહ માટે અદાલતમાં લઈ ગયા,

ન્યાયાધીશ કહે: 'સાંતાસિંહ તમને અગાઉ કેટલી વખત જેલની સજા થઈ છે?'

સાંતાસિંહ કહે: 'સાહેબ ૯ વખત.'

ન્યાયાધીશ કહે: 'ઓહહો, ૯ વખત, તો તો મારે તમને બહુ આકરી સજા આપવી પડશે?'

સાંતાસિંહ કહેઃ 'સાહેબ રેગ્યુલર કસ્ટમર તરીકે કોઈ ડિસ્કાઉન્ટ આપો ને!'

¤¤¤

સંતાસિંહનો છોકરો તેને કહેઃ 'પપ્પા મને કહો, તમે મમ્મીની કઈ વસ્તુથી પ્રભાવિત થઈને તેમને પસંદ કર્યાં હતાં?'

સંતાસિંહ કહેઃ 'ઓહ્હો તો હવે તને પણ આશ્ચર્ય થવા લાગ્યું કે હું એને શું કામ પરણ્યો?'

¤¤¤

ટીચર કહેઃ 'કનુ, બોલ જોય આપણે જે ભાષા બોલીયે છીયે તેને માતૃભાષા શું કામ કેવાય છે?'

કનુ કહેઃ 'કેમ કે પિતાને બોલવાનો વારો તો ક્યારેય આવતો જ નથી હોતો.'

¤¤¤

એક ભાઈ, સંતાસિંહને કહેઃ 'હું તમારા ઘરની નીચેથી પસાર થતો હતો ત્યારે તમારા છોકરાએ પત્થરનો ઘા કર્યો...'

સંતાસિંહ કહે: 'તમને કયાં વાગ્યું?'

પેલા ભાઈ કહેઃ 'એ પત્થર મારી બાજુમાથી પસાર થઈ ગયો, એટલે હું બચી ગયો.'

સંતાસિંહ કહે: 'તો એ મારો છોકરો નહીં હોય, ભાઈ.'

¤¤¤

એક વખત સંતાસિંહ એક મ્યુઝીયમમાં ગયાં, ત્યાં એક જગ્યાએ બહુ ભીડ હતી, સંતાસિંહ જોવા ગયા કે આ ભીડ શેની છે, તો ત્યાં એક આરીસો હતો, કે જે ખોટું બોલવાવાળાને મારી નાખતો હતો. તેની સામે એક ફ્રાંસના માણસે કહ્યુઃ 'આઈ થીંક હું સ્મોક નથી કરતો.' અને બિચારો મર્યો...

પછી એક અમેરિકને આવીને કંહ્યુઃ 'આઈ થીંક મને ઈરાક માટે હમદર્દી છે.' અને એ પણ મર્યો.

સંતાસિંહ ત્યા ગયા અને કહેઃ 'આઈ થીંક...' અને એ માર્યા ગયા.....

¤¤¤

એક વખત સંતાસિંહનો ઈન્ટર્વ્યુ લેવાયો.

ઈન્ટ્રર્વ્યુ લેવા વાળી છોકરી કહેઃ 'સંતાસિંહ, આ ધર્મેશભાઈ એમના બ્લોગ પર બહુ જોક્સ લખે છે, તમે કહી શકો કે એમાંથી તમારા ઉપર એમણે કેટલા જોક્સ લખ્યા હશે?'

સંતાસિંહ કહેઃ 'મુશ્કીલથી ૩-૪ જોક્સ હશે, બાકીની તો બધી હકીકત જ છે.'

¤¤¤

સંતાસિંહને એક વખત કોઈએ પુછ્યું: 'હાડપિંજર એટલે શું?'

સંતાસિંહ કહે: 'એક એવો માણસ કે જેને ડાયટીંગ તો શરૂ કરી દીધું છે પણ બંધ કરવાનું ભૂલી ગયો છે.'

¤¤¤

જેલમાં સંતાસિંહને એક જેલર કહે: 'કાલે સવારે ૫ વાગ્યે તને ફાંસી આપવામાં આવશે.'

સાંભળીને સંતાસિંહ હસવા લાગ્યો. જેલર કહે: ‘કેમ શું થયું? બહુ ખુશ છે ફાંસીની ખબર સાંભળીને?’

સંતાસિંહ કહે: ‘ના, હું એટલે ખુશ છું કેમ કે હું તો સવારે ૮ વાગ્યે ઊઠું છું.’

¤¤¤

સંતાસિંહ તેના નોકરને કહે: ‘જા અને બગીચામાં પાણી પાઈ આવ.’

નોકર કહે: ‘સાહેબ બહાર વરસાદ આવે છે.’

સંતાસિંહ કહે: ‘એવું હોય તો છત્રી લઈને જા.’

¤¤¤

પુત્રને હાથના બળે ઘરમાં ઘૂસતો જોઈને ગુપ્તાજી જોરથી બરાડ્યા: ‘મૂર્ખ આ શું કરે છે તું?

પુત્રએ નાદાનીથી જવાબ અપ્યો: ‘તમારી ઈચ્છાનું પાલન કરી રહ્યો છું. પિતાજી, તમે કહ્યું હતું ને કે હું ફેલ થઈશ તો તમે મને ઘરમાં પગ નહીં મૂકવા દો.’

¤¤¤

જમ્યા પછી પતિએ પોતાની પત્નીને પૂછ્યું: ‘બોલો શ્રીમતીજી, હવે તમે શું કરશો?’

પત્ની: ‘કશું નહીં. બસ હવે પેપર વાંચીશ, ટીવી જોઈશ વગેરે વગેરે..’

પતિ: ‘ઠીક છે, તમે જ્યારે વગેરે વગેરે કામ કરવા આવો ત્યારે મારા શર્ટના બટન ટાંકવાનું ન ભૂલતાં.’

¤¤¤

'તારે તારી પત્ની સાથે મતભેદ થતા નથી?'

'થાય છે ને! ઘણી વાર તો મોટા મતભેદ થાય છે. પણ તે બધા ઉકલી જાય છે.'

'એ કેવી રીતે?' મિત્રે આશ્ચર્યથી પૂછ્યું.

'મારો મત હું ખાનગી રાખું છું. મારી પત્નીને જણાવતો નથી.'

¤¤¤

લીલા: 'કાલે તમારા કૂતરાએ મારી સાસુને પગે બચકું ભર્યું.

શીલા: 'માફ કરજો બહેન, એવું હોય તો હું તેના બદલે પૈસા આપવા તૈયાર છું.'

લીલા: 'પૈસાની વાત નથી કરતી પણ હું એમ ઈચ્છું છું કે તમારો કૂતરો જો મને વેચો તો કેટલા રૂપિયા મારે આપવાના?'

¤¤¤

પતિ: 'ચાલ આજે આપણે કોઈ હોટેલમાં જમવા જઈએ.'

પત્ની: 'કેમ, મારા હાથનું ખાવાનું ખાઈ ખાઈને બોર થઈ ગયા છો?'

પતિ: 'અરે નહીં, બસ આજે વાસણ સાફ કરવાનો મૂડ નથી.

¤¤¤

પપ્પા: 'દીકરી પહેલાં તું મને પપ્પા કહેતી હતી અને હવે ડેડી કહે છે એની પાછળનું કારણ શું છે?'

દીકરી: 'પપ્પા બોલવાથી મારી લિપસ્ટિક ખરાબ થઈ જાય છે.'

¤¤¤

પતિએ પત્નીને ધમકાવતાં કહ્યું: ‘તું મોહનલાલની દુકાનેથી ખરીદી ના કરતી, એ આંખોમાં ધૂળ નાખીને સામાન આપે છે.’

પત્ની: ‘તમે મને નથી ઓળખતા? હું જ્યારે પણ સામાન ખરીદું છું ત્યારે હું આંખો બંધ કરી દઉં છું.’

¤¤¤

પત્ની: ‘સાંભળ્યુ તમે? રાજેશની પત્નીએ એકસાથે ત્રણ બાળકોને જન્મ આપ્યો છે.‘

પતિ: ‘તે ટેલિફોન એક્સચેંજમાં કામ કરે છે. ખબર છે ને કે ટેલિફોન ઓપરેટર કદી કદી રોંગ નંબર પણ આપી દે છે.’

¤¤¤

મોહન: ‘તમે જાણો છો, જેટલી વારમાં હું શ્વાસ લઉં છું તેટલી વારમાં એક નવા બાળકનો જન્મ થાય છે.’

સોહન: ‘હે ભગવાન! તું તારી આ ટેવ છોડી કેમ નથી દેતો? પહેલેથી જ દેશની વસ્તી આટલી વધી ગઈ છે.’

¤¤¤

મંગુ: ‘અરે વાહ ચંદુજી., આ સુંદર કાર તમારી છે?’

ચંદુજી ખુલાસો કરતાં કહે છે: ‘હા મારી છે પણ ખરી અને નથી પણ...જયારે શોપીંગ કરવાનું હોય ત્યારે મારી પત્નીની, જયારે પિકનિક પર જવાનું હોય ત્યારે મારા બાળકોની અને જયારે તેને પેટ્રોલ અને સર્વિસની જરૂર હોય ત્યારે આ કાર મારી બની જાય છે....’

¤¤¤

પતિ: 'આપણો છોકરો આટલી બધી ઠોકર ખાવા છતાં જરાય સુધરતો નથી.'

પત્ની: 'કોણ જાણે, હું મરી જાઉં પછી સુધરશે.'

પતિ: 'ભગવાન, એ સુધરે એ દહાડો જલદી લાવે.'

¤¤¤

પ્રશ્ન: સ્ત્રીઓ પોતાના મગજને બદલે પોતાના રૂપ તરફ કેમ વધુ ધ્યાન આપતી હોય છે?

જવાબ: કારણ કે પુરુષ ગમે તેટલો મૂર્ખ કેમ ન હોય, આંધળો નથી હોતો.

¤¤¤

સંતા: ‘યાર, મને ખાંસી બહું થઈ રહી છે, શું કરું?’

બંતા: ‘આજથી તું તળેલી વસ્તુ ખાવાની બંધ કરી દે અને ફક્ત દૂધ બ્રેડ જ ખા.’

સંતા: ‘આજથી નહી યાર, કાલથી.’

બંતા: ‘એમ કેમ?’

સંતા: ‘આજે તો તારે ઘેર જમણવાર છે ને!’

¤¤¤

પિતા: ‘બેટા, તને ગણિતમાં કેટલા માર્કસ મળ્યા?’

પુત્ર: ‘પિતાજી મને ભાઈ કરતાં 10 ઓછા મળ્યા.’

પિતા: ‘સારું, તો તારા ભાઈને કેટલા મળ્યા?’

પુત્ર: ‘તેને દસ માર્ક મળ્યા.’

¤¤¤

રમેશ: ‘આ ઓપરેશનથી મને કંઈ થઈ જાય તો તું આ ડોક્ટર સાથે લગ્ન કરી લેજે.’

પત્ની: ‘આવું કેમ કહી રહ્યા છો?’

રમેશ: ‘ડોક્ટર સાથે બદલો લેવાનો આ એક જ ઉપાય છે.’

¤¤¤

ફ્રી લંચ, ફ્રી ડીનર, ફ્રી સ્ટે, ફ્રી સિક્યોરીટી. સાથ મેં સંજયદત્ત કે સાથ રોજ ડીનર. બોલો, રસ છે? તો 100 નંબર ડાયલ કરીને કહો કે બોમ્બે બ્લાસ્ટમાં તમારો હાથ હતો!’

¤¤¤

મગનને કોઈ મોબાઈલ પર વારેઘડીએ સતાવી રહ્યું હતું. મગને નવી સિમ ખરીદી અને તેને મેસેજ કરી દીધો: 'મેં તો એ નંબર જ બંધ કરી નાખ્યો. હવે તું શું તારો બાપ પણ મને સતાવી નહીં શકે.'

¤¤¤

'ડૉક્ટર સાહેબ! તમે ચામડીનાં દર્દોના ડોક્ટર જ શા માટે બન્યા?'

'એમાં ત્રણ લાભ છે. એક તો ચામડીના દર્દનો રોગી આ રોગને જ કારણે કદી મૃત્યુ પામતો નથી. તેથી અપયશ મળે નહીં! બીજું કારણ એ કે આવા રોગીઓ ડૉક્ટરને અડધી રાતે જગાડીને પજવતા નથી. અને ત્રીજું કારણ એ છે કે, આવા રોગો સામાન્ય રીતે જીવનભર મટતા નથી!'

¤¤¤

એક નાનું બે બેઠકોવાળું પ્લેન એક કબ્રસ્તાનમાં તૂટી પડ્યું.

છેલ્લા સમાચાર છે કે પાકિસ્તાની લશ્કરની બચાવ ટુકડીએ અત્યાર સુધીમાં ત્રણસો જેટલા મૃતદેહો બહાર કાઢ્યા છે ને હજુ વધારે મળવાની શક્યતા છે. ખોદકામ રાતે પણ ચાલુ રહેવાનું છે.

¤¤¤

સંતા પ્લેટફોર્મ પર ઊભો હતો અને અચાનક જ ટ્રેનના પાટા પર કૂદી ગયો.

બંતા: 'અરે, તું મરી જઈશ.'

સંતા: 'અરે, બુધ્ધુ તું મરી જઈશ, તે સાંભળ્યું નહીં કે ટ્રેન પ્લેટફોર્મ પર આવી રહી છે.'

¤¤¤

એક પ્લેન ટેક ઑફ માટે જતાં અડધેથી પાછું લાવવામાં આવ્યું. પછી માંડ કલાક પછી એને ઉપાડવામાં આવ્યું.

એક પેસેન્જરે એટેન્ડન્ટને પૂછ્યું: 'પ્લેનને કેમ મોડું કરવામાં આવ્યું?'

એટેન્ડન્ટ કહે: 'ખાસ કાંઈ ન હતું. પાયલોટને પ્લેનના એંજીનમાં કોઈક ખોટો અવાજ આવતો લાગ્યો એટલે પ્લેન પાછું લાવવામાં આવ્યું હતું. અમારે બીજા પાયલોટની વ્યવસ્થા કરવામાં એક કલાક થયો.'

¤¤¤

નરેશ: 'ઈન્ટરનેટમાં 'ગૂગલ' પર કોઈ નામ સર્ચમાં લખવાથી તે મળી જાય છે....!'

રમેશ: 'તો કાંતામાસી લખને જરા!'

નરેશ: 'એ કોણ છે?'

રમેશ: 'એ અમારી કામવાળી છે. સુરતમાં પૂર આવ્યું ત્યાર પછી પાછી જ નથી આવી, કદાચ ગૂગલમાં મળી જાય તો જો..ને!'

¤¤¤

પત્ની પોતાના ડોક્ટર પતિને એકવાર કહે: 'તમે બીજાને પાન-સિગારેટ છોડવાનું કહો છો અને પોતે તો આખો દિવસ આને ફૂંકે રાખો છો. આવું કેમ?'

પતિ: 'જો હું ખુદ ફૂંકીશ નહીં તો એનાથી થતા નુકસાનની મને જાણ કેવી રીતે થશે?'

¤¤¤

પતિ: 'આજે કોણ જાણે કોનું મોઢું જોયું હતું કે આખો દિવસ ખાવાનું ન મળ્યું?'

પત્ની: 'મારું માનો તો, બેડરૂમમાંથી અરીસો હટાવી લો, નહિ તો રોજે-રોજ આ જ ફરિયાદ રહેશે.'

¤¤¤

ટ્રફિકના એક સામાન્ય ગુનાને કારણે એક ન્યૂ યોર્કવાસીને કોર્ટમાં આવવું પડેલું. ચાર કલાકની વાટ જોયા પછી જ્યારે એવે વારો આવ્યો ત્યારે જજ કહે: આજે કોર્ટ એડજર્ન થાય છે. બાકીનાએ કાલે સવારે સમયસર હાજર રહેવાની તાકીદ કરવામાં આવે છે.'

'કાલે શા માટે?' થાકેલા એ માણસે પૂછ્યું.

'તમે આ સવાલ પૂછીને કોર્ટનું અપમાન કર્યું છે. વીસ ડોલર દંડ.'

પેલા માણસે ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું એ જોઈ જજ કહે: 'દંડની રકમ અત્યારે જ આપવાની જરૂર નથી, કાલે કેસ વખતે આપશો તોય ચાલશે.'

પેલો કહે: 'હું તો મારા પાકીટમાં એ જોવા માગતો હતો કે બીજો એક સવાલ પૂછવા માટે બીજા વીસ ડોલર એમાં છે કે નહીં.'

¤¤¤

સંતા પોતાના બાળકોને બાળક-ગાડીમાં ફેરવી રહ્યો હતો, જે કોઈ પણ મળતું તે પૂછતું, કેમ સંતા પોતાનાં બાળકોને ફેરવી રહ્યા છો?'

સંતાએ ગુસ્સાથી એક વ્યક્તિને જવાબ આપ્યો: 'મારાં નહીં, ગધેડાનાં બાળકો છે.'

'તેથી જ તો તમારા જેવાં દેખાઈ રહ્યાં છે.' એક જણે કહ્યું.

¤¤¤

ઠોઠ વિદ્યાર્થી: 'પણ સાહેબ, મને શૂન્ય માર્ક તો ન જ મળવા જોઈએ એમ મને લાગે છે.'

શિક્ષક: 'મને પણ એમ જ લાગે છે, પણ હું લાચાર હતો, શૂન્યથી ઓછા માર્ક આપવાનો મને અધિકાર નથી.'

¤¤¤

લાંચ અંગેનો કેસ ચાલતો હતો. વકીલે સાક્ષીને પૂછ્યું: 'તમે આ કેસ લૂલો પાડવા માટે પાંચ હજાર રૂપિયાની લાંચ લીધી છે?'

જવાબ આપવાને બદલે સાક્ષી બારીની બહાર જોઈ રહ્યો હતો. વકીલે ફરીથી એ જ પ્રશ્ન પૂછ્યો તોય સાક્ષી શાંત રહ્યો.

છેવટે જજે વચમાં પૂરાતાં સાક્ષીને પૂછ્યું: 'તમે વકીલના પ્રશ્નનો જવાબ કેમ નથી આપતા?'

'મને એમ હતું કે વકીલે તમને પ્રશ્ન પૂછ્યો છે, નામદાર.'

¤¤¤

નિશાળમાં એક દિવસ બહુ ભણવાનું થયું પછી થાક્યો પાક્યો ઘેર આવેલો નાનો મહેશ એની મમ્મીને કહેઃ ‘હું જૂના જમાનામાં જનમ્યો હોત તો કેવું સારુ થાત!’

‘કેમ એમ કહે છે, બેટા?’ મહેશની મમ્મીએ પૂછ્યું.

મહેશ કહેઃ ‘કારણ કે મારે આટલો બધો ઈતિહાસ ભણવો પડત નહીં ને!’

¤¤¤

એક દાદા તેમની 125 મી વર્ષગાંઠ ઉજવતા હતા. એટલે છાપાવાળાઓએ તેમનો ઈન્ટરવ્યુ ગોઠવ્યો. પૂછ્યુંઃ ‘દાદા, આપની આટલી લાંબી જિંદગીનું કારણ શું લાગે છે આપને?’

દાદાએ ઘડીભર વિચાર કરીને કહ્યું: ‘મને તો લાગે છે કે તેનું કારણ એ હશે કે હું આટલાં બધાં વર્ષો અગાઉ જન્મેલો.’

¤¤¤

સંતાઃ ‘માણસ પત્નીથી પણ વધુ કોમ્પ્યૂટર પાછળ પાગલ કેમ બને છે?’

બંતાઃ ‘કંટ્રોલ કી ને કારણે.’

¤¤¤

'અરે ભાઈ, આ ટુવાલની કિંમત કેટલી છે?'

'પંદર રૂપિયા....'

'દસ રૂપિયામાં આપવો છે?'

'ના રે! બાર રૂપિયે તો ઘરમાં પડે છે!' વેપારી બોલ્યો.

'તો હું તમારે ઘેર આવીને લઈ જઈશ.'

¤¤¤

આખરે આરામથી લંચ પતાવીને થોડો આરામ કરીને

જજ કોર્ટમાં આવ્યા. પહેલો જ કેસ એક પીધેલા ડ્રાઈવરનો હતો. એનું કહેવું એમ હતું કે પોલીસે એના પર ખોટો જ આરોપ લગાવ્યો હતો. એણે કહ્યું: ‘સાહેબ હું તમારા જેટલો જ સ્વસ્થ છું.’

જજ કહે: ‘તેં ગુનો કબુલ કરી લીધો છે એટલે તને એક મહિનાની સાદી કેદવી સજા કરું છું.’

નામદાર પણ ક્યાં સોબર હતા?

¤¤¤

‘તમે માનશો મારા દાદાને એમના મરણની તારીખ અને સમયની અગાઉથી જાણ થઈ ગયોલી.’

‘એ તો આશ્ચર્ય કહેવાય. એવું કેવી રીતે બની શકે?’

‘એમને એક મહિના પહેલાં જ કોર્ટમાં જજે કહેલું.’

¤¤¤

પત્ની સાથે ઝઘડો થતાં પતિએ પત્નીને ગુસ્સામાં કહી દીધું કે 'બસ હવે તો હું 10મા માળેથી આપઘાત કરવા જાઉં છું.'

બિચારી પત્ની તો અવાક્ જ થઈ ગઈ. પછી તેને યાદ આવ્યું કે તેમનું મકાન તો ફક્ત બે માળનું જ હતું. તેણે કહ્યું: ‘પણ આપણું મકાન તો બે જ માળનું છે.’

તો પતિએ રોફભેર કહ્યું: 'તો શું છે? હું પાંચ વાર ઠેકડો મારીશ.'

¤¤¤

પત્ની: 'લગ્ન પહેલાં તમે એવું બોલતા હતા ને કે તારા માટે ચાંદ લઈ આવું, તારા તોડી લાવું!'

પતિ: 'એ તો હું હજી કહું છું!'

પત્ની: 'તો, આજે જરા શાક લઈ આવો ને?'

પતિ: 'એવું મેં ક્યાં કહ્યું હતું?'

¤¤¤

એક બહુ પ્રમાણિક જજની આ વાત છે. એમણે બેય પક્ષના વકીલોને પોતાની ચેમ્બરમાં બોલાવ્યા અને કહ્યું: ‘તમારામાંના એક જણે મને પંદર હજાર રૂપિયાની લાંચ આપી છે ને બીજાએ દસ હજારની લાંચ આપી છે. હું બહુ પ્રમાણિક જજ છું. મારે તમારો ખોટો લાભ લેવો નથી. મી. ગાંધી તમે આ તમારા વધારાના પાંચ હજાર રૂપિયા પાછા લો. હવે તમારા બેયના સરખા થયા એટલે કેસનો ફેંસલો સાચની તરફેણમાં કરવામાં મને વાંધો નહીં આવે.’

¤¤¤

છોટુની પત્ની છોટુને કહી રહી હતી: 'આવું શું બોલ બોલ કરો છો તમે? 'મારું ઘર', 'મારી કાર', 'મારાં બાળકો' એમ કહેવા કરતાં તમે 'આપણું' શબ્દ વાપરતા હો તો! ભાષા તો જરા સુધારો. ચાલો ઠીક છે, હવે એ તો કહો કે આ કબાટમાં ક્યારના તમે શું શોધો છો?'

છોટુ: 'આપણું પાટલૂન શોધું છું.'

¤¤¤

મદન પર મર્સીડીસ ગાડી ચોરવાનો આરોપ હતો. એના કાબેલ વકીલે એવી સચોટ દલીલો કરી કે એ નિર્દોષ છૂટી ગયો.

બે દિવસ પછી એ બીજા એક વકીલ પાસે ગયો. એ કહે: ‘મારે મારા એ વકીલ સામે કેસ કરવો છે.’

‘હવે શું થયું? એણે તો તને નિર્દોષ છોડાવ્યો છે.’

મારી પાસે એની ફી ચુકવવાના પૈસા ન હતો એટલે એ મારી મર્સીડીસ લઈ ગયો છે.’

વકીલ: ‘તારો કેસ હું જરૂર લડી આપીશ પણ તારી

પાસે બીજી મર્સીડીસ ગાડી છે?'

¤¤¤

ધોરાજીના બે રહેવાસી રાજકોટમાં ભેગા થઈ ગયા.

'કાં, કેમ છે ધંધાપાણી?'

'ઠીકઠીક છે, ભલા.'

'તો મને એક દસ રૂપિયા રૂપિયા ઉછીના દેશો?'

'હું કેવી રીતે દઉં? હું તો તમને ઓળખતોય નથી!'

'ઈ જ મોંકાણ છે ને! અહીં રાજકોટમાં કોઈ ધીરે નહિ કારણ કે મને કોઈ ઓળખતું નથી. અને ધોરાજીમાં કોઈ ધીરે નહિ, કેમ કે ત્યાં સહુ મને ઓળખે.'

¤¤¤

લાલી: 'પપ્પા, મારું હોમવર્ક કરી આપો ને!'

પપ્પા: 'ના, અત્યારે માથું ખંજવાળવાનો પણ ટાઈમ નથી.'

લાલી: 'લાવો, હું તમારું માથું ખંજવાળું તમે મારું હોમવર્ક કરી આપો.'

¤¤¤

'એક બલ્બ બદલવા માટે કેટલા વકીલ જોઈએ?'

'ચાર. એક સીડી પર ચઢવા માટે, બીજો સીડી પકડી રાખવા માટે, ત્રીજો સીડી હલાવવા માટે અને ચોથો એ સીડી બનાવનાર કંપની પર દાવો ઠોકી દેવા માટે.'

¤¤¤

હવાલદાર: 'સાહેબ, પેલી અપહરણ થયેલી છોકરીને હું છોડાવી લાવ્યો છું.'

ઈન્સ્પેક્ટર: 'એણે અપહરણકર્તા સાથે લગ્ન કરી લીધાં

છે અને એના પતિએ હાલ તારા ઉપર અપહરણનો આરોપ મૂક્યો છે!'

¤¤¤

જ્યોતિષે ટ્રક ડ્રાઈવરને કહ્યું: ‘એક સુંદર સ્ત્રી તમારા માર્ગમાં આવશે, સાવધાન રહેજો.’

ટ્રક ડ્રાઈવર કહે: ‘મારે સાવધાન રહેવાની શું જરૂર સાવધાન તો એણે રહેવાનું છે.’

¤¤¤

તમને ખબર છે કે એક વખત પોસ્ટખાતાએ પ્રખ્યાત વકીલોની ટપાલ ટિકિટો બહાર પાડી હતી પણ એમણે એને એક જ અઠવાડિયામાં પાછી ખેંચી લેવી પડી હતી.

લોકોને સમજણ જ નહોતી પડતી કે ટિકિટ પર કઈ બાજુએ થૂંક લગાડવી!

¤¤¤

એક સ્ટેશને આવેલી ગાડીમાંથી મુસાફરે બૂમ મારી: 'એ લારીવાળા, રૂપિયાનાં ગરમાગરમ ભજીયાં આલજે, ને મરચાંનો સંભાર ને આંબલીની ચટણી મહીં સારી પેઠે નાખજે અને અલ્યા, બધું આજના છાપામાં વીંટીને લાવજે!’

¤¤¤

એકવાર બંતા છાશને ફૂંકી ફૂંકીને પી રહ્યો હતો, ત્યાં સંતાએ આવીને કહ્યું: ‘અરે, તું છાશને કેમ ફૂંકીને પીવે છે?’

બંતા બોલ્યો: ‘અરે, તે સાંભળ્યું નથી કે દૂધના દાઝેલા છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે છે?’

સંતા બોલ્યો: ‘પણ હવે તો જમાનો બદલાઈ ગયો છે. હવે લોકો છાશમાં બરફ નાખીને પીવે છે.’

¤¤¤

એક મોટી વેપારી પેઢીનો સિનિયર પાર્ટનર મરણપથારિયે પડ્યો હતો. એની પાસે એનો છેલ્લાં પંદર વર્ષથી ભાગીદાર નયન બેઠો હતો.

‘નયન, હું હવે બે ઘડીનો મહેમાન છું ત્યારે મારે કબૂલ કરવું જોઈએ કે મારે છેલ્લાં સાત વરસથી તારી બૈરી સાથે આડો વહેવાર છે. તારી દીકરી મંદામાંય મારું લોહી છે અને છેલ્લાં પાંચ વરસથી હું પેઢીમાંથી વરસે પચાસ હજારનો ગફલો કરતો હતો. આ બધા માટે હું તારી માફી માગું છું.’

નયન: ‘હવે છેલ્લી ઘડીએ એવો બોજા મન પર રાખીશ નહીં. તારી દવામાં મેં જ ઝેર ભેળવી દીધું છે અને તેં હમણાં વાંચ્યા વગર જે પેપર પર સાઈન કરી એમાં તારા ભાગમાંથી પચીસ ટકા શેર તેં મારે નામે ટ્રાન્સફર કરી દીધા છે એવું લખાણ હતું.’

¤¤¤

ભાડુઆત (મકાનમાલિકને): 'કાલે આખી રાત વરસાદ પડ્યો. છતમાંથી ખાસ્સું પાણી ટપકતું હતું. હું તો આખો નાહી ગયો! હવે આ માટે આપ શું કરશો?'

મકાનમાલિક: 'આજે પણ વરસાદ છે. હું તમારા માટે સાબુ અને ટુવાલ લઈને આવું છું.'

¤¤¤

મહિલા(બહેનપણીને): ‘તે તારા માટે લાંબો પતિ કેમ પસંદ કર્યો?’

બહેનપણી: ‘કારણ કે જ્યારે હું વાત કરું તો માથું ઉચકીને કરું અને એ વાત કરે તો માથું નમાવી.’

¤¤¤

એક માણસ મરણપથારિયે પડ્યો હતો. ડૉક્ટરે કહ્યું: ‘હવે એક જ ઉપાય છે. તેમને બચાવવાનો, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ.

સારે નસીબે આજે જ બે હાર્ટ આવ્યાં છે. એક છે કોઈ સામાજિક કાર્યકરનું ને બીજું છે એક બહુ જાણીતા વકીલનું. બોલો તમારે એમાંનું કયું હાર્ટ પ્લાન્ટ કરાવવું છે?'

દર્દી: 'વકીલનું, કારણ કે સામાજિક કાર્યકરનું હાર્ટ તો લોકોનાં દુખો જોઈને નરમ પડી ગયું હશે પણ વકીલનું હાર્ટ બિલકુલ વપરાયા વગરનું.'

¤¤¤

ઑફિસરઃ 'તારા હાથમાં આ શેનો કાગળ છે?'

પટાવાળોઃ 'સાહેબ, એ મારું ટી.એ. બિલ છે.'

ઑફિસરઃ 'પણ તું ટૂર પર તો ગયો નથી.'

પટાવાળોઃ 'આપે તો, સાહેબ! ગઈ કાલે આપના ગુમ થઈ ગયેલા કૂતરાને શોધવા મને જંગલમાં મોકલ્યો હતો, એટલામાં ભૂલી ગયા?'

¤¤¤

એક સરદાર ને રસ્તા પર સાઈકલનું પેન્ડલ મળ્યું તેને ઉપાડીને તે પોતાને ઘેર લઈ આવ્યા અને પત્નીને કહ્યું: 'આને સંભાળીને રાખો આમાં સાઈકલ નંખાવી દેશું.'

¤¤¤

મરણ પથારિયે પડેલો એક વકીલ ગીતા વાંચતો હતો. એમાં કોઈ છટકબારી રહી ગઈ હોય તો એ કદાચ શોધતો હશે!

¤¤¤

કવિરાજ નિરાશવદને બેઠેલા. ત્યાં એક મિત્રે આવીને પૂછયુંઃ 'શું થયું?'

'શું થયું શું? હમણાં જ લખેલી મારી કવિતાઓની નવી ડાયરી મારા બે વરસના બાબાએ સગડીમાં નાખી દીધી.'

મિત્રે કહ્યુંઃ 'અભિનંદન, તારે તો ખુશ થવું જોઈએ. તું

ઘણો જ નસીબદાર છે કે આટલી નાની ઉંમરે પણ તારા બાબાને વાંચતાં આવડી ગયું છે.'

¤¤¤

બોસ: 'દિવાળીની પાર્ટીમાં મેં તને કીસ કરી એનો અર્થ એવો નહીં કે તું આમ કામમાં ધ્યાન નહીં આપે ને જેમ ફાવે તેમ વર્તીશ એ હું ચલાવી લઈશ.'

સેક્રેટરી: 'તમારી વાત તો તમે જાણો પણ હું તો મારા વકીલની સલાહ મુજબ વર્તી રહી છું.'

¤¤¤

છોકરીની છેડતીનો એક કેસ ચાલી રહ્યો હતો. જજે યુવતીને પૂછ્યું: 'શું તમે આ યુવકને જાણો છો?'

'હા, આ એ જ છે જેણે મારી સાથે છેડતી કરી હતી.' યુવતીએ યુવક તરફ હાથ કરીને કહ્યું.

જજે પૂછ્યું: 'આણે તમારી છેડતી ક્યારે કરી હતી?'

યુવતીએ શરમાઈને કહ્યું: 'જી, જૂન, જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં.'

¤¤¤

પતિએ પત્નીને કહ્યું: 'પ્રિયે, જુઓ આ વખતે આપણે જન્મદિવસ પર સામાન ઓછો મંગાવીશું. મોંઘવારી ખૂબ વધી ગઈ છે. તેથી આપણે આપણા ખર્ચા ઓછા કરવા જોઈએ.'

પત્ની બોલી: 'તમે તો મારા મોઢાની વાત કહી દીધી. હું પણ વિચારી રહી છું કે આ વખતે જન્મદિવસ પર મીણબત્તીઓ થોડી ઓછી મંગાવીએ.'

¤¤¤

સરિતા: 'આ વખતે મારું વજન એક કિલો ઘટી ગયું.'

કમલા: 'કેમ, તેં નખ કાપી નાખ્યા?'

¤¤¤

એક વખત સ્વર્ગ અને નર્ક વચ્ચે જામી પડી. સ્વર્ગવાળા કહે: 'અમે સુપ્રિમ કોર્ટ સુધી લડી લઈશું.'

નર્કવાળા કહે: 'વકીલો ક્યાંથી લાવશો? વકીલો તો બધા અહીં છે.'

છેલ્લા સમાચાર છે કે સ્વર્ગવાળાઓએ લડવાનું માંડી વાર્યું છે.

¤¤¤

પત્ની: 'સામે રોડ પર જે ભિખારી બેઠો છે તે આંધળો હોવાનો ઢોંગ કરી રહ્યો છે.'

પતિ: 'કેમ, તે કંઈ રીતે જાણ્યું?'

પત્ની: 'કાલે તેણે મને કહ્યું, સુંદરી ભગવાનના નામે કાંઈક આપતી જા.'

પતિ: 'તેણે તને સુંદરી કહ્યું હવે તો મને વિશ્વાસ થઈ ગયો કે તે સાચે જ આંધળો છે.'

¤¤¤

પુત્ર: 'પિતાજી, એવું કદી થાય કે આપણે કોઈની ભૂલ બદલ તેને શુભેચ્છા આપીએ?'

પિતાજી: 'હા, થાય છે ને જ્યારે કોઈનું લગ્ન થઈ રહ્યું હોય.'

¤¤¤

શિક્ષક: 'નટખટ, તને દશ દાખલા ગણવા આપેલા ને તું એક જ દાખલો ગણીને લાવ્યો છે?'

નટખટ: 'પણ સાહેબ, તમે જ તો કહેતા હતા કે આપણે થોડામાં સંતોષ માનવો જોઈએ!'

¤¤¤

મોહન: ‘પિતાજી, ગુરુજનોની આજ્ઞાનું પાલન કરવું જોઈએ ને?’

પિતા: ‘જરૂર, બેટા.’

મોહન: ‘તો પછી મારા ગુરુજી કહે છે કે હું ફરી છઠ્ઠા ધોરણમાં બેસી જાઉં. મારે એમની આજ્ઞા માનવી જોઈએ ને, પિતાજી?’

¤¤¤

સંતા (બંતાને): ‘દોસ્ત જો હું પાંચ કિલો ખાંડ ખાઈ જાઉં તો તું મને શું આપે?’

બંતા: ‘હોસ્પિટલ જવાનું ભાડું.’

¤¤¤

ગ્રાહક (દુકાનદારને): ‘કૂતરાના ગળાનો પટ્ટો બતાવજો.’

દુકાનદાર: ‘આ લો, પરંતું એ તો કહો કે કૂતરો ક્યાં છે, નાખીને જોવું પડશે.’

ગ્રાહક: ‘હું મારા જ ગળામાં નાખી જોઉં છું.’

દુકાનદાર: ‘તો શું કૂતરા માટે બીજો કાઢું?’

¤¤¤

અકસ્માતના એક કેસમાં સરકારી વકીલ સાક્ષીની ઊલટતપાસ કરતાં: ‘અકસ્માત થયો એ જગાથી તમે કેટલા દૂર હતા?’

સાક્ષી: ‘એકત્રીસ ફીટ ને સવા છ ઈંચ.’

સરકારી વકીલને લાગ્યું કે આ શિખવાડી મૂકેલો જવાબ હતો. એણે પૂછ્યું: ‘તમે આટલું ચેક્કસ કેની રીતે કહી શકો?’

‘સાહેબ મને તે વખતે જ લાગ્યું હતું કે કોઈ ચીકણો વકીલ આવો સવાલ પૂછશે એટલે મેં મેજર ટેપથી એ અંતર માપીને ડાયરીમાં નોંધી રાખ્યું છે.’

¤¤¤

છગને સ્કુટરવાળા મિત્ર મગનને કહ્યું: 'ચાલ સ્ટેશને જઈએ. મારો એક મિત્ર આવવાનો છે... હું તને 50 રૂ. આપીશ.'

‘પણ માન કે તારો મિત્ર ન આવે તો?' મગને શંકા વ્યક્ત કરી.

'જો ન આવે તો...' છગન બોલ્યો: 'હું તને 100 રૂ. આપીશ અને ફર્સ્ટકલાસ હોટલમાં ફર્સ્ટકલાસ જમાડીશ.'

¤¤¤

સંતા અને બંતા ઘણા રંગીન મૂડમાં વાતો કરતા કરતા હોટલથી બહાર નીકળ્યા. અચાનક સામે બે સ્ત્રીઓને આવતી જોઈ તેઓ થંભી ગયા.

સંતાએ સંતાવાની કોશિશ કરી ને ગભરાતાં-ગભરાતાં કહ્યું: ‘હે ભગવાન, મારી પત્ની અને પ્રેમિકા એક સાથે આવી રહી છે.’

બંતા બોલ્યો: ‘મજાક ન કર, એ તો મારી પત્ની અને મારી પ્રેમિકા છે.’

¤¤¤

એક બોક્સર રેફરી ને એક વકીલ વચ્ચે બહુ મોટો તફાવત છે.

બોક્સર રેફરીને લડાઈ લાંબી ચાલે એ માટે કશું વધારાનું વેતન મળતું નથી.

¤¤¤

તાજો વકીલ થયેલો એક જુવાનિયો એક પૈસાદાર

અસીલનો કેસ લડી રહ્યો હતો. એણે પોતાના બહુ જાણીતા વકીલ મિત્રને પૂછ્યું: 'જો હું ન્યાયાધિશને વ્હીસ્કીનું એક કેસ મોકલી આપું તો કેસનો ફેંસલો મારી તરફેણમાં આવે ને!'

પેલો વકીલ દોસ્ત તો આશ્ચર્ય પામી ગયો. એ કહે: 'ભૂલેચૂકેય એવું ન કરતો. એ ન્યાયાધિશ બહુ પ્રામાણિક છે. જો આમ કરીશ તો તું કેસ હારી જ જઈશ.'

મહિના પછી કેસનો ચુકાદો આવ્યો. પેલો વકીલ કેસ જીતી ગયો હતો. પેલો જાણીતો વકીલ કહે: 'તેં તે દિવસે મને પૂછ્યું હતું એ સારું જ થયું ને!'

તો પહેલો વકીલ કહે: 'મેં તો ન્યાયાધિશને બજારમાં મળતી હલકામાં હલકી જાતની વ્હીસ્કીનું કેસ સામી પાર્ટીને નામે મોકલી જ આપ્યું હતું.'

¤¤¤

મેજિસ્ટ્રેટ: 'હું કેસનો ચુકાદો આપું તે પહેલાં તમારે કાંઈ ઉમેરવાનું છે?'

'ના, નામદાર. મારી પાસેની પાઈએ પાઈ મારા વકીલે લઈ લીધી છે. હવે મારાથી કશું ઉમેરી શકાય એમ નથી.'

¤¤¤